દરરોજ સવારે રાજકોટ થી પ્રસિદ્ધ થતું

RNI Title Code No. GUJGUJ18141

દૈનિક
# મુંબઈ તરંગ

વર્ષ - 2 ❖ અંક - 258 ❖ સોમવાર 28 એપ્રિલ 2025 ❖ તંત્રી : કાંતિલાલ એ પટેલ ❖ પાનાં 8 ₹3/-

www.mumbaitarang.com Email : mumbaitarangnews@gmail.com


આજ નો સુવિચાર

**સાચી દિશામાં પ્રયત્નો હંમેશા ફળ આપે છે.**

## સંક્ષિપ્ત સમાચાર

### પહલગામ હુમલા બાદ ઈતિહાસમાં પહેલીવાર સુપ્રીમ કોર્ટે લીધો આ નિર્ણય

પહલગામમાં 22 એપ્રિલના રોજ આતંકી હુમલામાં 28 લોકોના મોત થયા હતા. આ ઘટના બાદ સુપ્રીમ કોર્ટે બુધવારે પહલગામ આતંકવાદી હુમલાની નિંદા કરી અને પીડિતોને શ્રદ્ધાંજલી આપવા માટે એક મિનિટનું મૌન પાળ્યું હતું. બરાબર 2:00 વાગ્યે, નવી દિલ્હીમાં સુપ્રીમ કોર્ટ પરિસરમાં સાયરન વાગવા લાગ્યા. ન્યાયાધીશ, વકીલો, અરજદારો અને કોર્ટ સ્ટાફે સાથે ઉભા રહીને બે મિનિટનું મૌન પાળ્યું. આ પહેલી વાર હતું જ્યારે ભારતની સર્વોચ્ચ અદાલતે આતંકવાદી કૃત્ય પર સામૂહિક અને ઔપચારિક પ્રતિક્રિયા આપી હોય.

મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપવા પાળે છે મૌન સુપ્રીમ કોર્ટ 26/11ના મુંબઈ હુમલા જેવા અગાઉના આતંકવાદી હુમલાઓ દરમિયાન પણ આવી પ્રતિક્રિયાથી દૂર રહી હતી. પરંતુ પરંપરાગત રીતે, કોર્ટ દર વર્ષે 30 જાન્યુઆરીએ મહાત્મા ગાંધીની પૂણ્યતિથીએ સવારે 11:00 વાગ્યે બે મિનિટનું મૌન પાળે છે.ભૂષણ આર ગવઈએ કરી પહેલવરિષ્ઠ કોર્ટ અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ પહેલ જસ્ટિસ ભૂષણ આર ગવઈ દ્વારા કરવામાં આવી હતી, જેઓ સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ છે અને મુખ્ય ન્યાયાધીશ બનવાના દાવેદાર છે.

## આતંકવાદીઓએ ધર્મ નહીં પૂછ્યો હોય', પહલગામ મુદ્દે કર્ણાટકના મંત્રીના નિવેદન પર વિવાદ



કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ પહલગાવ આતંકી હુમલાને લઈને પાકિસ્તાન સાથે યુદ્ધના પક્ષમાં ન હોવાના નિવેદન આપ્યાના એક દિવસ બાદ સરકારના એક મંત્રીએ તેમના નિવેદનથી વધુ એક વિવાદ ઉભો કર્યો છે. તેમના મંત્રીએ કહ્યું કે, 'આતંકવાદીઓ તેમના નિશાના પર હુમલો કરતા પહેલા તેમનો ધર્મ પૂછતા નથી.'આ પણ વાંચો: 'મારો આર્મીવાળો ભાઈ ના હોત તો 30-40 વધુ મર્યા હોત.. ', પહલગામમાં આતંકીઓના તાંડવની આંખો-દેખી''હું નથી માનતો કે હત્યારાઓએ ગોળીબાર કરતા પહેલા કોઈને ધર્મ પૂછ્યો હશે'કર્ણાટકના આબકારી મંત્રી આરબી તિમ્માપુરે મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, 'મને નથી લાગતું કે હત્યારાઓએ ગોળીબાર કરતા પહેલા કોઈનો ધર્મ પૂછ્યો હશે. જે વ્યક્તિ ગોળીબાર કરી રહ્યો છે, શું તે જાતિ કે ધર્મ પૂછશે? તે ફક્ત ગોળીબાર કરીને જતો રહેશે. તમે જ વિચારો કે, તે ત્યાં ઊભા રહીને નહીં પૂછે અને પછી ગોળીબાર પણ નહીં કરે.' તેમણે કહ્યું કે, દેશ આ ઘૃણાસ્પદ હુમલાથી નારાજ છે અને આરોપ લગાવ્યો છે કે તેને ધાર્મિક મુદ્દા તરીકે રજૂ કરવાનું કાવતરું છે.કોંગ્રેસ સરકારના મંત્રીએ કહ્યું કે, 'મને લાગે છે કે જ્યારે તેઓ આતંકવાદી હુમલો કરી રહ્યા હતા ત્યારે તેઓએ ધર્મ વિશે પૂછ્યું ન હતું.

## 'પહલગામ પીડિત પરિવારોને ન્યાય મળશે', મન કી બાત કાર્યક્રમમાં પીએમ મોદીએ દેશને ખાતરી આપી

22 એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના 'મન કી બાત કાર્યક્રમ' માં ફરી એકવાર આતંકવાદનો મુદ્દો ઉઠાવ્યો અને પહલગામના પીડિત પરિવારોને ન્યાય અપાવવાની ખાતરી પણ આપી.



આ પહેલા તેમણે બિહારમાં એક ચૂંટણી સભામાં પણ જમ્મુ-કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલાના પીડિતોને શ્રદ્ધાંજલિ આપી હતી. દરેક ભારતીયનું લોહી ઉકળી રહ્યું છે... પહલગામ મુદ્દે પીએમ મોદીએ કહ્યું કે, 'આજે જ્યારે હું તમારી સાથે 'મન કી બાત' વિશે વાત કરી રહ્યો છું, ત્યારે મારા હૃદયમાં પીડા છે. 22 એપ્રિલના રોજ પહલગામમાં થયેલી આતંકવાદી ઘટનાએ દેશના દરેક નાગરિકને દુઃખી કર્યો છે. દરેક ભારતીયને પીડિત પરિવારો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ છે. ભલે તે ગમે તે રાજ્યનો હોય કે ગમે તે ભાષા બોલતો હોય, દરેક ભારતીય આ હુમલામાં પોતાના પ્રિયજનો ગુમાવનારાઓનું દુઃખ અનુભવી રહ્યો છે. આતંકવાદી હુમલાની તસવીરો જોઈને મને લાગે છે કે દરેક ભારતીયનું લોહી ઉકળી રહ્યું છે.' દુશ્મનોને તે ગમ્યું નહીં... પીએમ મોદીએ કહ્યું, 'પહલગામમાં થયેલો આતંકવાદી હુમલો તેમની કાયરતા દર્શાવે છે. એવા સમયે જ્યારે કાશ્મીરમાં શાંતિ પાછી ફરી રહી હતી, શાળાઓ અને કોલેજો પ્રવૃત્તિઓથી ધમધમી રહી હતી, લોકશાહી મજબૂત થઈ રહી હતી, પર્યટન વધી રહ્યું હતું અને યુવાનો માટે નવી તકો ઉભી થઈ રહી હતી, પરંતુ જમ્મુ અને કાશ્મીર અને દેશના દુશ્મનોને આ ગમ્યું નહીં. આતંકવાદીઓ ફરી એકવાર કાશ્મીરનો નાશ કરવા માંગે છે.' આ લડાઈમાં આખું વિશ્વ, 140 કરોડ ભારતીયોની સાથે ઉભું છે પીએમ મોદીએ શોક વ્યક્ત કરતા કહ્યું, 'દરેક વ્યક્તિએ આ જઘન્ય આતંકવાદી હુમલાની સખત નિંદા કરી છે. તેમણે મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. આતંકવાદ સામેની આપણી લડાઈમાં આખું વિશ્વ, 140 કરોડ ભારતીયોની સાથે ઉભું છે.'

પીએમ મોદીએ કહ્યું- વૈશ્વિક નેતાઓએ મને ફોન કર્યો પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું, 'વૈશ્વિક નેતાઓએ મને ફોન કર્યો, પત્રો લખ્યા, સંદેશા મોકલ્યા. બધાએ આ જઘન્ય આતંકવાદી હુમલાની સખત નિંદા કરી છે. આતંકવાદ સામેની આપણી લડાઈમાં આખી દુનિયા, 1.4 અબજ ભારતીયોની સાથે ઉભી છે. ફરી એકવાર હું પીડિત પરિવારોને ખાતરી આપું છું કે તેમને ન્યાય મળશે. આ હુમલાના કાવતરાખોરો અને ગુનેગારોને કઠોર સજા મળશે.'

## 'મારો આર્મીવાળો ભાઈ ના હોત તો 30-40 વધુ મર્યા હોત.. ', પહલગામમાં આતંકીઓના તાંડવની આંખો-દેખી

22 એપ્રિલના રોજ થયેલા પહલગામ આતંકવાદી હુમલાને આજે 5 દિવસ થઈ ગયા છે, પરંતુ તેના ઘા હજુ પણ તાજા છે. બૈસરન ઘાટીમાં પોતાના સ્વજનો ગુમાવ્યા બાદ ઘણા પરિવારોમાં શોકનું વાતાવરણ છે, જ્યારે ઘણા લોકોએ મૃત્યુના આ દ્રશ્યને ખૂબ નજીકથી જોયું છે. એવામાં ઘણા લોકો સોશિયલ મીડયા પર આપવીતી જણાવતા વીડિયો વાઈરલ થઈ રહ્યા છે. એવા હજુ એક વ્યક્તિએ સોશિયલ મીડિયા પર આપવીતી જણાવી છે. રજા માણવા આવેલા સૈન્ય અધિકારીએ 30-40 પ્રવાસીઓના જીવ બચાવ્યા જ્યારે બૈસરન ઘાટીમાં બપોરે લગભગ 2:30 વાગ્યે આતંકવાદીઓએ પ્રવાસીઓ પર હુમલો કર્યો, ત્યારે એક સેના અધિકારી પણ ત્યાં હાજર હતા. પરિવાર સાથે રજાઓ માણવા પહલગામ આવેલા આ અધિકારીએ 30-40 પ્રવાસીઓના જીવ બચાવ્યા. સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી મીડિયા રિપોર્ટ્સ અનુસાર કર્ણાટકના સોફ્ટવેર એન્જિનિયર પ્રસન્ન કુમાર ભટ્ટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર દાવો કર્યો છે કે, 'આતંકવાદી હુમલા દરમિયાન અમે પણ પહલગામની બૈસરન ઘાટીમાં હાજર હતા. પ્રસન્ન તેમના પત્ની, ભાઈ અને ભાભી સાથે શ્રીનગર અને પછી પહલગામની યાત્રા પર ગયા હતા. તેણે લખ્યું કે મારા ભાઈ આર્મી ઓફિસર છે અને તેમની સમજદારીને કારણે 30-40 લોકોના જીવ બચી ગયા.'માત્ર મુખ્ય દરવાજાથી જ પ્રવેશ હુમલા અંગે પ્રસન્ને આગળ જણાવ્યું હતું કે, '22 એપ્રિલના રોજ બપોરે 12 વાગ્યે અમે પહલગામ પહોંચ્યા, ત્યાંથી બૈસરણ ઘાટી માટે ઘોડો કર્યો અને 1:35 વાગ્યે અમે બૈસરણ ઘાટી પહોંચ્યા. ઘાટી સુધી પહોંચવાનો રસ્તો ખૂબ જ ઉબડખાબડ અને પથરાળ હતો. તેમજ ઘાટી ચારે તરફથી પાઈન વૃક્ષોથી ઘેરાયેલી છે. અમે મુખ્ય દરવાજામાંથી પ્રવેશ કર્યો અને ખીણની સુંદરતાને માણતા ચા પીધી. અમે રાત્રે 2 વાગ્યાની આસપાસ ઉઠ્યા અને મુખ્ય પ્રવેશદ્વારની સામેની બાજુએ ચાલ્યા ગયા.

### આ રીતે બચ્યો જીવ

જીવ બચવા બાબતે પ્રસન્ને લખ્યું કે, 'મારા ભાઈએ બધાને મુખ્ય દરવાજાથી દૂર જવા કહ્યું. અમારી આસપાસ, લગભગ 30-40 પ્રવાસીઓ પોતાનો જીવ બચાવવા માટે છુપાઈ રહ્યા હતા. અમે જોયું કે વાડ પાસે એક પાઈપ હતી અને તે જગ્યાએ વાડ થોડી ખુલ્લી હતી. મારા ભાઈએ બધાને વાડ નીચેથી પસાર થવા કહ્યું. બધા પ્રવાસીઓ એક પછી એક વાડ ઓળંગી ગયા. નીચે ઉતરવાનો રસ્તો ખૂબ જ કાદવવાળો અને લપસણો હતો. ઘણા પ્રવાસીઓ ત્યાં લપસ્યા પણ તેમ છતાં બધાના કોઈક રીતે જીવ બચી ગયા અને ત્યાંથી ભાગી ગયા અને આગળ વધીને ઝાડ પાછળ છુપાઈ ગયા.'આ મામલે પ્રસન્ને વધુમાં લખ્યું હતું કે, 'અમે ઝાડ પાછળ છુપાઈ તો ગયા પરંતુ અમને ખબર ન હતી કે આ જગ્યા સુરક્ષિત છે કે નહીં. અમને સમજાતું ન હતું કે અહીં જ છુપાઈ રહીએ કે પછી અહીંથી ભાગી જઈએ, પરંતુ મારા ભાઈએ 2:45 વાગ્યે શ્રીનગર આર્મી હેડક્વાટર પર ફોન કરીને આ હુમલાની જાણકારી આપી. અને ત્યાં જ છુપાયેલા હતા. ત્યારે જ અમને ભારતીય આર્મીના હેલિકોપ્ટર દેખાયા અને અમને આશા જાગી કે હવે બધુ સુરક્ષિત છે.'



આ AK-47 નો અવાજ છે. અહીં આતંકવાદી હુમલો થયો છે...પ્રસન્નએ કહ્યું, જ્યારે અમને ગોળીનો અવાજ સંભળાયો ત્યારે અમે મુખ્ય દરવાજાથી માત્ર 400 મીટર દૂર હતા. લગભગ 2:25 વાગ્યા હતા. આખી ઘાટીમાં શાંતિ ફેલાઈ ગઈ. કોઈને કંઈ સમજાયું નહીં. દૂર ઉભેલા લોકો હજુ પણ રજાઓનો આનંદ માણી રહ્યા હતા. જોકે મારા આર્મી ઓફિસર ભાઈએ તરત જ આ અવાજ ઓળખી લીધો. તેણે કહ્યું કે આ AK-47 નો અવાજ છે. અહીં આતંકવાદી હુમલો થયો છે. જેથી અમે ઝડપથી દોડીને ટોઈલેટ પાછળ છુપાઈ ગયા. મુખ્ય પ્રવેશ દ્વાર પર જ ઉભા હતા આતંકવાદી અમે મુખ્ય દરવાજા પાસે બે મૃતદેહો પડેલા જોયા. ઘાટીમાં હાજર પ્રવાસીઓમાં નાસભાગ મચી ગઈ.

બધા ઘાટીમાંથી ભાગી જવાનો પ્રયાસ કરવા લાગ્યા. આશ્ચર્ય ત્યારે થયું જ્યારે ખબર પડી કે આખી ઘાટી ચારે બાજુ વાડથી ઘેરાયેલી હતી અને ત્યાંથી બહાર નીકળવાનો એક જ રસ્તો હતો, તે મુખ્ય દરવાજો હતો, જ્યાં આતંકવાદીઓ પહેલેથી જ હાજર હતા. લોકોને દરવાજા તરફ આગળ વધતા જોઈને તેણે બધાને પકડી લીધા.

## BSF જવાન 4 દિવસથી પાકિસ્તાનની કેદમાં, ભૂલથી સરહદ ઓળંગી હતી, હવે ક્યારે પાછો આવશે?



પહલગામમાં આતંકવાદી હુમલા બાદ બુધવારે BSFનો એક જવાન ભૂલથી આંતરરાષ્ટ્રીય સીમા પાર કરી પાકિસ્તાન જતા રહ્યા હતાં. તે ચાર દિવસથી પાકિસ્તાનની કસ્ટડીમાં છે. અત્યાર સુધી તેમને મુક્ત કરવામાં નથી આવ્યા. ભારત દ્વારા અનેકવાર વિનંતી કર્યા છતાં પર્ણબ કુમારની મુક્તિ પર પાકિસ્તાન તરફથી હજુ સુધી કોઈ પ્રતિક્રિયા આપવામાં નથી આવી. B S F ના એક અધિકારીએ જણાવ્યું કે, 'બુધવાર બપોરથી અમે પાકિસ્તાન તરફથી કોઈ સકારાત્મક પગલાંની પ્રતીક્ષા કરી રહ્યા છે, પરંતુ હજુ સુધી કોઈ સફળતા નથી મળી.'બેઠકમાં કોઈ પરિણામ ન આવ્યુંશુક્રવારે BSF અને પાકિસ્તાની રેન્જર્સ વચ્ચે થયેલી ફ્લેગ બેઠકમાં પણ પરિણામ નથી આવ્યું. આ ઘટના બાદ ત્રીજી ફ્લેગ બેઠક હતી જે BSFએ બોલાવી હતી. એક અધિકારીએ જણાવ્યું કે, 'અમે નક્કી કરવામાં આવેલી જગ્યાએ ઝંડો ઉઠાવીને પ્રોટોકોલ હેઠળ બેઠક માટે અમારી ઉપસ્થિતિ નોંધાવી. પરંતુ, શરૂઆતામાં પાકિસ્તાની રેન્જર્સ તરફથી કોઈ પ્રતિક્રિયા સામે નથી આવી. બાદમાં બપોરે તેઓ આવ્યા અને સવાલ કર્યો કે, જ્યારે સ્થિતિ સ્પષ્ટ છે તો બેઠક કેમ બોલાવવામાં આવી છે? પાકિસ્તાની રેન્જર્સે સૂચિત કર્યું કે, તે પોતાના વરિષ્ઠ અધિકારીઓના આદેશની રાહ જુએ છે અને એકવાર ફરી કોઈ પરિણામ વિના વાતચીત ખતમ થઈ ગઈ.'આ પણ વાંચો: 'મહિલાઓના સ્તન સ્પર્શવાનો પ્રયાસ કરવો એ દુષ્કર્મ ન ગણાય...' હવે કલકત્તા હાઈકોર્ટનો ચુકાદો વિવાદમાંપર્ણબ કુમાર પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના રહેવાસી છે. બુધવારે બપોરે સીમા પેસા ખેડૂતોની મદદ કરતા સમયે અજાણતા પાકિસ્તાની વિસ્તારમાં પ્રવેશ કર્યો હતો. BSFના અન્ય એક અધિકારીએ જણાવ્યું કે, 'ભારતીય સીમા પર તો બાડ છે, પરંતુ વાસ્તવિક આંતરરાષ્ટ્રીય સરહદ એક નાના થાંભલા દ્વારા ચિહ્નિત થયેલ છે, જેને નવા સૈનિકો માટે ઓળખવી મુશ્કેલ હોઈ શકે છે. ભારત સમયાંતરે માનવતાવાદી ધોરણે પાકિસ્તાની નાગરિકો અને સુરક્ષા કર્મચારીઓને પરત મોકલી રહ્યું છે, જે ભૂલથી આપણી સરહદમાં પ્રવેશ કરે છે.

## 'દમ હોય તો કહી બતાવે ભારતીય સૈન્ય હિન્દુ કે મુસ્લિમ...', શહીદ જવાનના ભાઈની હચમચાવી મૂકતી સ્પીચ

જમ્મુ અને કાશ્મીરના ઉધમપુર જિલ્લાના દુદા બસંતગઢ વિસ્તારમાં એન્ટી ટેરર ઓપરેશન દરમિયાન શહીદ થયેલા ભારતીય સેનાના સૈનિક ઝંટુ અલી શેખને પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લામાં તેમના વતનમાં સંપૂર્ણ લશ્કરી સન્માન સાથે દફનાવવામાં આવ્યા હતા. શહીદ જવાનના અંતિમ સંસ્કારમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. આ દરમિયાન ઝંટુ અલી શેખના ભાઈ રફીકુલ શેખ દ્વારા આપવામાં આવેલું ભાષણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યું છે. લોકો શહીદ જવાન અને તેમના પરિવારની વિચારસરણીને સલામ કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે, ઝંટુ અલી



શેખનો ભાઈ રફીકુલ શેખ પણ ભારતીય સેનામાં સુબેદાર છે. ઝંટુ અલી શેખ ભારતીય સેનાના 6 પેરા સ્પેશિયલ ફોર્સમાં હવાલદારના પદ પર હતો. તેણે આગ્રામાં પેરા કમાન્ડોની ટ્રેનિંગ પૂર્ણ કરી હતી. તે જમ્મુ અને કાશ્મીરમાં સેનાના વ્હાઈટ નાઈટ કોર્પ્સમાં પોસ્ટેડ હતો. પહેલગામ હુમલા બાદ સેનાને માહિતી મળી હતી કે, કેટલાક આતંકવાદીઓ જંગલોમાં છુપાયેલા છે. આ ગુપ્ત માહિતીના આધારે સુરક્ષા દળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું, જેમાં આતંકવાદીઓ સાથેની એન્કાઉન્ટરમાં ઝંટુ અલી શેખને ગોળી વાગી અને તે શહીદ થયો. 'મારા ભાઈને બે બાળકો છે. કૃપા કરીને તેમના માટે કંઈક વ્યવસ્થા કરો.'સુબેદાર રફીકુલે પોતાના ભાઈને દફનાવ્યા બાદ વાત કરી કરતાં કહ્યું કે, 'આતંકવાદીઓએ મારા ભાઈ ઝંટુ અલી પર પાછળથી હુમલો કર્યો. અમારું કામ તેની શહાદતનો બદલો લેવાનું છે. અમે બદલો લઈશું અથવા મરી જઈશું.' તેમણે સ્થાનિક લોકોને અપીલ કરી, 'મારા ભાઈને બે બાળકો છે. કૃપા કરીને તેમના માટે કંઈક વ્યવસ્થા કરો.' 'મને ગર્વ છે કે મારા ભાઈએ દેશ માટે પોતાનો જીવ આપ્યો છે'પોતાના ભાઈના બલિદાન પર વાત કરતાં તેમણે કહ્યું, 'મને ગર્વ છે કે મારા ભાઈએ દેશ માટે પોતાનો જીવ આપ્યો છે. દુખ અપાર છે. પરંતુ લાખોમાંથી થોડા લોકોને જ દેશ માટે મરવાની તક મળે છે. તે ફક્ત અમારા પરિવારનું ગૌરવ જ નહીં, પરંતુ સમગ્ર નાદિયા જિલ્લા અને બંગાળનું ગૌરવ છે.' મારા માટે દેશ પહેલા આવે છે અને પછી પરિવાર :સુબેદાર રફીકુલ સુબેદાર રફીકુલે પોતાના ભાઈના પગલે ચાલવાની ઈચ્છા વ્યક્ત કરી અને કહ્યું, 'હું મારા ભાઈના પુત્ર અને પુત્રીને સેનામાં મોકલવાનો પ્રયાસ કરીશ. મારા માટે દેશ પહેલા આવે છે અને પછી પરિવાર. મારી ફરજ પહેલા દેશ પ્રત્યે છે. હું દેશની સેવાને પહેલી પ્રાથમિકતા આપીશ. ભારતીય સેના કોઈ ચોક્કસ ક્ષેત્ર કે પ્રદેશના લોકોથી બનેલી નથી.

## ધીરેન્દ્ર શાસ્ત્રીએ આતંકવાદીઓની પરચી કેમ ન કાઢી? શંકરાચાર્ય અવિમુક્તેશ્વરાનંદનો આક્રોશ

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદે એક નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે, 'સરકારે પહેલા પોતાના દેશમાં છુપાયેલા આતંકવાદીઓને શોધવા જોઈએ.'આ પણ વાંચો : 'દમ હોય તો કહી બતાવે ભારતીય સૈન્ય હિન્દુ કે મુસ્લિમ...', શહીદ જવાનના ભાઈની હચમચાવી મૂકતી સ્પીચપહલગામ હુમલા પર સવાલ ઉઠાવતા શંકરાચાર્યએ કહ્યું કે, 'આતંકવાદીઓ દેશમાં કેવી રીતે ઘૂસ્યા? 40 મિનિટ સુધી તેઓ લોકોને મારતા રહ્યા અને પછી સરળતાથી ભાગી નીકળ્યા. તેમણે મોદી સરકાર પાસે આ મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરવાની માંગ કરી છે.લાંબા સમય સુધી આતંકવાદીઓ



મુક્તપણે કેવી રીતે ફર્યાસ્વામી અવિમુક્તેશ્વરાનંદ સરસ્વતીએ કહ્યું કે, 'જ્યાં સુધી આપણે આપણી અંદરના દુશ્મનોને નહીં ઓળખીએ, ત્યાં સુધી દેશની સુરક્ષા પર માત્ર વાતો જ ચાલુ રહેશે.

સુરક્ષામાં આટલી મોટી ખામી કેવી રીતે થઈ? આતંકવાદીઓ આટલા લાંબા સમય સુધી મુક્તપણે કેવી રીતે ફરતા રહ્યા? તેમજ, જ્યારે હુમલા પછી તરત જ આતંકવાદીઓના નામ અને ફોટા મળી જાય છે, તો પછી આ માહિતી પહેલા કેમ મળી ન હતી?''આ ઘટનાની પરચી કેમ ન કાઢી'શંકરાચાર્યને બાગેશ્વર ધામના મહારાજને લઈને પૂછતા સવાલ કરતાં કહ્યું કે, તેઓ દરેક માટે પરચી કાઢે છે તો, આ ઘટના માટે પરચી કેમ ન કાઢી.

## તંત્રી લેખ



### વિશ્વ વેપાર વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે, ટેરિફ યુદ્ધથી વ્યવસાય મોંઘો થશે

બીજા વિશ્વયુદ્ધ પછી, વૈશ્વિક નેતાઓએ એવા ભવિષ્યની કલ્પના કરી જેમાં સમાન શરતો પર વેપારનો સમાવેશ થાય છે. આ માટે, વિશ્વ વેપાર સંગઠન (WTO) ની સ્થાપના કરવામાં આવી હતી, જે વૈશ્વિક વેપારને સરળ બનાવવા, વેપાર વિવાદોનું નિરાકરણ કરવા અને વેપાર નીતિઓનું નિયમન કરવા માટે કાર્ય કરે છે. WTO કરારોની જોગવાઈઓ વિકાસશીલ દેશોને વિશેષ અધિકારો આપે છે.ઉદાહરણ તરીકે, ભારત જેવા વિકાસશીલ દેશોમાં અમુક ઉદ્યોગો પર ઊંચા ટેરિફ (આયાત ડ્યુટી) હોઈ શકે છે. બદલામાં, વિકસિત દેશોને બૌદ્ધિક સંપદા અધિકારો, સેવા વેપાર ઉદારીકરણ અને કૃષિ નિયમોમાં છૂટછાટો આપવામાં આવી હતી. આ પરિસ્થિતિ સમૃદ્ધ દેશો માટે વધુ ફાયદાકારક છે. હાલમાં, ટ્રમ્પના નેતૃત્વમાં અમેરિકાએ ટેરિફ યુદ્ધ શરૂ કર્યું છે, જેના કારણે ભૂ-રાજકીય તાપમાન વધી રહ્યું છે. ટેરિફ યુદ્ધ કોઈપણ દેશના હિતમાં નહીં આવે, અમેરિકાના પણ નહીં. આનાથી વૈશ્વિક વેપારમાં અસ્થિરતા સર્જાઈ રહી છે, જેની અસર વિવિધ દેશોની અર્થવ્યવસ્થા પર પણ પડી રહી છે.સારી વાત એ છે કે અમેરિકા અને ભારત સહિત કેટલાક દેશો વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર અંગે વાતચીત ચાલી રહી છે. શક્ય છે કે ભારત આ પ્રકારનો કરાર કરનારો પહેલો દેશ બને. જો બધા દેશોએ અમેરિકા સાથે અલગ-અલગ વેપાર કરાર કરવા પડે તો વિશ્વ વિશ્વ વેપાર વ્યવસ્થાની રચના પહેલા જ્યાં હતું ત્યાં પાછું ફરશે. આગળ ગમે તે થાય, જો ટ્રમ્પ પોતાની મનસ્વી ટેરિફ નીતિ પર લગામ નહીં લગાવે, તો વિશ્વમાં આર્થિક સંકટ વધશે એટલું જ નહીં, પરંતુ અમેરિકાને ફરીથી મહાન બનાવવાનું સૂત્ર પણ પોકળ સાબિત થશે.ટ્રમ્પ દ્વારા વધારાના ટેરિફ લાદવાની અસરો ભૂતકાળના અનુભવો પરથી સમજી શકાય છે. તેમણે પોતાના પહેલા કાર્યકાળ દરમિયાન નાણાકીય વર્ષ 2018-19 દરમિયાન ચીનથી આયાત થતા માલ પર ભારે ટેરિફ લાદ્યા હતા. ચીને આ અંગે WTO ને ફરિયાદ કરી. આ પ્રકારના વેપાર વિવાદોના ઉકેલ માટે, WTO પાસે અપીલ પ્રક્રિયા છે જેમાં ન્યાયાધીશો તેમના ચુકાદા આપે છે, પરંતુ અમેરિકાએ આ ન્યાયાધીશોની નિમણૂક પર પ્રતિબંધ મૂકીને વિવાદ સમાધાન પ્રણાલીને અપંગ બનાવી દીધી હતી, જેના પરિણામે WTO દ્વારા ઉકેલાયેલા વૈશ્વિક વેપાર વિવાદોની સંખ્યામાં હવે ત્રણ ગણો ઘટાડો થયો છે. આ કારણે, ૧૬૬ સભ્ય દેશો ધરાવતા વિશ્વ વેપાર સંગઠન વિશે એવું કહેવા લાગ્યું કે ટ્રમ્પે આ સંગઠનને દાંતહીન બનાવી દીધું છે.WTO અમલમાં ન આવે તો, ટેરિફનું હાનિકારક ચક્ર હવે ટેરિફ યુદ્ધમાં ફેરવાઈ રહ્યું છે. ટેરિફ યુદ્ધ વેપાર મોંઘો કરશે અને ગ્રાહકો માટે ઉપલબ્ધ વસ્તુઓ મોંઘી થશે. અમેરિકન ગ્રાહકોને પણ નુકસાન સહન કરવું પડશે. મજબૂત WTO ના અભાવે, ચીન, કેનેડા વગેરે દેશો દ્વારા પ્રતિશોધાત્મક ટેરિફ લાદવાને કારણે અમેરિકન પરિવારોને દર વર્ષે લગભગ 1 લાખ રૂપિયા વધુ ખર્ચ કરવા પડશે, જેનાથી 180 લાખ કરોડ રૂપિયાથી વધુના વેપારને અસર થશે અને અમેરિકામાં લગભગ 3.3 લાખ નોકરીઓ ગુમાવી શકે છે.ટ્રમ્પ એ સમજી શકતા નથી કે WTO માત્ર અમેરિકન હિતોનું જ રક્ષણ કરતું નથી, પરંતુ અમેરિકન ગ્રાહકોને ખતરનાક આર્થિક પરિણામોથી પણ રક્ષણ આપે છે.

-દિલીપ નાનજીભાઈ પટેલ

# 5 સ્ટાર AC કે ફ્રિજ વીજ બિલ ઘટાડશે!:ઈલેક્ટ્રોનિક ઉપકરણો ખરીદતા સમયે સ્ટાર રેટિંગ ધ્યાનમાં લો, જાણો તેની વિશ્વસનીયતા કેટલી

ગઈ કાલે 25 ફેબ્રુઆરીએ 'વિશ્વ મલેરિયા દિવસ' ઉજવાઈ ગયો. વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) અનુસાર, દર વર્ષે સમગ્ર વિશ્વમાં મલેરિયાના 30 થી 50 કરોડ કેસ નોંધાય છે અને તેમાંથી લગભગ 6 થી 8 લાખ લોકો મૃત્યુ પામે છે.મલેરિયાની સૌથી વધુ અસર આફ્રિકન દેશો અને દક્ષિણ એશિયાઈ દેશોમાં જોવા મળે છે.ખાસ કરીને ભારતમાં પરિસ્થિતિ ચિંતાજનક છે. દક્ષિણ એશિયાના મલેરિયાના કુલ કેસોમાં ભારતમાં 77% કેસ નોંધાય છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અનુસાર, ભારતમાં દર વર્ષે લગભગ 20 લાખ લોકો મેલેરિયાથી અસરગ્રસ્ત થાય છે અને તેમાંથી લગભગ 1,000 લોકો મૃત્યુ પામે છે.જોકે, WHOના દક્ષિણ પૂર્વ એશિયા પ્રાદેશિક કાર્યાલયના આંકડા અલગ છે. તેમના અંદાજ મુજબ, ભારતમાં દર વર્ષે 15 મિલિયન લોકો મલેરિયાથી બીમાર પડે છે, જેમાંથી લગભગ 20,000 લોકો મૃત્યુ પામે છે. આંકડાઓમાં આ તફાવત એટલા માટે છે કારણ કે મોટાભાગના લોકો મલેરિયાની સારવાર માટે ડૉક્ટર પાસે કે હોસ્પિટલમાં જતા નથી.તેથી આજે ' કામના સમાચાર' માં આપણે મલેરિયા વિશે વાત કરીશું. તમે એ પણ જાણશો કે- મલેરિયાનાં લક્ષણો શું છે?આ કેટલું ખતરનાક હોઈ શકે છે?મલેરિયા અટકાવવા માટે કેવા પગલાં લેવામાં આવે છે?નિષ્ણાતઃ ડૉ. વૃજ વલ્લભ શર્મા, સિનિયર કન્સલ્ટન્ટ, ઈન્ટરનલ મેડિસિન, નારાયણ હોસ્પિટલ, જયપુરપ્રશ્નઃ મલેરિયા શું છે?જવાબઃ મેલેરિયા એક ખતરનાક અને ચેપી રોગ છે, જે એક ચોક્કસ પ્રકારના પરોપજીવી (પેરેસાઈટ) દ્વારા થાય છે. આ પરોપજીવી આપણને મચ્છરો દ્વારા ચેપ લગાડે છે, પરંતુ દરેક મચ્છર આ રોગ ફેલાવી શકતા નથી. ફક્ત માદા એનાફિલિસ મચ્છર જ આ રોગ ફેલાવે છે.જ્યારે આ મચ્છર ચેપગ્રસ્ત વ્યક્તિનું લોહી ચૂસે છે અને પછી બીજા વ્યક્તિને કરડે છે, ત્યારે પેરેસાઈટ તેના શરીરમાં પહોંચે છે.આ પરોપજીવીઓ પહેલા યકૃત સુધી પહોંચે છે અને ત્યાં વધતા રહે છે. થોડા દિવસો પછી, તે પરિપક્વ થાય છે અને લોહીમાં પ્રવેશ કરે છે અને રેડ બ્લડ સેલને નુકસાન પહોંચાડવાનું શરૂ કરે છે. આના કારણે તાવ, થાક, ધ્રુજારી અને નબળાઈ જેવા મલેરિયાનાં લક્ષણો દેખાવા લાગે છે. જો સમયસર સારવાર ન કરવામાં આવે તો, તે મગજને અસર કરી શકે છે અને શ્વાસ લેવામાં તકલીફ પેદા કરી શકે છે.પ્રશ્નઃ મલેરિયાનાં લક્ષણો શું છે?જવાબઃ મચ્છર કરડ્યાના 7 દિવસથી એક મહિનાની અંદર મલેરિયાના લક્ષણો દેખાવા લાગે છે. જોકે, દરેક કિસ્સામાં આ જરૂરી નથી. ઘણી વખત ચેપગ્રસ્ત વ્યક્તિને કોઈ લક્ષણો લાગતા નથી, પરંતુ પરોપજીવી શરીરને આંતરિક રીતે નુકસાન પહોંચાડવાનું ચાલુ રાખે છે. એટલા માટે મલેરિયાની સમયસર ઓળખ અને સારવાર ખૂબ જ જરૂરી છે. તેનાં બધાં લક્ષણો ગ્રાફિકમાં જુઓ-પ્રશ્નઃ મલેરિયાના કેટલા પ્રકાર છે?જવાબઃ વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) મુજબ, 5 પ્રકારના પરોપજીવી મનુષ્યોમાં મલેરિયા ફેલાવે છેઃપ્લાઝમોડિયમ ફાલ્સીપેરમ (પી. ફાલ્સીપેરમ)પ્લાઝમોડિયમ મેલેરિયા (પી. મેલેરિયા)પ્લાઝમોડિયમ વિવાક્સ (પી. વિવાક્સ)પ્લાઝમોડિયમ ઓવેલ (પી. ઓવેલ)પ્લાઝમોડિયમ નોલેસી (પી. નોલેસી)આમાંથી, સૌથી મોટો ભય પી. ફાલ્સીપેરમ અને પી. વિવાક્સથી છે. આ બે







પરોપજીવી ભારતમાં સૌથી વધુ જોવા મળે છે અને ગંભીર લક્ષણોનું કારણ બની શકે છે.પી. વિવાક્સ અને પી. ઓવેલથી થતા મલેરિયામાં તાત્કાલિક લક્ષણો જોવા મળતા નથી. આ પરોપજીવી શરીરમાં લીવરમાં છુપાયેલા રહે છે અને થોડા સમય પછી સક્રિય થઈને નુકસાન પહોંચાડે છે. આવા કિસ્સાઓમાં, મલેરિયાનું નિદાન મોડું થાય છે, તેથી સાવધાન રહેવું જરૂરી છે.પ્રશ્નઃ મલેરિયાની સારવાર શું છે?જવાબઃ મલેરિયા માટે હજુ સુધી કોઈ રસી ઉપલબ્ધ નથી. તેથી બચાવ અને વહેલી સારવાર સૌથી મહત્ત્વપૂર્ણ છે. જ્યારે રોગ થાય છે, ત્યારે ડૉક્ટર મલેરિયા પરોપજીવીને દૂર કરવા માટે મલેરિયા વિરોધી દવાઓ આપે છે. આ સાથે, તાવ ઓછો કરવા માટે તાવની દવાઓ પણ આપવામાં આવે છે.જોકે, આ દવાઓની કેટલીક આડઅસરો પણ હોઈ શકે છે. દરેક વ્યક્તિને આનો અનુભવ થતો નથી, પરંતુ જો તમને સારવાર દરમિયાન નીચેના લક્ષણોનો અનુભવ થાય, તો તાત્કાલિક તમારા ડૉક્ટરનો સંપર્ક કરોઃપેટ સંબંધિત સમસ્યાઓ જેમ કે ગેસ, ઉબકા, ઝાડાસતત માથાનો દુખાવોતીવ્ર સૂર્યપ્રકાશ માટે એલર્જી અથવા ત્વચાની પ્રતિક્રિયામૂડ અથવા માનસિક સ્વાસ્થ્યમાં ફેરફારકાનમાં સીટીનો અવાજએનીમિયાપ્રશ્નઃ મલેરિયા અટકાવવા માટે કયા પગલાં લેવામાં આવે છે?જવાબઃ મલેરિયા સાથેનો સૌથી મોટો પડકાર એ છે કે આપણે જાણતા નથી કે કયો મચ્છર ચેપ ફેલાવી શકે છે. ખાસ કરીને માદા એનોફિલિસ મચ્છર મલેરિયા ફેલાવે છે, પરંતુ સામાન્ય માણસ માટે તેને ઓળખવું અશક્ય છે. આવી સ્થિતિમાં, મચ્છરોથી બચવું ખૂબ જ જરૂરી છે, ખાસ કરીને એવા વિસ્તારોમાં જ્યાં મચ્છરોની સંખ્યા વધુ હોય. ગ્રાફિકમાં બધા ઉકેલો જુઓ- મલેરિયા સંબંધિત કેટલાક સામાન્ય પ્રશ્નો અને જવાબોપ્રશ્નઃ શું મલેરિયાની રસી ઉપલબ્ધ છે?જવાબઃ ના, આ રસી કેટલાક દેશોમાં ટ્રાયલ હેઠળ છે, પરંતુ હાલમાં તે ઉપલબ્ધ નથી.પ્રશ્નઃ મલેરિયા અને ડેન્ગ્યુ વચ્ચે શું તફાવત છે?જવાબઃ મલેરિયા અને ડેન્ગ્યૂ બંને મચ્છરજન્ય રોગો છે, પરંતુ તેમના કારણો અને લક્ષણો અલગ છે.મલેરિયા એક પરોપજીવી (પ્લાઝમોડિયમ) થી થાય છે, જ્યારે ડેન્ગ્યૂ વાયરસથી ફેલાય છે.મલેરિયામાં ઘણીવાર શરદી, પરસેવો, માથાનો દુખાવો અને નબળાઈ સાથે તાવ આવે છે, જ્યારે ડેન્ગ્યૂમાં સામાન્ય લક્ષણો તરીકે તીવ્ર તાવ, આંખો પાછળ દુખાવો અને પ્લેટલેટ્સમાં ઘટાડો થાય છે.ડેન્ગ્યૂ ફેલાવતો મચ્છર દિવસ દરમિયાન કરડે છે, અને મલેરિયા ફેલાવતો મચ્છર રાત્રે કરડે છે.પ્રશ્નઃ શું મલેરિયા ફરી થઈ શકે છે?જવાબઃ હા, એક વાર મટાડ્યા પછી પણ મલેરિયા ફરી થઈ શકે છે. ખાસ કરીને પી. વિવેક્સ અને પી. ઓવેલ નામના પરોપજીવીઓ ઘણા અઠવાડિયા કે મહિનાઓ સુધી સુષુપ્ત અવસ્થામાં યકૃતમાં છુપાયેલા રહી શકે છે. જ્યારે શરીરની રોગપ્રતિકારક શક્તિ નબળી હોય છે, ત્યારે તેઓ ફરીથી સક્રિય થઈ શકે છે અને ફરીથી રોગ ફેલાવી શકે છે. તેથી, સારવાર પછી, ડૉક્ટરની સલાહ મુજબ સમયસર દવાનો સંપૂર્ણ કોર્સ પૂર્ણ કરવો ખૂબ જરૂરી છે.પ્રશ્નઃ બાળકોમાં મલેરિયા કેટલો ખતરનાક છે?જવાબઃ બાળકોમાં મલેરિયા ઘણો ખતરનાક છે કારણ કે તેમની રોગપ્રતિકારક શક્તિ નબળી હોય છે અને તેઓ લક્ષણોને યોગ્ય રીતે સમજી શકતા નથી અથવા સમજાવી શકતા નથી.

# જો જો સામાન્ય મલેરિયા જીવલેણ ન બની જાય!:ભારતમાં દર વર્ષે 20 લાખ લોકો અસરગ્રસ્ત થાય છે; ડોક્ટર પાસેથી જાણો તેનાં લક્ષણો અને બચવાના ઉપાય




ગઈ કાલે 25 ફેબ્રુઆરીએ 'વિશ્વ મલેરિયા દિવસ' ઉજવાઈ ગયો. વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) અનુસાર, દર વર્ષે સમગ્ર વિશ્વમાં મલેરિયાના 30 થી 50 કરોડ કેસ નોંધાય છે અને તેમાંથી લગભગ 6 થી 8 લાખ લોકો મૃત્યુ પામે છે.મલેરિયાની સૌથી વધુ અસર આફ્રિકન દેશો અને દક્ષિણ એશિયાઈ દેશોમાં જોવા મળે છે.ખાસ કરીને ભારતમાં પરિસ્થિતિ ચિંતાજનક છે. દક્ષિણ એશિયાના મલેરિયાના કુલ કેસોમાં ભારતમાં 77% કેસ નોંધાય છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અનુસાર, ભારતમાં દર વર્ષે લગભગ 20 લાખ લોકો મેલેરિયાથી અસરગ્રસ્ત થાય છે અને તેમાંથી લગભગ 1,000 લોકો મૃત્યુ પામે છે.જોકે, WHOના દક્ષિણ પૂર્વ એશિયા પ્રાદેશિક કાર્યાલયના આંકડા અલગ છે. તેમના અંદાજ મુજબ, ભારતમાં દર વર્ષે 15 મિલિયન લોકો મલેરિયાથી બીમાર પડે છે, જેમાંથી લગભગ 20,000 લોકો મૃત્યુ પામે છે. આંકડાઓમાં આ તફાવત એટલા માટે છે કારણ કે મોટાભાગના લોકો મલેરિયાની સારવાર માટે ડૉક્ટર પાસે કે હોસ્પિટલમાં જતા નથી.તેથી આજે ' કામના સમાચાર' માં આપણે મલેરિયા વિશે વાત કરીશું. તમે એ પણ જાણશો કે- મલેરિયાનાં લક્ષણો શું છે?આ કેટલું ખતરનાક હોઈ શકે છે?મલેરિયા અટકાવવા માટે કેવા પગલાં લેવામાં આવે છે?નિષ્ણાતઃ ડૉ. વૃજ વલ્લભ શર્મા, સિનિયર કન્સલ્ટન્ટ, ઈન્ટરનલ મેડિસિન, નારાયણ હોસ્પિટલ, જયપુરપ્રશ્નઃ મલેરિયા શું છે?જવાબઃ મેલેરિયા એક ખતરનાક અને ચેપી રોગ છે, જે એક ચોક્કસ પ્રકારના પરોપજીવી (પેરેસાઈટ) દ્વારા થાય છે. આ પરોપજીવી આપણને મચ્છરો દ્વારા ચેપ લગાડે છે, પરંતુ દરેક મચ્છર આ રોગ ફેલાવી શકતા નથી. ફક્ત માદા એનાફિલિસ મચ્છર જ આ રોગ ફેલાવે છે.જ્યારે આ મચ્છર ચેપગ્રસ્ત વ્યક્તિનું લોહી ચૂસે છે અને પછી બીજા વ્યક્તિને કરડે છે, ત્યારે પેરેસાઈટ તેના શરીરમાં પહોંચે છે.આ પરોપજીવીઓ પહેલા યકૃત સુધી પહોંચે છે અને ત્યાં વધતા રહે છે. થોડા દિવસો પછી, તે પરિપક્વ થાય છે અને લોહીમાં પ્રવેશ કરે છે અને રેડ બ્લડ સેલને નુકસાન પહોંચાડવાનું શરૂ કરે છે. આના કારણે તાવ, થાક, ધ્રુજારી અને નબળાઈ જેવા મલેરિયાનાં લક્ષણો દેખાવા લાગે છે. જો સમયસર સારવાર ન કરવામાં આવે તો, તે મગજને અસર કરી શકે છે અને શ્વાસ લેવામાં તકલીફ પેદા કરી શકે છે.પ્રશ્નઃ મલેરિયાનાં લક્ષણો શું છે?જવાબઃ મચ્છર કરડ્યાના 7 દિવસથી એક મહિનાની અંદર મલેરિયાના લક્ષણો દેખાવા લાગે છે. જોકે, દરેક કિસ્સામાં આ જરૂરી નથી. ઘણી વખત ચેપગ્રસ્ત વ્યક્તિને કોઈ લક્ષણો લાગતા નથી, પરંતુ પરોપજીવી શરીરને આંતરિક રીતે નુકસાન પહોંચાડવાનું ચાલુ રાખે છે. એટલા માટે મલેરિયાની સમયસર ઓળખ અને સારવાર ખૂબ જ જરૂરી છે. તેનાં બધાં લક્ષણો ગ્રાફિકમાં જુઓ-પ્રશ્નઃ મલેરિયાના કેટલા પ્રકાર છે?જવાબઃ વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) મુજબ, 5 પ્રકારના પરોપજીવી મનુષ્યોમાં મલેરિયા ફેલાવે છેઃપ્લાઝમોડિયમ ફાલ્સીપેરમ (પી. ફાલ્સીપેરમ)પ્લાઝમોડિયમ મેલેરિયા (પી. મેલેરિયા)પ્લાઝમોડિયમ વિવાક્સ (પી. વિવાક્સ)પ્લાઝમોડિયમ ઓવેલ (પી. ઓવેલ)પ્લાઝમોડિયમ નોલેસી (પી. નોલેસી)આમાંથી, સૌથી મોટો ભય પી. ફાલ્સીપેરમ અને પી. વિવાક્સથી છે. આ બે પરોપજીવી ભારતમાં સૌથી વધુ જોવા મળે છે અને ગંભીર લક્ષણોનું કારણ બની શકે છે.પી. વિવાક્સ અને પી. ઓવેલથી થતા મલેરિયામાં તાત્કાલિક લક્ષણો જોવા મળતા નથી. આ પરોપજીવી શરીરમાં લીવરમાં છુપાયેલા રહે છે અને થોડા સમય પછી સક્રિય થઈને નુકસાન પહોંચાડે છે. આવા કિસ્સાઓમાં, મલેરિયાનું નિદાન મોડું થાય છે, તેથી સાવધાન રહેવું જરૂરી છે.પ્રશ્નઃ મલેરિયાની સારવાર શું છે?જવાબઃ મલેરિયા માટે હજુ સુધી કોઈ રસી ઉપલબ્ધ નથી. તેથી બચાવ અને વહેલી સારવાર સૌથી મહત્ત્વપૂર્ણ છે. જ્યારે રોગ થાય છે, ત્યારે ડૉક્ટર મલેરિયા પરોપજીવીને દૂર કરવા માટે મલેરિયા વિરોધી દવાઓ આપે છે. આ સાથે, તાવ ઓછો કરવા માટે તાવની દવાઓ પણ આપવામાં આવે છે.જોકે, આ દવાઓની કેટલીક આડઅસરો પણ હોઈ શકે છે. દરેક વ્યક્તિને આનો અનુભવ થતો નથી, પરંતુ જો તમને સારવાર દરમિયાન નીચેના લક્ષણોનો અનુભવ થાય, તો તાત્કાલિક તમારા ડૉક્ટરનો સંપર્ક કરોઃપેટ સંબંધિત સમસ્યાઓ જેમ કે ગેસ, ઉબકા, ઝાડાસતત માથાનો દુખાવોતીવ્ર સૂર્યપ્રકાશ માટે એલર્જી અથવા ત્વચાની પ્રતિક્રિયામૂડ અથવા માનસિક સ્વાસ્થ્યમાં ફેરફારકાનમાં સીટીનો અવાજએનીમિયાપ્રશ્નઃ મલેરિયા અટકાવવા માટે કયા પગલાં લેવામાં આવે છે?જવાબઃ મલેરિયા સાથેનો સૌથી મોટો પડકાર એ છે કે આપણે જાણતા નથી કે કયો મચ્છર ચેપ ફેલાવી શકે છે. ખાસ કરીને માદા એનોફિલિસ મચ્છર મલેરિયા ફેલાવે છે, પરંતુ સામાન્ય માણસ માટે તેને ઓળખવું અશક્ય છે. આવી સ્થિતિમાં, મચ્છરોથી બચવું ખૂબ જ જરૂરી છે, ખાસ કરીને એવા વિસ્તારોમાં જ્યાં મચ્છરોની સંખ્યા વધુ હોય. ગ્રાફિકમાં બધા ઉકેલો જુઓ- મલેરિયા સંબંધિત કેટલાક સામાન્ય પ્રશ્નો અને જવાબોપ્રશ્નઃ શું મલેરિયાની રસી ઉપલબ્ધ છે?જવાબઃ ના, આ રસી કેટલાક દેશોમાં ટ્રાયલ હેઠળ છે, પરંતુ હાલમાં તે ઉપલબ્ધ નથી.પ્રશ્નઃ મલેરિયા અને ડેન્ગ્યુ વચ્ચે શું તફાવત છે?જવાબઃ મલેરિયા અને ડેન્ગ્યૂ બંને મચ્છરજન્ય રોગો છે, પરંતુ તેમના કારણો અને લક્ષણો અલગ છે.મલેરિયા એક પરોપજીવી (પ્લાઝમોડિયમ) થી થાય છે, જ્યારે ડેન્ગ્યૂ વાયરસથી ફેલાય છે.મલેરિયામાં ઘણીવાર શરદી, પરસેવો, માથાનો દુખાવો અને નબળાઈ સાથે તાવ આવે છે, જ્યારે ડેન્ગ્યૂમાં સામાન્ય લક્ષણો તરીકે તીવ્ર તાવ, આંખો પાછળ દુખાવો અને પ્લેટલેટ્સમાં ઘટાડો થાય છે.ડેન્ગ્યૂ ફેલાવતો મચ્છર દિવસ દરમિયાન કરડે છે, અને મલેરિયા ફેલાવતો મચ્છર રાત્રે કરડે છે.પ્રશ્નઃ શું મલેરિયા ફરી થઈ શકે છે?જવાબઃ હા, એક વાર મટાડ્યા પછી પણ મલેરિયા ફરી થઈ શકે છે. ખાસ કરીને પી. વિવેક્સ અને પી. ઓવેલ નામના પરોપજીવીઓ ઘણા અઠવાડિયા કે મહિનાઓ સુધી સુષુપ્ત અવસ્થામાં યકૃતમાં છુપાયેલા રહી શકે છે. જ્યારે શરીરની રોગપ્રતિકારક શક્તિ નબળી હોય છે, ત્યારે તેઓ ફરીથી સક્રિય થઈ શકે છે અને ફરીથી રોગ ફેલાવી શકે છે. તેથી, સારવાર પછી, ડૉક્ટરની સલાહ મુજબ સમયસર દવાનો સંપૂર્ણ કોર્સ પૂર્ણ કરવો ખૂબ જરૂરી છે.પ્રશ્નઃ બાળકોમાં મલેરિયા કેટલો ખતરનાક છે?જવાબઃ

## જામનગરના રબ્બાની પાર્ક વિસ્તારમાં રહેતા એક યુવાન પર તેના જ બે જૂના મિત્રોએ છરી વડે હુમલો કર્યાની પોલીસ ફરિયાદ




જામનગરમાં રબ્બાની પાર્ક વિસ્તારમાં રહેતા ગુલામભાઈ હાજીભાઈ શેખ નામના 31 વર્ષના યુવાન પર તેના પૂર્વ મિત્ર એવા અર્જુનસિંહ વિજયસિંહ સોઢા તેમજ અલ્તાફ જુમ્માભાઈ ગોધાવીયાએ છરી વડે હુમલો કરી દેતાં તેને સારવાર માટે જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે અને માથાના ભાગે 10 ટાંકા લેવા પડ્યા છે. જે બન્ને હુમલાખોરો સામે સીટી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદમાં જણાવ્યા અનુસાર ફરિયાદી અને આરોપી કે જેઓને આજથી બે વર્ષ પહેલાં ઝઘડો થયો હતો અને ફરિયાદીએ આરોપીઓ વિરુદ્ધ પોલીસમાં અરજી કરી હતી, તેનો ખાર રાખીને આ હુમલો કરાયાનું પોલીસમાં જાહેર થયું છે.

## લાલપુર નજીક મોટી વેરાવળ ગામમાં જુગાર અંગે દરોડો 8 પત્તાપ્રેમી પકડાયા



જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મોટી વેરાવળ ગામમાં રામ મંદિર પાસે કેટલાક શખ્સો એકત્ર થઈને સ્ટ્રીટ લાઈટના અજવાળે ગંજીપાનાનો જુગાર રમી રહ્યા છે તેવી બાતમીના આધારે લાલપુર પોલીસે દરોડો પાડયો હતો. જે દરમિયાન 8 પતાપ્રેમીઓ મળી આવ્યા હતા. આથી લાલપુર પોલીસે ઉપરોક્ત સ્થળેથી મનીષ કરસનભાઈ ચાંદ્રા, સંજય નરોત્તમભાઈ રાયઠઠ્ઠા, વનરાજસિંહ ભરતસિંહ જાડેજા, ધનસુખ જીવાભાઇ ચાંદ્રા, સુરેશ હરિલાલ ખાખરીયા, અને પ્રફુલ મગનભાઈ જાખરીયાની અટકાયત કરી લઇ તેઓ પાસેથી રૂપિયા 16,470ની માલમતા કબજે કરી છે.

## જામનગર શહેરમાં ઉનાળાના આકરા તાપમાં તળાવમાં પાણીની સપાટી ઘટતાં રણમલ તળાવનો ઘડીયાળી કૂવો ફરી દેખાયો



જામનગર નજીક રંગમતી ડેમના પાટિયા વગેરે રીપેરીંગ કરવાના હોવાથી ડેમમાંથી છોડાયેલું પાણી આજથી ત્રણ સપ્તાહ પહેલાં જામનગરના રણમલ તળાવમાં આવ્યું હતું, અને રણમલ તળાવની મધ્યમાં આવેલો ઘડિયાળની કુવો ડૂબ્યો હતો. જેના ત્રણ સપ્તાહ પૂર્ણ થયા બાદ ગઈકાલથી ઘડીયાળી કુવો ફરીથી દેખાવા લાગ્યો છે. હાલમાં ઉનાળાનો આકરો તાપ પડી રહ્યો છે, તેમજ લાખોટા તળાવ પરિસરની આસપાસના વિસ્તારમાં વસવાટ કરતા નાગરિકોના બોર-ડંકી ના તળ માં રણમલ તળાવના પાણીનો પ્રવાહ પહોંચતો હોવાના કારણે તેમજ ગરમીમાં બાષ્પીભવનની પ્રક્રિયા પણ બહુ ઝડપથી ચાલતી હોવાને કારણે ઘટાડો થયો છે, અને તેના કારણે ઘડિયાળી કુવો ફરીથી દેખાવા લાગ્યો છે. જોકે મહાનગરપાલિકા ની કવાયતને લઈને નગરજનોને ઘણી રાહત મળી છે, અને વિપુલ પ્રમાણમાં પાણીનો જથ્થો તળાવમાં આવી ગયો હોવાથી શહેરના તળાવ પરિસરની ફરતે આસપાસના વિસ્તારમાં વસતા નાગરિકોના બોર ડંકી ના તળ એકદમ સાજા રહ્યા છે, અને પાણી ડૂકી જવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થયો નથી. ઉપરાંત તળાવની અંદર રહેલા જળચર પ્રાણીઓ કે જેઓ માટે પણ જીવનદાન મળી ગયું છે, અને તળાવનો પ્રથમ હિસ્સો હજુ ભરેલો છે. આગામી ચોમાસા ને હજુ બે મહિના જેટલો સમય લાગે તેમ છે, ત્યારે રણમલ તળાવ, કે જેનું જળ સ્તર ધીમે ધીમે ઘટી રહયું છે, તે ઘડીયાલી કુવા પરથી સાબિત થઈ રહ્યું છે.

## માંજલપુરમાં અડધો કલાક માટે મોબાઈલ ફોન આઉટ ઓફ કવરેજ



માંજલપુરમાં મોબાઈલ ટાવરમાંથી બેટરી બેન્કની ચોરી થતા સવારે અડધો કલાક સુધી આ વિસ્તારના મોબાઈલ આઉટ ઓફ નેટવર્ક થઇ ગયા હતા. જે અંગે માંજલપુર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

માંજલપુર મંગલેશ્વર મુક્તિધામ ચાર રસ્તા પાસે શિવમ સોસાયટીની સામે આવેલા મોબાઈલ ટાવરમાંથી ચોર ટોળકી બેટરી બેન્ક ચોરી ગઇ હતી. જેમાં ઇંડ્ઝ ટાવર લિ. કંપનીની 16 બેટરી હતી. જેનાથી મોબાઈલ ટાવર ઓપરેટ થાય છે. બેટરી બેન્કની ચોરી થતા આ વિસ્તારમાં અડધો કલાક સુધી મોબાઈલ બંધ થઈ ગયા હતા. આ અંગે ટીમ લીડરે જણાવ્યું હતું કે, આજે સવારે પોણા આઠ વાગ્યે બેટરી બેન્કની ચોરી થયાની જાણ અમદાવાદ હેડ ઓફિસને થતા તેમણે વડોદરા જાણ કરી હતી. વડોદરાની ઓફિસને જાણ કરવામાં આવતા ટેકનિશિયનો સાથે તેઓ સ્થળ પર દોડી ગયા હતા.

અડધો કલાકમાં મોબાઈલ ટાવર ફરીથી એક્ટિવ કરી દીધું હતું. આ વિસ્તારમાં અંદાજે બે હજાર ગ્રાહકોના મોબાઈલ આઉટ ઓફ કવરેજ થઈ ગયા હતા.

જોકે, અડધો કલાકમાં ફરીથી એક્ટિવ થઈ ગયા હતા. આ અંગે આર.એસ. સિક્યુરિટીમાં ટીમ લીડર તરીકે કામ કરતા આજવા રોડ સાંઈ શ્રદ્ધા સોસાયટીમાં રહેતા રમેશભાઈ મકવાણાએ માંજલપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## અમદાવાદ અને સુરતથી ભાગતા પાંચ બાંગ્લાદેશીઓ ટ્રેનમાં ઝડપાયા

કાશ્મીરના પહેલગામ ખાતે થયેલા આતંકી હુમલા બાદ ગુજરાત પોલીસ દ્વારા ઘુષણખોરી કરનાર વિરુદ્ધ કાર્યવાહી શરૂ કરી છે.

ગઇ મોડી રાત્રીના 2.15 વાગ્યાના અરસામાં અમદાવાદ હાવડા એક્સપ્રેસ ટ્રેન વડોદરા રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 1 પર આવતા તેમાં ચેકિંગ દરમિયાન પાંચ જેટલા બાંગ્લાદેશી મળી આવ્યા હતા. જેમાં પતિ-પત્ની તેમના બે બાળક અને અન્ય એક શખ્સનો સમાવેશ થાય છે.

રેલવે પોલીસે પાંચેય પાસેના આધાર પુરાવા ચકાસતા બાંગ્લાદેશના હોવાનું જાણવા મળ્યું હતું જેથી તેમને ડીટેઇન કરીને હાલ રેલવે પોલીસ સ્ટેશન ખાતે રાખી આગળની કાર્યવાહી શરૂ કરાઇ છે. જમ્મુ કાશ્મીરના પહેલગામ ગામમાં થયેલા આતંકી હુમલા બાદ ટ્રેનોમાં મુસાફરી કરતાં ઘુષણખોરીઓની તપાસ કરવા માટેની ડ્રાઈવ ચલાવવા માટે પશ્ચિમ રેલવે વડોદરાના નાયબ પોલીસ મહાનિરીક્ષક સરોજકુમારી દ્વારા સુચના અપાઈ હતી. જેના આધારે રેલ્વે એલસીબી, એસઓજી અને પોલીસ સ્ટેશન વડોદરાના કર્મચારીઓ અલગ-અલગ ટીમો બનાવી ટ્રેનોમાં ચેકિંગ કરી રહ્યા



હતા. ગઈ રાત્રે આમદાવાદ હાવડા એક્સપ્રેસ ટ્રેન વડોદરા રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નંબર 1 ઉપર આવતા ટ્રેનમાં ચેકિંગ કરતા થ્રી ટાયર એસી કોચમાં 3 શખ્સો તથા 2 બાળકો શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા હતા. તેઓની પુછતાછ કરતા શરૂઆતમાં તેઓ યોગ્ય જવાબ આપતા ન હોય તેઓને ટ્રેનમાંથી ઉતારી સઘન પુછપરછ કરતા તેઓએ પોતે બાંગ્લાદેશી હોવાનું જણાવ્યુ હતું. ત્યારબાદ તેઓ પાસે બાંગ્લાદેશી હોવાના પુરાવાની માંગણી કરતા તેઓએ પુરાવા રજુ કર્યા હતા. જેથી તેઓને વડોદરા રેલવે પોલીસ સ્ટેશન ખાતે લાવી નામ બાબતે પૂછતાછ શરૂ કરી હતી ત્યારે તેઓએ ઓહીદુલ રૂસ્તમ શેખ, પરવિન ઓહીદુલ શેખ,મારૂપ ઓહીદુલ શેખ,શાહરૂખ ઓહિદુલ શેખ ( ચાર હાલ રહે.- ચંડોળા તળાવ પાસે, મોઈદર બાબાની દરગાહ પાસે, અમ્મા મૂરજીદની ગલીમાં, ઈસનપુર રોડ, અમદાવાદ, મુળ રહે.ગામ- ભાયડાંગા, થાના-કાલીયા, જી.નોરાઈલ, બાંગ્લાદેશ) અને મોહમદ શેરઅલી મોહમદ લૂતપાર શેખ (હાલ રહે.-સિદ્ધાર્થ ટોકિઝની પાછળ, અડાજણ પાટીયા, ઝૂંપડપટ્ટીમાં, સુરત મુળ રહે.ગામ-સીતારામપુર ચોક, પોસ્ટ-થાના-કાલીયા, જી.નોરાઈલ, બાંગ્લાદેશ)ના હોવાનું જણાવ્યુ હતું. બાંગ્લાદેશી દંપતિએ અમદાવાદ ચંડોળા તળાવ ખાતે ગેરકાયદે ચોરી છુપીથી ઝૂંપડપટ્ટી બનાવી કચરો વીણવાનું કામ કરતા હોવાનું તથા શેરઅલી શેખે સુરત ખાતે ભીખ માંગવાનું કામ કરતા હોવાનું જણાવ્યુ હતું.

પોલીસે તમામને ડીટેઈન કરી વડોદરા રેલવે સ્ટેશન ખાતે રાખી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

## આજવા રોડ ખાતે ગાય છોડાવી જવા પશુપાલકોનો ઢોર પાર્ટી ટીમ ઉપર હુમલો, એક મહિલા સહિત ચાર વિરુદ્ધ ગુનો નોંધાયો



શહેરમાં રખડતા પશુઓના કારણે અકસ્માતોની ઘટના ઘટી રહી છે. તો બીજીતરફ રખડતા પશુઓ પકડવાની કામગીરી દરમિયાન કોર્પોરેશનના કર્મચારીઓ ઉપર હુમલાના બનાવો પણ બને છે. ગતરોજ આજવા રોડ ખાતે રખડતા ઢોર પકડવાની કામગીરી દરમ્યાન પશુપાલકોએ કોર્પોરેશને પકડેલી ગાય છોડાવવા હુમલો કરતા એક મહિલા સહિત ચાર વિરુદ્ધ ગુનો નોંધાયો છે. વડોદરા કોર્પોરેશનના કેટલ પાર્ટી ઈન્સ્પેક્ટર ભવાનીસિંહ કનોજીયાની ફરિયાદ મુજબ, ગઈકાલે સાંજે કોર્પોરેશનની ટીમ પોલીસ બંદોબસ્ત સાથે આજવા રોડ ખાતે રખડતા ઢોર પકડવાની કામગીરી કરી રહી હતી. તે સમયે સર્વિસ રોડ પરથી એક રખડતી ગાયને પકડી આજવા બ્રિજ નીચે બાંધી હતી. જ્યાં ગાયના માલિક જયદીપસિંહ ચૌહાણ અને વશરામભાઈ ભરવાડએ કોર્પોરેશનના સ્ટાફ અને પોલીસ કર્મચારીઓ સાથે બિભત્સ વર્તન કરી અમારી ગાય કેમ પકડી છે?, તે ગાયને અમે તમને લઈ જવા નહીં દઈએ તેમ કહી ગાયને છોડાવવાની કોશિશ કરી કોર્પોરેશનના કર્મચારીઓને ધક્કા મારી પાડી દઈ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ સમયે ગાયના ગળાનું દોરડું કાઢી ગાય ભગાડી જવાની કોશિશ કરતા હોય સ્ટાફના કર્મચારીઓએ તે દોરડું પકડી રાખતા હાથ પર માર મારી ઈજા પહોંચાડી છે. ઉપરોક્ત ફરિયાદના આધારે પોલીસે જયદીપસિંહ જશવંતસિંહ ચૌહાણ, સવિતાબેન જશવંતસિંહ ચૌહાણ.

## 29 મીએ યુનિવર્સિટીનો 9 મો પદવીદાન સમારોહ : 13965 છાત્રને ડિગ્રી અપાશે

મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી દ્વારા વર્ષ-૨૦૨૧ બાદ કોન્વોકેશન થઇ શક્યું ન હતું. જ્યારે નવનિયુક્ત કુલપતિ માટે વર્ષ-૨૪ના છાત્રોનો પદવીદાન સમારોહ આગામી તા.૨૯ના રોજ યુનિ.ના આંગણે યોજાઇ રહ્યો છે જેમાં ૧૩૯૬૫ વિદ્યાર્થીઓને પદવી આપવામાં આવશે તેમજ વિવિધ ફેકલ્ટીમાં ઝળહળતા તેજસ્વી છાત્રોને મેડલ તથા પ્રાઈઝ આપી સન્માનિત કરવામાં આવશે. જે સમગ્ર કાર્યક્રમના અધ્યક્ષ સ્થાને રાજ્યપાલ રહેશે.

આગામી તા.૨૯ એપ્રિલના રોજ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીનો ૯મો પદવીદાન સમારોહ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતના અધ્યક્ષ સ્થાને અટલ ઓડીટોરીયમ ખાતે યોજાનાર છે



જેના અનુસંધાને આજે પ્રેસ કોન્ફરન્સ બોલાવાઇ હતી જેમાં નવનિયુક્ત કુલપતિ ડો.ભરત રામાનુજે વિગતો આપતા જણાવ્યું હતું કે, યુનિવર્સિટીના આ ૯માં કોન્વોકેશન દરમિયાન વર્ષ-૨૪ના કુલ ૧૩૯૬૫ વિદ્યાર્થીઓને પદવી આપવામાં આવશે. તો વિશેષ પ્રતિભા સમાન ૧૧ ફેકલ્ટીમાં ટોપ કરનાર એવા ૯૦ છાત્રોને મેડલ અપાશે. ગત કોન્વોકેશનમાં ૭૯ મેડલ હતા જેમાં મેડિકલ ફેકલ્ટીમાં એક વધુ મેડલ ઉમેરાતા ૧૬ થયા છે. તો સાયન્સમાં વધુ ૪ મેડલનો ઉમેરો થતા ૨૫, મેનેજમેન્ટમાં ૧નો ઉમેરો થતા ૫, કોમર્સમાં ૨નો ઉમેરો થતા ૪ તેમજ નર્સિંગમાં આ વર્ષથી ૧ નવો મેડલ આપવાનું આયોજન કરાયું છે. જ્યારે પ્રાઇઝમાં મેડિકલ ક્ષેત્રે ૨, સાયન્સ ફેકલ્ટીમાં ૧૫, કોમર્સમાં ૨, લોમા ૨, એજ્યુકેશનમાં ૬ અને આર્ટસમાં ૧૬ મેડલ આપવામાં આવશે જેમાં ૪૪ ગોલ્ડ, ૧૨ સિલ્વર અને ૩૪ ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ અપાશએ. આ પદવીદાન સમારોહને સફળતાપૂર્વક પાર પાડવા યુનિવર્સિટીની તમામ નિર્ધારીત કમિટીઓ દ્વારા આખરી ઓપ અપાયો છે. યુનિ. દ્વારા એનએડી પોર્ટલથી તમામ છાત્રોને ડિગ્રી ડીજી લોકરમાં પણ મળશે ડીજી લોકર ડીજીટલ ઇન્ડિયાનો એક મહત્વનો ભાગ છે. જે પૈકી મ.કૃ.ભાવનગર યુનિવર્સિટી દ્વારા આ ૯માં કોન્વોકેશનમાં એનએડી પોર્ટલ પર ડિસે.-૨૪ અને માર્ચ-૨૫ના કુલ ૧૩૯૬૫ ડીગ્રી સર્ટીફીકેટનો ડેટા ડીજીટલ લોકર એપ્લિકેશનમાં અપલોડ કરેલ છે. વધુમાં ૨૦૧૬થી જુન-૨૪ સુધીની કુલ ૭,૬૨,૭૮૮ માર્કશીટનો ડેટા પણ ડીજી લોકરમાં અપડેટ કરેલ છે જેથી વિદ્યાર્થી કોઈપણ સમયે કોઈપણ સ્થળેથી મોબાઈલ કે કોમ્પ્યુટરના ઉપયોગ થકી પોતાના દસ્તાવેજો જોઇ શકે પ્રિન્ટ કાઢી શકે જેની હાર્ડ કોપી સાથએ રાખવાની જરૂર નથી.

## લાલપુરના ખંઢેરા ગામમાં એક વાડીના બાથરૂમમાંથી ઈંગ્લિશ દારૂ પકડાયો: બે ખેડૂતની અટકાયત

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ખંઢેરા ગામમાં આવેલી વાડીમાં બે ખેડૂતો દ્વારા બાથરૂમમાં ઈંગલિશ દારૂનો જથ્થો સંતાડ્યો હોવાની બાતમીના આધારે પોલીસે દરોડો પાડી 21 નંગ ઈંગ્લિશ દારૂની બાટલી કબજે કરી લઈ બંને ખેડૂતોની અટકાયત કરી છે.

કાલાવડ ગ્રામ્ય પોલીસને મળેલી બાતમીના આધારે કાલાવડ નજીક ખંઢેરા ગામમાં રહેતા અને ખેતી કામ કરતા જયદીપસિંહ સુખદેવસિંહ જાડેજા તેમજ મોહીરાજસિંહ હકુમતસિંહ જાડેજા, કે જેઓ દ્વારા વાડીના મકાનના બાથરૂમમાં ઈંગલિશ દારૂ સંતાડ્યો છે, તેવી બાતમી ના આધારે દરોડો પાડયો હતો.જે દરોડા દરમિયાન 21 નંગ ઈંગ્લિશ દારૂની બાટલીનો જથ્થો મળી આવ્યો હતો.

## વાલીઓ-વિદ્યાર્થીઓ સાથે તંત્રની મજાક, 750 રૂપિયાની વન ટાઇમ સ્કોલરશિપ માટે પરીક્ષા

સમગ્ર રાજ્યની સાથે વડોદરા શહેર અને જિલ્લામાં આજે પ્રાથમિક શિષ્યવૃત્તિ અને માધ્યમિક શિષ્યવૃત્તિ માટે પરીક્ષા લેવામાં આવી હતી.આ પરીક્ષા માટે 30 સ્કૂલોમાં બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.ધો.6 અને 9ના 5299 વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી.જોકે મોઘવારીના જમાનામાં પરીક્ષા પાસ કરનારા વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિની નક્કી કરાયેલી રકમ મજાક સમાન છે. પરીક્ષા બાદ મેરિટના આધારે શિક્ષણ વિભાગ સમગ્ર રાજ્યમાં પ્રાથમિક વિભાગના 1000 અને માધ્યમિક વિભાગના 2900 વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપશે.આ પૈકી પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીને એક જ વખત માટે 750 રુપિયા તથા માધ્યમિકના વિદ્યાર્થીને એક જ વખત માટે 1000 રુપિયા આપવામાં આવશે. આમ તો ધો.૫માં અને ધો.8માં 50 ટકા કે તેથી વધારે માર્કસ લાવનાર કોઈ પણ વિદ્યાર્થી આ પરીક્ષા આપી શકે છે પરંતુ પરીક્ષા આપનારા મોટાભાગના વિદ્યાર્થીઓ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની અને જિલ્લા પંચાયતના શિક્ષણ વિભાગ દ્વારા સંચાલિત પ્રાથમિક સ્કૂલોના હતા.શિક્ષણ સમિતિના




સૂત્રોના કહેવા પ્રમાણે જે સ્કૂલના વિદ્યાર્થીને આ સ્કોલરશિપ મળે છે તે સ્કૂલને ગુણોત્સવમાં પોઝિટિવ માર્કિંગ મળે છે અને તેના કારણે સ્કૂલો પણ પોતાના વિદ્યાર્થીઓ આ પરીક્ષા આપે તેવો આગ્રહ રાખે છે.આડેધડ બેઠક વ્યવસ્થા ગોઠવાતા વાલીઓ- વિદ્યાર્થીઓ હેરાન થયા સ્કોરલશિપ પરીક્ષાની બેઠક વ્યવસ્થાને લઈને વાલીઓમાં કચવાટ જોવા મળ્યો હતો.કારણકે ઘણા વિદ્યાર્થીઓનો તેમના ઘરથી 10 થી 12 કિલોમીટર દૂર આવેલા સેન્ટરો પર વિદ્યાર્થીઓનો નંબર આવ્યો હતો અને આકરી ગરમીમાં આવા વિદ્યાર્થીઓની સાથે સાથે વાલીઓ પણ હેરાન થયા હતા.

રાકેશભાઈ માછી નામના એક વાલીએ કહ્યું હતું કે, હું કપૂરાઈ ચોકડી રહું છું અને મારી દીકરીનો નંબર ગોત્રી વિસ્તારની ઉત્કર્ષ વિદ્યાલયમાં આવ્યો છે.કાળઝાળ ગરમીમાં મારે દીકરીને લઈને 12 થી 15 કિલોમીટર દૂરની સ્કૂલમાં પરીક્ષા આપવા માટે આવવું પડયું છે.

## તબીબોની બેદરકારીના કારણે માતા -પુત્રનું મોત નીપજ્યું હોવાના પરિવારજનોના આક્ષેપ

ખાનગી હોસ્પિટલના તબીબોની બેદરકારીના કારણે માતા પુત્રનું મોત નીપજ્યું હોવાના આક્ષેપ સાથે પરિવારજનોએ ભારે હોબાળો મચાવી જવાબદારો સામે પગલાં ભરવા પોલીસ કમિશનર કચરી ખાતે રજૂઆત કરી હતી.

પાંચ દિવસ અગાઉ શહેરના સોમા તળાવ પાસેની સંજીવની હોસ્પિટલ ખાતે તબીબની બેદરકારીના કારણે નવજાત બાળકનું મોત નિપજ્યું હોવાના આક્ષેપ સાથે પરિવારજનોએ ભારે હોબાળો મચાવ્યો હતો.



તેવામાં આજે સયાજી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ માતાએ પણ દમ તોડતા પરિવારજનો જવાબદારો સામે કાર્યવાહી કરવા પોલીસ કમિશનરને રજૂઆત કરવા પોલીસ ભવન ખાતે એકત્ર થયા હતા. મૃતકના સંબંધીનું કહેવું છે કે, બાકરોલ સિગ્મા કોલેજ ખાતે રહેતા 22 વર્ષીય ભૂમિકાબેન કરણભાઈ ભાલીયાને ડિલિવરી માટે સોમા તળાવ સયાજી હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સીઝર બાદ બાળક મૃત જનમ્યું હતું, અને માતાને બ્લડીંગ બંધ થઈ રહ્યું ન હોય તબીબોએ સયાજી હોસ્પિટલ લઈ જવા જણાવ્યું હતું, દરમ્યાન ગઈકાલે રાત્રે સયાજી હોસ્પિટલમાં સારવાર લઈ રહેલ ભૂમિકાબેનનું પણ મોત નીપજ્યું છે.

# લાલપુર તાલુકાના મેમાણા ગામમાં એક ખેડૂત યુવાનના ઘરમાં ઘૂસી ખેડૂત પર હુમલો કરી તેની પત્નીનું અપહરણ: તેમના જ કુટુંબી સામે ફરિયાદ

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મેમાણા ગામમાં એક વિચિત્ર બનાવ બન્યો છે.

એક ખેડૂત યુવાનના ઘરમાં તેનો જ કુટુંબી ઘુસ્યો હતો, અને ખેડૂત યુવાનને માર મારી તેની પત્નીનું બળજબરીપૂર્વક અપહરણ કરી ગયો હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવાઇ છે. જેમાં પ્રેમ પ્રકરણ કારણભૂત હોવાનું જણાવાયું છે.

ખેડૂતની પત્ની ઘરમાંથી 10 લાખની રોકડ રકમ અને ત્રણ તોલા સોનું પણ લઈ ગઈ હોવાનું જાહેર થયું છે, જેથી અપહરણ કરનાર, તેમજ ખેડૂતની પત્નીને લાલપુર પોલીસ શોધી રહી છે. આ બનાવની વિગત એવી છે કે લાલપુર તાલુકાના મેમાણા ગામમાં રહેતા અને ખેતી કામ કરતા યુવરાજસિંહ નાનભા જાડેજા નામના 40 વર્ષના ખેડૂત યુવાને પોતાના ઘરમાં ઘૂસી જઈ પોતાને માર મારવા અંગે તેમજ પોતાની પત્નીને ઉઠાવી જવા અંગે પોતાના જ કુટુંબી જામનગર તાલુકાના મુંગણી ગામમાં રહેતા ભગીરથસિંહ ઉર્ફે લાલો દીલુભા જાડેજા સામે ફરિયાદ નોંધાવી છે. ગત 25મી તારીખે રાત્રિના આ બનાવ બન્યો હતો, અને ખેડૂત યુવાનના જાહેર કરાયા અનુસાર તેની પત્ની ઘરમાંથી બહાર નીકળી



ત્યારે પોતાની સાથે ખેતીની ઉપજની ઘરમાં રાખવામાં આવેલી રૂપિયા દસ લાખની રોકડ રકમ, ઉપરાંત 3 તોલા સોનુ પોતાની સાથે લઈ ગઈ હોવાનું જણાવ્યું છે.

જે દિશામાં પોલીસ તપાસ ચલાવી રહી છે. પોલીસમાં વધુ પૂછપરછમાં જણાવ્યા અનુસાર યુવરાજસિંહ જાડેજા કે જે ખેતીના કામસર અવારનવાર બહાર ગામ જતો હતો, જે દરમિયાન તેના ઘરમાં પાછળથી કોઈ વ્યક્તિ આવતી હોવાનું અને પોતાની પત્નીને મળતા હોવાનું જાણવા મળતાં તે અંગે તપાસ શરૂ કરી હતી. દરમિયાન પરમ દિવસે રાત્રિના સમયે પોતે બાજુના ગામમાં જઉં છું તેમ પત્નીને કહીને ઘેરથી નીકળ્યા હતા, ત્યારબાદ પોતે પોતાના ગામના બસ ડેપો પાસે સંતાઈ ગયો હતો. દરમિયાન પત્નીનો ફોન આવ્યો હતો, કે તમે કેટલે સુધી પહોંચ્યા છે. જ્યારે તેણે પોતે કાલાવડ પહોંચી ગયો હોવાનું પત્નીને ખોટું જણાવ્યું હતું. ત્યારબાદ પોતે પોતાના ઘર પાસે આવતાં બાઈકમાં એક શખ્સને પોતાના ઘરમાં ઘૂસતો જોયો હતો, તેથી તે પણ પોતાના ઘરનો દરવાજો ખુલ્લો હોવાથી ઘરમાં પ્રવેશી ચૂક્યો હતો.ત્યાં અંદર પોતાના બેડરૂમનો દરવાજો બંધ જોવા મળ્યો હતો. આથી તેણે પોતાના રૂમ બંધ જોવા મળતાં દરવાજા ને ખખડાવતાં થોડો સમય સુધી ખુલ્યો ન હતો, પરંતુ થોડીવાર બાદ તેમાંથી લાલો જાડેજા બહાર આવ્યો હતો, અને તેણે યુવરાજસિંહ ઉપર હુમલો કરી માર મારી પછાડી દીધો હતો, ત્યારબાદ યુવરાજસિંહની પત્નીને પોતાની સાથે લઈને ભગીરથસિંહ ભાગી છૂટ્યો હતો.

આથી અન્ય પરિવારજનોને બોલાવ્યા બાદ સમગ્ર મામલો લાલપુર પોલીસ મથકમાં લઈ જવાયો હતો. આથી લાલપુર પોલીસ આરોપી ભગીરથસિંહને તેમજ ખેડૂત યુવાનની પત્નીને શોધી રહી છે.

## ૩૨ ટકા વધુ ભાવના સિંગલ ટેન્ડરથી પશ્ચિમ વિસ્તારમાં રોડ રીસરફેસ કરવા ૩૨ કરોડથી વધુનુ કામ અપાયું



મ્યુનિ.ની રોડ કમિટીની બેઠકમાં શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા રોડ રીગ્રેડ કરી રીસરફેસ કરવાનુ રુપિયા ૩૨ કરોડથી વધુનુ કામ કોન્ટ્રાકટર એપેક્ષ પ્રોટેકને એન્યુઅલ રેટ કોન્ટ્રાકટથી ૩૨ ટકા વધુ ભાવથી આપી દેવાયુ છે. પશ્ચિમ ઝોનમાં કોઈ કોન્ટ્રાકટર રોડના કામ કરવા તૈયાર ના થાય એનું બને ખરુ એવી ચર્ચા મ્યુનિ.વર્તુળોમાં સાંભળવા મળી રહી છે.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં દર વર્ષે રોડ રીસરફેસ કરવા તથા નવા બનાવવા પાછળ કરોડો રુપિયાનો ખર્ચ કરાય છે. આમ છતાં રોડ તૂટવાના અનેક બનાવ સામે આવે છે.રોડ એન્ડ બિલ્ડિંગ કમિટીની બેઠકમાં પશ્ચિમ ઝોનમાં આવેલા જુદા જુદા વોર્ડના આવેલા રસ્તાઓ રીગ્રેડ કરી રીસરફેસ કરવા અંદાજીત ભાવથી ૩૨ ટકા વધુ ભાવથી એટલે કે રુપિયા ૩૨.૯૪ કરોડના ભાવથી જી.એસ.ટી.સિવાય આપવા કમિટીએ ટેન્ડર મંજૂર કર્યુ છે.ચેરમેન જયેશ પટેલ કહયુ, આ કોન્ટ્રાકટરને જી.એસ.ટી.અલગથી ચુકવવામાં આવશે.

## મુખ્યમંત્રીના મદદનીશ બાદ વધુ એક વિકેટ પડી, CMOમાંથી ઉપસચિવની બદલી કરાઈ




મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અંગત મદદનીશ નીલ પટેલની મુખ્યમંત્રી કાર્યાલયમાંથી હકાલપટ્ટી કરાયા બાદ મુખ્યમંત્રી કાર્યાલયમાંથી વધુ એક અધિકારીને વિદાય આપવામાં આવી છે. મુખ્યમંત્રી કાર્યાલયમાં સાફસુફી કરવામાં આવી રહી છે જે સચિવાલયમાં ચર્ચાનો મુદ્દો બની રહ્યો છે. જીલ્લા પ્રમુખોની યાદી લીક થતા નીલ પટેલની હકાલપટ્ટીઆ જ સપ્તાહમાં મુખ્યમંત્રીના અંગત મદદનીશ નીલ પટેલની હકાલપટ્ટી કરાઇ છે. એવો ગણગણાટ છે કે, ભાજપ જીલ્લા પ્રમુખોની યાદી જાહેર થાય તે પહેલાં સંભવિત દાવેદારોને આગોતરી જાણ થઈ ગઈ હતી. એટલુ જ નહીં, જીલ્લા પ્રમુખોનું પેપર ફુટી જતાં ભાજપની આબરુ ધુળધાણી થઇ હતી. આ બધાય માટે જવાબદાર મુખ્યમંત્રીના અંગત મદદનીશ નીલ પટેલને મુખ્યમંત્રી કાર્યાલયમાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. ઉપસચિવ જપન દવેને પણ વિદાય આપવામાં આવી આ ઘટના હજુ ભૂલાઇ નથી ત્યાં મુખ્યમંત્રી કાર્યાલયમાં ગૃહવિભાગનો પોર્ટફોલિયો સંભાળતા ઉપસચિવ જપન દવેને પણ વિદાય કરાયા છે. તેમની આરોગ્ય વિભાગમાં બદલી કરી દેવાઈ છે. જો કે, ક્યા કારણોસર જપન દવેને મુખ્યમંત્રી કાર્યાલયમાંથી બદલી કરી દેવાઈ છે તે મુદ્દે હજુ કોઈ ફોડ પાડવામાં આવ્યો નથી. પણ આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો છે. આ પણ વાંચોઃ વાલીઓ-વિદ્યાર્થીઓ સાથે તંત્રની મજાક, 750 રૂપિયાની વન ટાઇમ સ્કોલરશિપ માટે પરીક્ષાઆ અગાઉ પણ મુખ્યમંત્રીના અંગત મદદનીશ ધ્રુમિલ પટેલને પણ ભ્રષ્ટાચારના આરોપસર ઘેર બેસવું પડ્યુ છે. આમ, અંગત મદદનીશથી માંડીને અન્ય અધિકારીઓના વિવાદને લીધે મુખ્યમંત્રી કાર્યાલય ચર્ચાના કેન્દ્રમાં રહ્યુ છે.

## ભાવનગરથી વેળાવદર ઉધાન, લોથલ, કેવડિયાને જોડતી સીધી એસટી બસ નથી



ભાવનગરથી વેળાવદર કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાન, લોથલ, કેવડિયા કોલોની સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી પહોંચવા માટે એસ.ટી. બસની સુવિધા ઉપલબ્ધ નથી. ઉનાળાનું વેકેશન નજીકમાં છે ત્યારે મધ્યમ વર્ગના પરિવારો માટે નજીકના પર્યટન સ્થળોએ પહોંચવાનું જ મુશ્કેલ છે ત્યારે પ્રવાસન વિકસે કેવી રીતે ? તેવો પ્રશ્ન લોકોમાં ઉઠયો છે. જિલ્લામાં વેળાવદર ભાલ ખાતે આવેલ કાળિયાર રાષ્ટ્રીય ઉદ્યાનમાં કાળિયાર મૃગને ટોળાબંધ ઉછળકૂદ કરતા નિહાળવા એ લ્હાવો છે. આ ઉપરાંત, વન્ય જીવ સૃષ્ટિ, પંખીઓને નિહાળવાનો અવસર પણ મળતો હોય છે. વર્ષમાં ચોમાસાના ચાર માસ તા. ૧૬ જૂનથી ૧૫ ઓક્ટોબર દરમિયાન ઉદ્યાન બંધ રહે છે. આથી આઠ માસ ઉદ્યાન પ્રવાસીઓ માટે ખુલ્લો રહે છે. પરંતુ વેળાવદર સુધી પહોંચવા માટે એસટી બસની સુવિધા જ ઉપલબ્ધ નથી. એ જ રીતે ઐતિહાસિક પુરાતત્વીય સાઈટ લોથલ ભાવનગર-અમદાવાદ માર્ગ પર ભાવનગરથી અંદાજે ૯૭ કિમી દૂર છે. પરંતુ લોથલ પહોંચવા માટે ભાવનગરથી એસટીની બસ સુવિધા જ ઉપલબ્ધ નથી. કેવડિયા કોલોનીમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી પહોંચવા માટે ભાવનગરથી સીધી એસટી બસ સુવિધા નહીં હોવાથી હાલ વડોદરા થઈને જવું પડે છે. એસટીએ મધ્યમ વર્ગીય પરિવારો માટે પરિવહન માટેનું મહત્વપૂર્ણ અને સુલભ સાધન છે. આથી પ્રવાસન ધામોને અનુલક્ષીને એસટી દ્વારા બસ સુવિધા શરૂ કરવામાં આવે તો મધ્યમ વર્ગીય લોકોને સપરિવાર પ્રવાસ પર્યટન પર જવાનો અવસર મળે. પ્રવાસનને વિકસાવવાની મોટી મોટી ગુલબાંગો વચ્ચે ફેંકાય છે. છૂટપૂટ પ્રયત્ન થાય છે પરંતુ સુગ્રથિત પ્રયાસ થતા નથી. પરિણામે સ્થાનિક લોકોને વ્યાપકપણે રોજગારી આપવાની ગુંજાઈશ ધરાવતો આ ઉદ્યોગ છે ત્યારે તેના વિકાસ માટે યોગ્ય પ્રયત્નની આવશ્યકતા છે.

## આઠ વર્ષથી વધુ જૂના તમામ પ્રકારના વાહનોને સ્ક્રેપ પોલિસીનો લાભ મળશે




આઠ વર્ષથી વધુ જૂના તમામ પ્રકારના વાહનો માટે તા. ૧લી મેથી અમલમાં આવે તે રીતે એક વર્ષ માટે સ્ક્રેપ પોલિસી મૂકવામાં આવી રહી છે. જે અંતર્ગત આરવીએસએફ સેન્ટરમાં સ્ક્રેપ કર્યેથી ટેક્ષ માફી જાહેર કરવામાં આવી છે.

આ અંગેની પ્રાપ્ય વિગત અનુસાર મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈ-વે દ્વારા રજિસ્ટ્રેશન એન્ડ ફંક્શન્સ ઓફ વ્હીકલ સ્ક્રેપિંગ ફેસિલિટી (આર.વી.એસ.એફ.) રૂલ્સ જાહેર કરવામાં આવેલ છે. જે અંતર્ગત રાજ્યના બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા ગઈ તા. ૨૪ માર્ચના રોજ કરાયેલ પરિપત્રમાં જણાવાયું હતું કે, આ સ્ક્રેપિંગ પોલિસી અંતર્ગત માન્ય આરવીએસએફ સેન્ટર ખાતે જૂના વાહનો સ્ક્રેપ કરવાથી ઈસ્યુ કરવામાં આવતા સર્ટીફિકેટ ઓફ ડિપોઝીટની સામે સ્ક્રેપ થનાર મોટર વાહન પર બાકી વેરા પર લાગુ પડેલ પૂરેપૂરો દંડ માફ કરવાનું ઠરાવાયું છે.

આ જોગવાઈ આઠ વર્ષથી વધુ વયના મોટર વાહનોને લાગુ પડશે. મોટર વાહનની વયની ગણતરી માટે તેની પ્રથમ નોંધણીની તારીખ ધ્યાને લેવામાં આવશે. મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ સિવાયના કાયદા હેઠળ નોંધાયેલા ગુનાઓમાં સામેલ વાહનોને આ ઠરાવની જોગવાઈ લાગુ પડશે નહીં. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં કુલ પાંચ સ્ક્રેપિંગ સેન્ટરને મંજૂરી આપવામાં આવી છે. જેમાં ભાવનગર જિલ્લામાં અલંગ જ્યારે અમદાવાદ અને ખેડા જિલ્લામાં ૨-૨ સેન્ટરનો સમાવેશ થાય છે.

સૂત્રોના જણાવ્યા મુજબ આ પોલિસીનો લાભ મેળવવા માટે ૮ વર્ષથી વધુ જૂના વાહન માલિકે આર.ટી.ઓ.માં અરજી કરવાની રહેશે. આર.ટી.ઓ. દ્વારા પરવાનગી મળે તે પછી સ્ક્રેપ સેન્ટરમાં વાહનના સ્ક્રેપિંગની પ્રક્રિયા થશે. વાહન સ્ક્રેપ થયાની જાણ સેન્ટર દ્વારા આરટીઓને કરવામાં આવશે. જેના અનુસંધાને સર્ટિફિકેટ ઓફ ડિપોઝીટ (સીઓડી) ઈસ્યુ કરવામાં આવશે. આ સર્ટિફિકેટનો નવા વ્હીકલની ખરીદી વખતે ઉપયોગ થઈ શકશે.

## દારૂના ચિક્કાર નશામાં ધૂત ચાલકે અકસ્માત સર્જ્યો, કાર કાંસમાં ખાબકી



આણંદના ખાંધલી ગામ પાસે દારૂના નશામાં ધૂત કાર ચાલકે અકસ્માત સર્જીને બે નાગરિકોને અડફેટે લીધા હોવાનું જાણવા મળ્યું છે. આ અકસ્માત સર્જીને નાસી છૂટવા જતા વિશ્રોલીથી સુણાવ જવાના માર્ગ પર રસ્તાની સાઇડમાં ગટરની કાંસમાં કાર ખાબકી હતી. આ મામલે પોલીસ દોડી આવી હતી. તાલુકાના ખાંધલી ગામે દારૂના નશામાં બેખોફ થઈને કાર હંકારતા ચાલકે બે લોકોને અડફેટે લેતા નાસભાગ મચી ગઇ હતી અને અકસ્માત સર્જીને વિશ્રોલીથી સુણાવ જવાના રોડ પર કાર રસ્તાની સાઇડની ગટરના કાંસમાં ખાબકી હતી. કાર સ્પીડમાં હોવાથી લ્હીલ પ્લેટ પરથી ટાયર પણ નીકળી ગયું હતું. આ ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી હતી. જેના પગલે મહેળાવ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી ગાડીમાં તપાસ કરાત વિદેશી દારૂના કવાટરીયા જોવા મળ્યા હતા. જયારે કાર ચાલકને પોલીસ મથકે લઇ જવાયો હતો. આ ઘટનાને લઇ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## આણંદ જિલ્લાની મહી કેનાલોમાં સિંચાઈનું પાણી બંધ કરી દેવાતા ઉનાળુ પાક બળી જવાની ભીતિ



આણંદ જિલ્લામાં ૧૫ એપ્રિલથી મહી કેનાલોમાં સિંચાઈનું પાણી બંધ કરી દેવામાં આવતા ઉનાળુ પાકનું વાવેતર કરતા ખેડૂતોમાં ચિંતા પ્રસરી છે. ઉનાળુ વાવેતરના પ્રારંભે મહી કેનાલોમાં પ્રતિદિન ૩૭૫૦ ક્યૂસેક પાણી છોડવામાં આવતું હતું. જેના આધારે ખેડૂતોએ ખેતીના પાકોનું વાવેતર કરી દીધું હતું. પરંતુ હવે ખરાં સમયે જ સિંચાઈ વિભાગે હાથ ઉંચા કરી લીધા છે. આણંદ જિલ્લામાં અંદાજિત ૮૪ ૨૦૦ હેક્ટરમાં ઉનાળુ પાકનું વાવેતર કરવામા આવ્યુ છે. જેમાં ડાંગર ૨૯ ૬૨૨ હેક્ટર, મગ ૬૯૦ હેક્ટર, શાકભાજી ૧૧૦૯૪, ઘાસચારો ૧૩૦૪૫, બાજરી ૩૭ ૮૭૦ હેક્ટરનો સમાવેશ થાય છે. ત્યારે પાછોતરૂ વાવેતર કરતા અને પિયત માટે અન્ય જળસ્રોતોનો અભાવ ધરાવતા વિસ્તારના ખેડૂતોને કેનાલોના પાણીના અભાવે વાવણી કાર્ય તેમજ આગામી દિવસોમાં પિયતના અભાવે પાકમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. આણંદ જિલ્લામાં મહી કેનાલોમાં સિંચાઈનું પાણી ન આવે તો.

## ગુજરાત પોલીસે બાંગલાદેશીઓને પકડવામાં કાચુ કાપ્યું, RJDના પ્રદેશ પ્રમુખના ઘટસ્ફોટ બાદ બિહારના 4 લોકોને છોડ્યા



ગુજરાતમાં ગેરકાયદે વસવાટ કરતાં વિદેશી નાગરિકોને શોધીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જેમાં પોલીસ દ્વારા અમદાવાદ અને સુરત શહેરમાં દરોડા પાડીને લગભગ એક હજારથી વધુ શંકાસ્પદ બાંગ્લાદેશીઓને ઝડપી પાડ્યા હતા. આ દરમિયાન પોલીસે અમુક બિહારી લોકોને બાંગ્લાદેશી સમજીને પકડી પાડ્યા હતા. સમગ્ર મામલે રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના મહિલા વિંગના પ્રદેશ પ્રમુખે ટ્વિટ કરીને ડોક્યુમેન્ટ રજૂ કરવાની સાથે માહિતી આપી હતી. આ પછી પોલીસે તાત્કાલિક બિહારના ચાર યુવકોને ડોક્યુમેન્ટ મંગાવીને તપાસ કર્યા બાદ ચારેયને મુક્ત કરવામાં આવ્યા હતા. RJDના મહિલા વિંગના પ્રદેશ પ્રમુખે પોસ્ટમાં શું જણાવ્યું? ગુજરાત પોલીસે અમદાવાદમાંથી 890 અને સુરતમાંથી 134 ગેરકાયદે બાંગ્લાદેશીઓની અટકાયત કરીને તેમના દસ્તાવેજ ચકાસણીની પ્રક્રિયા હાથ ધરી હતી. જો કે, પોલીસે કાર્યવાહી દરમિયાન બિહારના ચાર યુવાનોને બાંગ્લાદેશી સમજીને ઝડપી પાડ્યા હતા. આ મામલે RJDના મહિલા વિંગના પ્રદેશ પ્રમુખ રીતુ જયસ્વાલે બિહારની કચેરીના સરપંચના પત્ર સાથેની સોશિયલ મીડિયા માધ્યમ 'X' પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, 'બાંગ્લાદેશી સમજીને ઝડપી પકડવામાં આવેલા ચાર યુવકો બિહારના બાયા ગામના વતની હોવાનું જણાવ્યું હતું. ઝડપાયેલા ચારેય યુવક પરિવારનું ગુજરાન ચલાવવા માટે ગુજરાત ગયા હતા. તેમને બાંગ્લાદેશી કહીને કસ્ટડીમાં પણ લેવામાં આવ્યા છે.' રીતુ જયસ્વાલે બિહારના ચાર યુવકોના નામ, આધાર કાર્ડ નંબર સહિતની જાણકારી આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'આ મામલે બિહાર સરકારને આગ્રહ કરુ છું કે, તાત્કાલિક ગુજરાત સરકાર સાથે સંપર્ક સ્થાપિત કરીને બિહારના કોઈપણ નિર્દોષ યુવકોને પરેશાન ન કરવામાં આવે. આ યુવકોએ માત્ર એટલો ગુનો કર્યો કે પછાત વિસ્તારના રહેવાસી છે.\ જ્યાં

## અમદાવાદના ચાર ઝોનમાં ત્રણ કરોડથી વધુના ખર્ચથી બાર નવા બોરવેલ બનાવવા મંજૂરી



અમદાવાદના મધ્ય, પશ્ચિમ,ઉત્તર-પશ્ચિમ અને દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં ૩.૮૦ કરોડના ખર્ચથી નવા બાર બોરવેલ બનાવવા પાણી સમિતિએ દરખાસ્ત મંજૂર કરી છે.વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન કમ્પાઉન્ડમાં બોરવેલ ના હોય ત્યાં નવા બોર બનશે. અમદાવાદ મ્યુનિ.ના વોટર ઓપરેશન વિભાગ દ્વારા પાણી સમિતિ સમક્ષ મુકેલી દરખાસ્ત કમિટીએ મંજૂર કરી હતી.કમિટી ચેરમેન દીલીપ બગરીયાએ કહયુ,મધ્ય,પશ્ચિમ, ઉત્તર-પશ્ચિમ અને દક્ષિણ -પશ્ચિમ ઝોનમાં આવેલા જુદા જુદા વોર્ડમાં જે સ્થળ ઉપર વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન ઉપરથી પાણી પહોંચતુ ના હોય તેવા આઈસોલેટેડ સ્થળો ઉપર, વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન ઉપર જ્યાં બોરવેલ ના હોય ત્યાં તેમજ હયાત બોરવેલ ફેઈલ થાય તેવા સંજોગોમાં નવા બોરવેલ બનાવવાના થાય છે.પ્રતિ બોરવેલ રુપિયા ૨૮.૫૭ લાખ જી.એસ.ટી.સાથે ખર્ચ અંદાજવામાં આવ્યો છે.મે.ફિલ્ડ માસ્ટર એન્જિનિયરીંગ કુ, શ્રી ન્યાલકરણ ટયુબવેલ કુ, મે.શકિત ટયુબવેલ કુ તથા મે.નિલકંઠ યુબવેલ કોર્પોરેશન અલગ અલગ સ્થળે નવા બોરવેલ બનાવશે.

## અમદાવાદ મ્યુનિ.ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા મુસાફરો ફરિયાદ કરી શકે એ માટે વ્હોટસઅપ નંબર જાહેર કરાયા



અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા મુસાફરો બસ અંગેની ફરિયાદ કરી શકે એ માટે બે વ્હોટસઅપ નંબર જાહેર કરાયા છે.૮૫૧૧૧૭૧૯૪૧ અને ૮૫૧૧૧૬૫૧૭૯ આ બે નંબર મુસાફર ફોટા અને વિડીયો મોકલીને ફરિયાદ કરી શકશે.એ.એમ.ટી.એસ.ની બસમાં શહેરમાં રોજ એક લાખથી વધુ મુસાફરો મુસાફરી કરે છે. મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ દ્વારા શહેરના વિવિધ રુટ ઉપર બસ દોડાવવામા આવે છે ત્યારે બસમાં મુસાફરી કરતા મુસાફરો ડ્રાઈવર દ્વારા વધુ સ્પીડમાં બસ હંકારવી,બસ સ્ટેન્ડ ઉપર બસ ઉભી ના રાખવી, મુસાફરો સાથે ઉદ્ધતાઈભર્યુ વર્તન કરવું, બસમાં ગંદકી, અવ્યવસ્થા કે અન્ય બાબતને લગતી ફરિયાદ કરી શકશે.કમિટીના ચેરમેન ધરમશી દેસાઈએ કહયુ,તંત્ર દ્વારા મુસાફરો તરફથી મળેલી ફરિયાદની તપાસ કરાવવામા આવશે.તપાસ પછી જે તે જવાબદાર વ્યક્તિ અથવા તો કોન્ટ્રાકટર સામે કાર્યવાહી કરવામાં આવશે.અત્યારસુધી મુસાફરો માત્ર ટેલિફોન કે મોબાઈલની મદદથી ફરિયાદ કરી શકતા હતા.આ વ્યવસ્થાથી તંત્ર દ્વારા હાલમાં પુરી પાડવામાં આવતી બસ સેવાની ગુણવત્તામાં સુધારો કરી શકાશે.

## અડાસ નજીક વાહનનું ટાયર માથા પર ફરી વળતા નડિયાદના વૃદ્ધાનું મોત




અમદાવાદ વડોદરા નેશનલ હાઈવે ઉપર આવેલ આણંદ તાલુકાના અડાસ ગામના બ્રિજ નજીક ગઈ કાલ સમી સાંજના સુમારે ઝડપે જઈ રહેલ અજાણ્યા વાહને એકટીવા ને ટક્કર મારતા તેના પર સવાર ૭૦ વર્ષીય વૃદ્ધાનું કરુણ મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે વાસદ પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે અકસ્માત નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે

મળતી માહિતી મુજબ નડિયાદના પવનચક્કી રોડ ઉપર આવેલ આદર્શ સોસાયટી ખાતે રહેતા ભાગ્યવાન ઈમાનુએલ ક્રિશ્ચિયન ગતરોજ ૭૦ વર્ષીય પત્ની મૃણાલી બેનને એકટીવા ઉપર બેસાડી વડોદરા ખાતે દવા લેવા ગયા હતા. ત્યાંથી સાંજ ના સુમારે દંપતી પરત ફરી રહ્યું હતું, ત્યારે નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલ આણંદ તાલુકાના અડાસ ગામના બ્રિજ નજીકથી તેઓ પસાર થઈ રહ્યા હતા તે સમયે અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પૂર ઝડપે હંકારી લાવી એકટીવાને પાછળથી ટક્કર મારતા દંપતી રોડ ઉપર પટકાયું હતું. દરમિયાન અજાણ્યા વાહનનું વ્હીલ મૃણાલીબેન ના માથાના ભાગે ફરી વળતા તેઓનું ઘટના સ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું આ બનાવ અંગે વાસદ પોલીસે ભાગ્યવાન ક્રીસ્ચન ની ફરિયાદના આધારે અજાણ્યા વાહનચાલક સામે અકસ્માત નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી

## સુરેન્દ્રનગર રિવરફ્રન્ટ પરથી ચોરીના બાઈક સાથે બે શખ્સ ઝડપાયા



સુરેન્દ્રનગર રિવરફ્રન્ટ પરથી ચોરીના બાઈક સાથે લીંબડીના બે શખ્સને ઝડપી પાડયા હતા. આરોપીઓની પુછપરછમાં બંનેએ કુલ ત્રણ બાઈકની ચોરી કરી હોવાની કબૂલાત કરતા પોલીસે ત્રણ બાઈક કબજે કરી ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. રિવરફ્રન્ટ રોડ પર જિલ્લા પંચાયત ત્રણ રસ્તા પાસેથી બે શખ્સ ચોરીના બાઈક સાથે પસાર થવાના હોવાની બાતમીના આધારે એ-ડિવીઝન પોલીસ ખાટકીવાડ તરફથી શંકાસપદ હાલતમાં એક બાઈક પર બે શખ્સો પસાર થતાં તેને ઉભા રખાવી પુછપરછ હાથ ધરી હતી. બાઈક ચેક કરતા બાઈકમાં નંબર પ્લેટ નહોતી અને આધાર પુરાવા માંગતા બંને ગલ્લા-તલ્લા કરતા હતા. નામઠામ પુછતા બાઈક ચાલકની ઓળખ મયુરભાઈ ઉર્ફે બીટુ અશોકભાઈ રાઠોડ (રહે.લીંબડી) અને બાઈક પર પાછળ સવાર શખ્સની ઓળખ ઈમ્તીયાઝ ઉર્ફે કપાલી કાસમભાઈ ખોજાણી (રહે.લીંબડી) તરીકે થઈ હતી.

## વિરપુર બેંક ઓફ બરોડાના કેશિયરે ખાતેદારોની જમાપુંજી ઓનલાઈન ગેમિંગમાં ઉડાવી દીધી




મહિસાગર જીલ્લાના વિરપુરની બેન્ક ઓફ બરોડાના કેશિયરે આચરેલા કૌભાંડના પગલે પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધ્યો છે. આ કેશિયરે છેલ્લા છ વરસ દરમિયાન અનેક ખાતેદારોના ૪૨ લાખ જેવી રકમ ચાઉં કરી હતી. આ અંગે બેન્ક મેનેજરે ફરિયાદ આપ્યા બાદ પોલીસ હરકતમાં આવી છે. આ દરમિયાન એવી વિગતો જાણવા મળે છે કે બેન્કના અધકારીઓ સથે પુછપરછ દરમિયાન કેશિયર જયસુખરામ બાબુલાલે લોકોની જમાપુંજી ચાઉં કરી ગયા બાદ આ તમામ રકમ એટલે કે રૂ. ૪૨ લાખ ઓનલાઈન ગેમીંગમાં ઉડાવી દીધા છે.વિરપુર બેન્ક ઓફ બરોડાના મેનેજર વેદપ્રકાશ છાજુસિંહ યાદવે જણાવ્યું હતુ કે, બેન્કમાં કેશિયર તરીકે જયસુખરામ બાબુલાલ (રહે. ભેડ, તા. ખીમસર, જિ. નાગોર, રાજસ્થાન, હાલ રહે. અંબીકા સોસાયટી વિરપુર) ૨૦૧૯ થી ફરજ બજાવે છે. જયસુખને બેન્ક દ્વારા રોકડની લેવડ દેવડ સહિતની વિવિધ ફરજો સોંપવામાં આવી હતી. આ દરમિયાન જયસુખે ખોટી એફડીઆર બનાવી તથા રોકડ લેવડ દેવડમાં ગેરરીતિ આચરી હોવાની ફરિયાદ મળી હતી. જે અંગે તપાસ કરવામાં આવી હતી. આ તપાસમાં જયસુખરામ બાબુલાલે ગ્રાહકોના નાણા સ્વીકારી ખોટા એફડીઆર સર્ટીફિકેટ બેન્કો સિક્કો મારી, નાણા જમા કર્યાની રોકડ ડિપોઝીટ સ્લીપ સ્વીકારી ખાતેદારના ખાતામાં જમા નહીં કરી તથા ગ્રાહકોના ચેક લઈ ચેકમાં દર્શાવેલી રકમ ધારણકર્તાના ખાતામાં ડેબીટ કરી ખાતેદારના નાણા નહીં આપી પોતાના અંગત કામમાં ઉપયોગ કર્યા હતાં. 5 વર્ષથી ચાલતા કૌભાંડની બેન્ક મેનેજરને ગંધ ન આવીવિરપુર બેન્ક ઓફ બરોડાના કેશિયર જયસુખરામે એક બે નહીં પરંતુ અનેક ખાતેદારોના નાણા ખિસ્સામાં સેરવી લીધાં હતાં. પ્રાથમિક તપાસમાં જ આ આંકડો ૪૨ લાખ સુધી પહોંચી ગયો છે. હજુ કેટલા થશે? તે પોલીસ તપાસમાં બહાર આવશે. જયસુખ વર્ષ ૨૦૧૯થી બેન્કમાં નોકરી કરે છે અને ૨૦૨૫ ના વર્ષ સુધીમાં તેણે સમગ્ર કૌભાંડને અંજામ આપ્યો છે. આમ છતાં બેન્ક મેનેજર સંપૂર્ણ અંધારામાં રહ્યાં તે આશ્ચર્યની બાબત છે.છેતરપિંડીનો ભોગ બનેલા ખાતેદારો- રમીલાબહેન પ્રતાપભાઈ વાળંદની બે એફડીના રૂ. ૫ લાખ. - ભારતીબહેન હસમુખભાઈ પટેલની કુલ સાત એફડીના રૂ.૧૫ લાખ. - જેસીંગભાઈ સુખાભાઈ પરમારની એફડીના ૪ લાખ.- જેસીંગભાઈ સુખાભાઈ ખાંટના રૂ. ૩ લાખ. - જીવાભાઈ શનાભાઈ ભોઈના રૂ. ૧.૫ લાખ. - ભરતકુમાર કાળીદાસના રૂ. ૨ લાખ - રાકેશકુમાર ચુનીલાલ ધોબી રૂ. ૨ લાખ. - પરસોત્તમભાઈ નાથાભાઈ પટેલના રૂ.૫૦ હજાર. - ભોલેનાથ ટેક્સ ટાઈલ્સ એન્ડ એમ્પોરીયમના રૂ.૫૦ હજાર.તા.૧૫મી એપ્રિલે એક ખાતેદાર એફડી સર્ટિ. લઈને આવ્યા અને ભાંડો ફૂટયોતા. ૧૫મી એપ્રિલ ૨૦૨૫ ના રોજ ખાતેદાર રમીલાબહેન વાળંદના પતિ પ્રતાપભાઈ બેંકમાં આવ્યાં હતાં અને બે અલગ અલગ રૂ.૫ લાખની એફડી બતાવી હતી. આ એફડીનું ચેકીંગ કરતાં તે બોગસ હતી. આ એફડીના સર્ટીફિકેટ વેરીફાઈ કરતાં શાખાના કેશીયર જયસુખરામ બાબુલાલે બનાવી આપ્યાં હતાં. આ અંગે તાત્કાલિક દાહોદ રીજનલ ઓફિસને જાણ કરતાં જયસુખરામનું આઈડી બ્લોક કરી દેવામાં આવ્યું હતું. આ અંગે જયસુખનો ખુલાસો પુછતાં તેણે ખોટી એફડીઆર તાથા ડીપોઝીટ સ્લીપ, વિડ્રોવલ સ્લીપ, ચેક વિડ્રોવલ વિગેરે નાણાની લેવડ -દેવડ બાબતે ગેરરીતિ આચરી હોવાની કબુલાત કરી હતી .

## ભાવનગર-બાન્દ્રા ટ્રેન બોટાદ, ધોળા, સોનગઢ, સિહોર સ્ટેશને ઉભી રહેશે



પોપટપરાના શખ્સે ઈન્સ્ટાગ્રામ પર રીલ વાઈરલ કરી પેરોલ ફર્લો વિભાગમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ પાસે બે લાખની ખંડણી માંગ કરતા એ-ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધાયો છે.

આરોપી યુવકે રીલ બનાવી કોન્સ્ટેબલ પર તોડ કરી અધિકારીઓને હપ્તા પહોંચાડતા હોવાનો આક્ષેપ કર્યો હતો.

સુરેન્દ્રનગરના પોપટપરામાં રહેતા યુવક યોગેન્દ્ર ઉર્ફે બકરોએ પોતાના ઈન્સ્ટાગ્રામ આઈડીમાં રીલ બનાવી પેરોલ ફર્લો સ્કવોડમાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ વિજયસિંહ પ્રવિણસિંહ પરમાર પર એલસીબી, જિલ્લા પોલીસ વડા સહિતના ઉચ્ચ અધિકારીઓ વતી અલગ-અલગ વ્યક્તિઓના તોડ કરી હપ્તા પહોંચાડતાં હોવાનો આક્ષેપ કર્યા હતા. યોગેન્દ્ર ઉર્ફે બકરોએ કોન્સ્ટેબલ વિજયસિંહને અલગ-અલગ નંબરો પરથી મેસેજ તેમજ ફોન કરી કથિત વીડિયો ડિલીટ કરવા માટે રૂા.૨ લાખની ખંડણીની માંગ કરી હતી તેમજ જો આ રકમ નહીં આપે તો અન્ય વિડિયો બનાવી તેને પણ વાયરલ કરવાની ધમકી આપી હતી. જે અંગે હેડ કોન્સ્ટેબલ વિજયસિંહ પ્રવિણસિંહ પરમારએ એ-ડિવીઝન પોલીસ મથકે યોગેન્દ્ર ઉર્ફે બકરો અતુલભાઈ સોલંકી (રહે.પોપટપરા શેરી નં.૨, સુરેન્દ્રનગર) સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## પાલિતાણા : 99 યાત્રામાં 450 થી વધુ બાળકો અને વિદ્યાર્થીઓની ઉગ્ર તપસ્યા



પવિત્ર જૈનતીર્થ નગરી પાલિતાણામાં દેશના અલગ-અલગ રાજ્ય-જિલ્લાઓમાંથી આવેલા ૪૫૦થી વધુ બાળકો અને વિદ્યાર્થીઓ કઠીન મનાતી ૯૯ યાત્રાની ઉગ્ર તપસ્યા કરી રહ્યા છે. કચ્છ વાગડ સમુદાયના આચાર્ય પૂર્ણચંદ્રસુરિજી મ.સા.ની નિશ્રામાં જંબુદ્રીપ જૈન ધર્મશાળા ખાતે મુંબઈ, કચ્છ અને જુદા-જુદા ગામોમાંથી આવેલા ૪૫૦થી વધુ બાળકો અને વિદ્યાર્થીઓ મોજશોખનો ત્યાગ કરી ધોમધખતા તાપમાનં શેત્રુંજયની ૯૯ યાત્રા કરી ભવોભવનું ભાથું બાંધી રહ્યા છે. ૮થી ૧૫ વર્ષના બાળકો વેકેશનમાં મોજ-મસ્તી કે ફરવા જવાના બદલે ૯૯ યાત્રા કરી રહ્યા છે. ગાડીઓમાં ફરનાર અને એ.સી.માં રહેનાર પણ અમુક બાળકો ૯૯ યાત્રામાં જોડાયા છે. શાશ્વત પરિવાર દ્વારા એકાસણા સાથે ૧૩મી વખત ૯૯ યાત્રા શરૂ કરાવાઈ છે.

આ કઠીન ગણાતી યાત્રામાં બાળકો ગિરિરાજની દરરોજ બે યાત્રા કરે છે. આરાધકો દ્વારા જય તળેટીથી યાત્રાનો પ્રારંભ કરી ઘેટીપગલે પૂર્ણ કરી તે જ જગ્યાએથી ફરી વખત યાત્રાનો પ્રારંભ કરી જય તળેટીએ પૂર્ણ કરવામાં આવે છે. આવી રીતે લગભગ ૪૫ દિવસમાં ૯૯ યાત્રા પૂર્ણ કરાશે. યાત્રામાં ફક્ત ઉકાળેલું પાણી અને એકાસણા કરવામાં આવે છે. આદિનાથ પ્રભુજીએ શેત્રુંજય પર્વતની ૯૯ વાર યાત્રા કરી હતી. આથી ૯૯ યાત્રાનું વિશેષ મહત્વ છે. આરાધકો આવી આકરી ગરમીમાં પણ ખુલ્લા પગે યાત્રા કરી રહ્યા છે. આ કઠિન ગણાતી ૯૯ યાત્રામાં બાળકો તમામ ધાર્મિક ક્રિયાઓ કરી દરરોજ ગિરિરાજની બેથી ત્રણ યાત્રા કરે છે. જંબુદ્રીપ જૈન ધર્મશાળામાં ૯૯ યાત્રા પ્રારંભ થયેલ છે. આ કઠિન ગણાતી ૯૯ યાત્રામાં આરાધકો દ્વારા જય તળેટી થી યાત્રાનો આરંભ કરી ઘેટીપગલે પૂર્ણ કરી એક યાત્રા સંપન્ન કરી એજ જગ્યાએથી યાત્રાનો પ્રારંભ કરી જય તળેટીએ પૂર્ણ કરે છે. આવી રીતે દરરોજ બે યાત્રા કરે છે. આવી રીતે લગભગ ૪૫ દિવસમાં ૯૯ યાત્રા પૂર્ણ કરવામાં આવે છે. આ ૯૯ યાત્રામાં ફક્ત ઉકાળેલું પાણી તેમજ એકાસણા કરવામાં આવે છે. આ ઉપરાંત નવ ટૂંકની પણ ૯ યાત્રા મળી કુલ ૧૦૮ યાત્રા કરે છે. ઉનાળુ વેકેશનમાં ખાસ વિદ્યાર્થીઓ માટે યાત્રા શરૂ કરાઈ શૈત્રુંજય ગિરિરાજ ઉપર પ્રથમ તીર્થંકર આદિનાથ પ્રભુએ ૯૯ વખત પગપાળા યાત્રા કરી હતી. જેથી દર વર્ષે ચાતુર્માસ બાદ હજારોની સંખ્યામાં ભાવિકો ૯૯ યાત્રા કરે છે. પરંતુ બાળકો-યુવાનોને સ્કૂલ-કોલેજના અભ્યાસના કારણે ૯૯ યાત્રાનો લાભ મળી શકતો ન હોવાથી થોડા વર્ષોથી ઉનાળું વેકેશનમાં સ્કૂલ-કોલેજના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખી ૯૯ યાત્રા શરૂ કરવામાં આવી છે. જેનો અનેક વિદ્યાર્થીઓ દર વર્ષે લાભ લઈ રહ્યા છે.

## અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનમાં દસ વર્ષમાં ૪૫ IAS,GAS કેડરના અધિકારી સરકારે ફાળવ્યાં



અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હાલમાં ૧૨ ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ફરજ બજાવે છે.દસ વર્ષમાં ૪૫ જેટલા આઈ.એ.એસ.,ગેસ કેડરના અધિકારીઓને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સરકારે ફાળવ્યા હતા.

પરંતુ મોટાભાગના અધિકારીની એકથી બે વર્ષમાં રાજયમાં અન્ય જગ્યાએ બદલી કરી દેવામાં આવી હતી. અમદાવાદની ભૂગોળ કે મ્યુનિસિપલ વહીવટીતંત્રને પુરુ સમજે એ પહેલા આ અધિકારીઓની બદલી કરી દેવાતા મ્યુનિ.તંત્રની કામગીરી ઉપર પણ તેની અસર થવા પામી છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આ અધિકારીઓ માટે ટ્રેનિંગ સેન્ટર હોવાનુ મ્યુનિ.વર્તુળોમાં સાંભળવા મળી રહયુ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મુળ મ્યુનિસિપલ કોર્પોરેશનના કહી શકાય એવા એકમાત્ર ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર આર્જવ શાહ હાલમાં ફરજ બજાવી રહયા છે.

એડવોકેટ અતિક સૈયદે કહયુ,શહેરના વિકાસ માટે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરની પચાસ ટકા જગ્યા ઉપર મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીની નિમણૂંક થાય તો શહેરનો વિકાસ યોગ્ય રીતે થઈ શકે.

ઉપરાંત વિવિધ પ્રોજેકટ ઝડપથી પુરા થઈ શકે.દસ વર્ષમાં એક વર્ષ કે તેથી ઓછા સમય માટે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં દસ અધિકારીઓએ ફરજ બજાવી હતી.

બે વર્ષ સુધી મ્યુનિ.માં બાર અધિકારીઓએ ફરજ બજાવી હતી.બેથી ત્રણ વર્ષ સુધી મ્યુનિ.

કોર્પોરેશનમાં ત્રણ અધિકારીઓ ફરજ બજાવી અન્યત્ર પોસ્ટિંગ મળતા ચાલ્યા ગયા હતા.નિવૃત્ત આઈ.એ.એસ. અધિકારી સી.આર.ખરસાણ દ્વારા નવ વર્ષ ફરજ બજાવવામાં આવી હતી.

## 6 વર્ષ સુધી વિદ્યાર્થીઓને માનસિક ત્રાસ આપ્યા બાદ આખરે એકમ કસોટી બંધ કરવાનો નિર્ણય



ગુજરાત સરકારે છ વર્ષ સુધી પ્રાથમિક અને માધ્યમિક સરકારી શાળાઓમાં એકમ કસોટીના નામે વિદ્યાર્થીઓને માનસિક તણાવમાં મૂક્યા પછી શિર્ષાસન કરીને એકમ કસોટીઓ બંધ કરવાનો નિર્ણય લીધો છે. આ વર્ષના જૂનથી શરૂ થતા 2025-26 ના શૈક્ષણિક સત્રથી એકમ કસોટી બંધ કરી દેવાશે. અલબત્ત ગુજરાત સરકાર તેના સ્થાને નવી કોઈ વ્યવસ્થા લાવવા વિચારી રહી છે એ જોતાં એવું લાગે છે કે વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો સ્ટ્રેસ બિલકુલ દૂર નહીં થાય. એકમ કસોટીના કારણે શિક્ષકો પર કામનો બોજ વધારે એકમ કસોટી હેઠળ રાજ્યની 40,000 થી વધુ પ્રાથમિક અને માધ્યમિક સરકારી તથા ગ્રાન્ટેડ શાળાઓમાં સાપ્તાહિક, પખવાડિક અને માસિક એકમ કસોટી લેવાતી હતી. તેના કારણે શિક્ષકો પર કામનો બોજ વધતો હતો અને વિદ્યાર્થીઓ પર સતત પરીક્ષાનો તણાવ રહેતો હતો તેથી ઉગ્ર વિરોધ થયો હતો.એકમ કસોટી બંધ કરી દીધા બાદ વિદ્યા સમીક્ષા કેન્દ્ર સોંપાશે નવી કામગીરીધોરણ 1 થી ધોરણ 12 ના વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવા માટે લેવાતી આ એકમ કસોટી બે સ્તરે લેવાતી હતી. ધોરણ 1 થી ધોરણ 8 ના વિદ્યાર્થીઓની એકમ કસોટી ગુજરાત શિક્ષણ સંશોધન અને તાલીમ પરિષદ (GCERT) લેતી હતી.જ્યારે ધોરણ 9 થી ધોરણ 12 માટેની એકમ કસોટી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ (GHSHEB) દ્વારા લેવાતી હતી. એકમ કસોટી બંધ કરી દેવાશે પછી ગાંધીનગરમાં બનાવાયેલા વિદ્યા સમીક્ષા કેન્દ્ર (V S K ) ને નવી કામગીરી સોંપાશે.ખાનગી કંપનીના લાભાર્થે એકમ કસોટીનું તૂત ચલાવાયું ગુજરાતમાં 2019 થી શરૂ કરાયેલી એકમ કસોટીનું તૂત ખાનગી કંપનીઓને ફાયદો કરાવવા માટે ચલાવાયું હોવાનું અધિકારીઓ સ્વીકારે છે. તેમનું કહેવું છે કે, એકમ કસોટીનાં પરિણામ ખાનગી કંપનીએ વિકસાવેલી એપ પર અપલોડ કરવાથી વિદ્યાર્થીઓને કોઈ ફાયદો નહોતો. આ ડેટાનો બીજો કોઈ ઉપયોગ પણ કરાયો નથી અને કરી શકાય તેમ પણ નહોતો એ જોતાં 6 વર્ષ સુધી સરકારનાં નાણાંનો વ્યય કરાયો છે. ગુજરાત સરકારે ડેટાના વિશ્લેષણ માટે બનાવેલા વિદ્યા સમીક્ષા કેન્દ્રનો પણ એવો કોઈ મોટો ફાયદો થયો નથી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેનાં બહુ વખાણ કર્યાં 2021 માં જાહેર વહીવટમાં શ્રેષ્ઠતા માટે પ્રધાન મંત્રી એવોર્ડ મળ્યો પણ તેની ઉપયોગિતા બીજી કોઈ નથી. આ પણ વાંચો: મુખ્યમંત્રીના મદદનીશ બાદ વધુ એક વિકેટ પડી, CMOમાંથી ઉપસચિવની બદલી કરાઈશિક્ષકોના ત્રણ દિવસ એકમ ટેસ્ટમાં જ જતા ગુજરાત સરકારના એકમ કસોટીના નિર્ણયે શિક્ષકોની હાલત સૌથી ખરાબ કરી નાંખી હતી. શિક્ષકો એકમ કસોટીના કામમાંથી નવરા જ નહોતા પડતા અને રવિવાર કે જાહેર રજાના દિવસે પણ કામ કરવું પડતું. અઠવાડિયાના ત્રણ દિવસ તો શિક્ષકો પરીક્ષાની પળોજણમાં જ અટવાયેલા રહેતા હતા. વીકલી ટેસ્ટમાં આખો દિવસ જતો અને શિક્ષકોએ દરેક વીકલી ટેસ્ટનાં પેપર તપાસ્યા પછી તેનાં પરિણામ એક એપ પર અપલોડ કરવાં પડતાં હતાં. આ અપલોડ કરવામાં જ બે દિવસ નિકળી જતા હતા. એક ખાનગી કંપનીએ બનાવેલી આ એપ પર અપલોડ કરાયેલાં ગાંધીનગર સ્થિત વિદ્યા સમીક્ષા કેન્દ્રને મોકલવામાં આવતાં. રસપ્રદ વાત એ છે કે, આ એકમ કસોટીની વિદ્યાર્થીના વાર્ષિક પરિણામ પર કોઈ અસર નહોતી થતી. વીએસકેને અપાતા ડેટાનું શું કરાતું હતું તેની શિક્ષણ વિભાગને જ ખબર નથી.

# ખેડૂતની દીકરી 'મિસ વર્લ્ડ' બનવા થનગની રહી છે:મિસ ઇન્ડિયા નંદિની ગુપ્તાએ કહ્યું- '10 વર્ષથી એ દિવસની રાહ જોઉ છું';સંઘર્ષ અને તૈયારી વિશે ખૂલીને વાત કરી

મિસ ઈન્ડિયા 2023નો ખિતાબ જીતનાર નંદિની ગુપ્તા હવે મિસ વર્લ્ડ સ્ટેજ પર દેશનું પ્રતિનિધિત્વ કરવા માટે તૈયાર છે.દિવ્ય ભાસ્કર સાથેની એક ખાસ વાતચીતમાં, નંદિનીએ તેના પ્રોજેક્ટ ' એકતા ', ' બ્યુટી વિથ અ પર્પઝ ' મિશન ,મિસ વર્લ્ડની તૈયારીઓ, સંઘર્ષો અને તેની પ્રેરણાઓ વિશે ખૂલીને વાત કરી. વાતચીતના કેટલાક મુખ્ય અંશો વાંચોઃ' બ્યુટી વિથ અ પર્પઝ ' એ ફક્ત સુંદરતા નથી, તે એક વિચાર છેનંદિનીએ કહ્યું કે મિસ વર્લ્ડ ફક્ત 'સુંદરતા' વિશે જ નહીં પરંતુ 'હેતુ' વિશે પણ વાત કરે છે. દરેક સહભાગી 'બ્યુટી વિથ અ પર્પઝ ' હેઠળ એક પ્રોજેક્ટ લાવે છે.આ અંગે તેણે કહ્યું, 'મારો પ્રોજેક્ટ ' એકતા' મારા કાકાથી પ્રેરિત છે. તેમને પોલિયો છે, બોલવામાં તકલીફ છે અને બૌદ્ધિક વિકલાંગતા પણ



છે. બાળપણથી મેં જોયું છે કે લોકો તેમની અવગણના કરતા હતા અને તેમની મજાક ઉડાવતા હતા. આ બધું જોઈને મારા મનમાં વિચાર આવ્યો કે કંઈક કરવું જોઈએ.''એકતા' એટલે 'એકજૂથ' પણ. આ પ્રોજેક્ટ દ્વારા, નંદિની અત્યાર સુધીમાં 3000 થી વધુ બાળકો અને 50 થી વધુ શિક્ષકોને મળી છે. તે 8 થી વધુ બિન-સરકારી સંસ્થાઓ સાથે પણ કામ કરી રહી છે.નંદિની કહે છે 'મને સમજાયું કે આ બાળકોને સહાનુભૂતિની નહીં પણ સહકારની જરૂર છે. હું ઈચ્છું છું કે તેઓ પોતાને આત્મનિર્ભર અનુભવે. તેથી, મારું સ્વપ્ન એ છે કે સરકારે ખાસ જરૂરિયાતો ધરાવતા બાળકો માટે અલગ શાળાઓ ન બનાવવી જોઈએ, પરંતુ તેમને સામાન્ય શાળાઓના અલગ ભાગમાં ભણાવવું જોઈએ. આનાથી તેમને પણ આદરનો અનુભવ થશે.'10 વર્ષની ઉંમરે મિસ વર્લ્ડ બનવાનું સ્વપ્ન જોયું હતુંનંદિનીએ જણાવ્યું કે, જ્યારે તે 10 વર્ષની હતી, ત્યારે તેણે પહેલી વાર ઐશ્વર્યા રાય બચ્ચનને ફિલ્મ ' દેવદાસ ' માં જોઈ હતી. તેણે કહ્યું- ' હું તેમની સુંદરતાથી ખૂબ પ્રભાવિત થઈ હતી.' જ્યારે મારી માતાએ મને કહ્યું કે તે મિસ વર્લ્ડ બની છે , ત્યારે મને પહેલી વાર આ તાજ વિશે ખબર પડી. તે સમયે, તાજ, ગાઉન અને મેકઅપ જ જાણે બધું હોય તેવું લાગતું હતું. પણ જ્યારે મેં મારી જાતને તૈયાર કરવાનું શરૂ કર્યું, ત્યારે મને સમજાયું કે ખરી સુંદરતા તમારી મહેનત અને તમારા વિચારમાં રહેલી છે.'જ્યારે મમ્મીએ મને કહ્યું કે તે પણ મિસ મધ્યપ્રદેશ રહી ચૂકી છેનંદિની માટે એક ભાવનાત્મક ક્ષણ ત્યારે આવી જ્યારે તેને 'મિસ ઈન્ડિયા'નો તાજ જીત્યો અને એક અઠવાડિયા પછી તેની માતાએ તેને કહ્યું કે તે પણ 21 વર્ષની ઉંમરે 'મિસ મધ્યપ્રદેશ' બની હતી .તેણે કહ્યું , 'પરંતુ તે મિસ ઈન્ડિયામાં ભાગ લઈ શકી નહીં, કારણ કે તે સમયે ઘરની આર્થિક સ્થિતિ સારી નહોતી અને સમાજનું વલણ પણ અલગ હતું.' મને એ સાંભળીને નવાઈ લાગી કે મમ્મીએ ક્યારેય પોતાના સપનાનો બોજ મારા પર નાખ્યો નથી. હવે હું 'મિસ વર્લ્ડ' બનવા જઈ રહી છું, હું તેમનાં સપનાં પણ પૂરાં કરવાનો પ્રયાસ કરી રહી છું.'સૌથી મોટો સંઘર્ષ મુંબઈમાં પોતાને સાબિત કરવાનો હતોપોતાના સંઘર્ષો વિશે નિખાલસ વાત કરતાં નંદિનીએ કહ્યું, 'સૌથી મોટો પડકાર મારા ઘરમાંથી બહાર નીકળીને નવા શહેરમાં પોતાને સાબિત કરવાનો હતો. હું કોટા જેવી જગ્યાએથી આવું છું , જ્યાં બધા રાત્રે 9 વાગ્યે સૂઈ જાય છે .મુંબઈમાં, જીવન રાત્રે 9 વાગ્યા પછી શરૂ થાય છે. આ શહેર ક્યારેય સૂતું નથી અને તમારે તેમાં તમારી છાપ છોડવી પડશે. હું દરરોજ મારી જાતને વચન આપતી હતી કે, આજે હું કંઈક નવું શીખીશ, પોતાની જાત પર કામ કરીશ અને એક સારી વ્યક્તિ બનીશ.'પપ્પાએ અમને દીકરીઓ તરીકે નહીં પણ દીકરાઓ તરીકે ઉછેરીનંદિનીએ જણાવ્યું કે તેના પિતા ખેડૂત છે અને હંમેશા તેમની દીકરીઓને આત્મનિર્ભર બનાવવા માગતા હતા.તે કહે છે 'જ્યારે ગામના લોકો પૂછતા કે તમારા ઘરમાં દીકરો નથી, ત્યારે પપ્પા કહેતા - મારી દીકરીઓ મારું ગૌરવ છે.' તેમણે અમને ટ્રેક્ટર અને લણણી મશીન ચલાવવાનું શીખવ્યું . તે કહેતા હતા કે છોકરીને દરેક વસ્તુનું જ્ઞાન હોવું જોઈએ, ફક્ત જરૂરિયાત માટે નહીં.

## એક સમયે સારવારના પૈસા નહોતા, કોયલનો અવાજ કાઢ્યો ને ફિલ્મની ઓફર મળી, 'આશ્રમ'ની પમ્મી બની છવાઈ ગઈ



'આશ્રમ' ની પમ્મી, 'શી' ની ભૂમિકા, 'લય ભારી'ની નંદિનીનું પાત્ર તમારા મનમાં હશે જ. આ પાત્રોમાં જીવંતતા લાવનાર મરાઠી છોકરી અદિતિ પોહણકર, એક્ટ્રેસ બનતાં પહેલા એક એથલીટ (રમતવીર) હતી, પરંતુ તેની માતા તેની પુત્રીને હોર્ડિંગ્સમાં જોવા માગતી હતી, તેથી તે એક્ટ્રેસ બની.પોતાની દાયકા લાંબી કારકિર્દીમાં, અદિતિ સમગ્ર ભારતમાં સ્ટાર બની ગઈ છે. તે OTT પ્લેટફોર્મ અને મોટા પડદા બંને પર સફળ છે, પરંતુ આ સફળતા પહેલા તેણે પોતાના અંગત જીવનમાં ઘણું ગુમાવ્યું છે. પૈસા હોવા છતાં તેણે એટલી બધી આર્થિક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો કે તેની પાસે હોસ્પિટલનું બિલ ચૂકવવા માટે પૈસા નહોતા.આજની સક્સેસ સ્ટોરીમાં અદિતિ પોહણકર પોતાની વાર્તા કહી રહી છે...અદિતિએ ઘણી પ્રખ્યાત બ્રાન્ડ્સ માટે એડ ફિલ્મો પણ કરી છેઅદિતિએ ઘણી પ્રખ્યાત બ્રાન્ડ્સ માટે એડ ફિલ્મો પણ કરી છે'માતા મારો ફોટો હોર્ડિંગ્સ પર જોવા માગતી હતી''જ્યારે કોઈ પરિવાર તૂટતો હોય છે, ત્યારે એક બાળક ઘરને તૂટતાં બચાવવા આવે છે. હું મારા ઘરનું એ બાળક છું કે જેના માતા-પિતા વચ્ચે હંમેશા ઝઘડો થતો રહેતો. બંને વચ્ચેનો સંબંધ અનોખો હતો. બંને વચ્ચે ખૂબ પ્રેમ હતો. બૌદ્ધિક હોવાને કારણે, બંને સમાન હતા. મારી માતાએ મને એક વાર કહ્યું હતું કે તે મારો ફોટો હોર્ડિંગ્સ પર જોવા માગે છે. મને હોર્ડિંગ પર જોવાનો તેનો મતલબ એ હતો કે મારે અભ્યાસમાં ટોપર આવવું જોઈએ અને મારો ફોટો ટોપર્સની યાદીમાં હોવો જોઈએ.''મને અભિનયનો શોખ હતો.

## 'રાજા શિવાજી'ના સેટ પર કામ કરતો હતો ડાન્સર; નદીમાં નહાવા ગયા બાદ બે દિવસે મૃતદેહ મળ્યો




રિતેશ દેશમુખની મરાઠી અને હિન્દી ફિલ્મ 'રાજા શિવાજી'ના સેટ પર એક દુઃખદ અકસ્માત થયો છે. કોરિયોગ્રાફી ટીમના 26 વર્ષીય ડાન્સરના સૌરભ શર્માનું અવસાન થયું છે. સૌરભ બે દિવસ પહેલા સતારામાં ગુમ થયો હતો, ત્યારબાદ 24 એપ્રિલની સવારે પોલીસને તેનો મૃતદેહ મળ્યો. આ અકસ્માત બાદ ફિલ્મનું શૂટિંગ બંધ કરી દેવામાં આવ્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના 22 એપ્રિલના રોજ બની હતી. આ ગીતનું શૂટિંગ સતારા જિલ્લાના કૃષ્ણા નદી પાસેના સંગમ મહુલી ગામમાં થઈ રહ્યું હતું. ગીતમાં ડાન્સરોનું કામ રંગ ઉડાડવાનું હતું. શૂટિંગ પૂરું થયા પછી, સૌરભ નદીમાં નહાવા ગયો. સ્નાન કરતી વખતે તે નદીના તીવ્ર પ્રવાહમાં તણાઈ ગયો હતો. ટીમ જ્યારે સૌરભને શોધી શકી નહીં તો પોલીસને જાણ કરવામાં આવી હતી. બચાવ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને શોધખોળ શરૂ કરી હતી. જોકે, સાંજનો સમય હતો તેથી અંધારું થતાં જ શોધખોળ બંધ કરી દેવામાં આવી. બીજા દિવસે ફરી સૌરભની શોધ શરૂ થઈ પરંતુ બચાવ ટીમને કોઈ સફળતા મળી નહીં. ગુરુવારે, એટલે કે 24 એપ્રિલના રોજ, પોલીસને સૌરભનો મૃતદેહ મળ્યો હતો. આ મામલે અકસ્માત મૃત્યુનો કેસ દાખલ કરવામાં આવ્યો છે.

## 'બધા પોતપોતાના કામધંધા કરે છે, છતાં ગાળો અમને જ કેમ?':પહેલગામ હુમલા બાદ શોએબ-દીપિકા ટ્રોલ થયાં હતાં, એક્ટરે આપ્યો સણસણતો જવાબ

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાએ સમગ્ર દેશને ઘેરા આઘાતમાં મૂકી દીધો છે. આ પીડાદાયક હુમલાએ માત્ર ભારતીયો જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના લોકોના હૃદયને હચમચાવી નાખ્યા છે. એવામાં ફેન્સનું ધ્યાન દીપિકા કક્કડ અને શોએબ ઈબ્રાહિમ તરફ ગયું, જે કાશ્મીર ફરવા ગયાં હતાં. જોકે, સદનસીબે આ દંપતી હુમલાના થોડા કલાકો પહેલાં જ કાશ્મીર છોડીને દિલ્હી પહોંચી ગયું હતું. પરંતુ આ માહિતી સાથે તેણે નવા વ્લોગ અંગે અપડેટ આપ્યું હતું. જેના કારણે દંપતીને ટ્રોલ કરવામાં આવ્યા.હવે શોએબે સ્પષ્ટતામાં એક વીડિયો જાહેર કર્યો છે જેમાં કહેવામાં આવ્યું છે કે જે સમયે તેણે પોસ્ટ શેર કરી હતી તે સમયે હુમલા વિશે કોઈ માહિતી નહોતી. તે સમયે ફક્ત એટલા જ સમાચાર હતા કે લોકો ઘાયલ થયા હતા. પરંતુ તો પણ લોકોએ તેની સાથે દુર્વ્યવહાર કર્યો. શોએબે એમ પણ કહ્યું કે- આ દરમિયાન ઘણી ફિલ્મોનું પ્રમોશન થયું, પરંતુ ફક્ત તેને જ નિશાન બનાવવામાં આવ્યો અને ટ્રોલ કરવામાં આવ્યો.શોએબે પોતાના વ્લોગમાં કહ્યું છે કે- કાશ્મીરમાં તેનો નંબર બંધ હતો કારણ કે ત્યાં ફક્ત પ્રી-પેઈડ સિમ જ કામ કરે છે. ફોન બંધ હોવાથી, તે આતંકી હુમલા વિશે માહિતી



મેળવી શક્યો નહોતો. જ્યારે તેણે પોતાનો ફોન ચાલુ કર્યો, ત્યારે તેને ફક્ત એક જ સમાચાર મળ્યા કે પહેલગામમાં કેટલાક લોકો ઘાયલ થયા છે. ત્યારે તેને આતંકી હુમલો કહેવામાં આવી રહ્યો ન હતો.શોએબ ઈબ્રાહિમશોએબ ઈબ્રાહિમશોએબે આગળ કહ્યું- આપણામાં ઘણા બધા હેટર્સ અને ફેન્સ પણ છે. અમને ઘણા બધાના મેસેજ આવી રહ્યા હતા, તેથી મેં એક સ્ટોરી પોસ્ટ કરી કે અમે દિલ્હી પહોંચી ગયા છીએ અને એક નવો વ્લોગ આવશે. તે સ્ટોરી પાછળથી વિવાદમાં ફેરવાઈ ગઈ. મારો હેતુ મારા વ્લોગનો પ્રચાર કરવાનો નહોતો. જ્યારે સોશિયલ મીડિયા પર વીડિયો દેખાવા લાગ્યા, ત્યારે મને પણ ખરાબ લાગવા લાગ્યું કારણ કે અમે તે જગ્યાએ ગયા હતા. ત્યારે પણ મેં સ્ટોરી ડિલીટ ન કરી, કારણ કે મારો એ હેતુ નહોતો. ઘણા લોકો મારી પાસે મારી માતા અને બહેનને ગાળો આપતા હતા.શોએબે આગળ કહ્યું- તમે મને એક વાત કહો. તમારામાંથી કેટલા લોકોએ જોયું છે કે મેં નવો વ્લોગ પોસ્ટ કર્યો છે કે નહીં. જો મેં તે મૂક્યું હોત તો પણ, ફક્ત મને અને દીપિકાને જ કેમ નિશાન બનાવ્યાં. અમે તમારા માટે શું સ્પેશિયલ છીએ. ફિલ્મનું પ્રમોશન થઈ રહ્યું છે, મ્યૂઝિક વીડિયો બનાવવામાં આવી રહ્યા છે. તમારું જીવન પણ ચાલતું હશે, તમે પણ ખાવા માટે પૈસા કમાવવા જતા હશો, તો પછી ફક્ત મને જ કેમ નિશાન બનાવવામાં આવ્યો? મારી માતા અને બહેન સાથે દુર્વ્યવહાર કેમ કર્યો? દીપિકાને આટલી બધી ટ્રોલ કેમ કરવામાં આવી? મને લાગે છે કે કદાચ અમે ખાસ છીએ કારણ કે અમને દરેક વસ્તુ માટે ટ્રોલ કરવામાં આવે છે, પછી ભલે તે અમારા કપડાં હોય, અમારો ખોરાક હોય.

## આયુષ શર્માએ શેર કરી પ્રેમ કહાનીની વાત; કહ્યું- તે દેખાવમાં સખત પણ દિલથી નરમ છે



સલમાન ખાનની બહેન અર્પિતા ખાન અને એક્ટર આયુષ શર્માની લવ સ્ટોરી કોઈ ફિલ્મી સ્ટોરીથી ઓછી નથી. બંનેની ગણતરી ઈન્ડસ્ટ્રીના સૌથી પ્રિય કપલમાં થાય છે. જોકે, આ જોડી ઘણીવાર ટ્રોલનો સામનો કરે છે. તાજેતરમાં, ફરાહ ખાનના વ્લોગમાં, બંનેએ તેમની પહેલી મુલાકાતની વાત શેર કરી હતી. આયુષ અને અર્પિતા બે બાળકોનાં માતા-પિતા બન્યાં છે. આયુષ અને અર્પિતા બે બાળકોનાં માતા-પિતા બન્યાં છે. ફરાહ આયુષને પૂછે છે કે 'તું અર્પિતાને કેવી રીતે મળ્યો?' જવાબમાં, આયુષ કહે છે કે એક કોમન ફ્રેન્ડે બંનેનો પરિચય કરાવ્યો હતો. તે કહે છે- 'મેં એક વર્ષથી અર્પિતા વિશે ઘણું સાંભળ્યું હતું. મેં તેને પહેલી વાર એક રેસ્ટોરન્ટમાં જોઈ હતી. તે બેન્ચ પર બેઠી હતી અને તેના પગ જમીન સુધી પહોંચી શકતા નહોતા. તે એમ જ પગ લટકાવીને બેઠી હતી અને આદેશ આપી રહી હતી. હું તેની સુંદરતાથી પ્રભાવિત થયો. અર્પિતા વિશે વાત કરતાં, આયુષ આગળ કહે છે કે તે દેખાવમાં ભલે સખત લાગતી હોય પણ તે દિલથી નરમ છે. આયુષના વર્કફ્રંટની વાત કરીએ તો, તેણે પોતાના સાળા સલમાન ખાનના પ્રોડક્શન ફિલ્મ 'લવયાત્રી' થી પોતાની કરિયરની શરૂઆત કરી હતી. ત્યારબાદ, વર્ષ 2021 માં, તે સલમાન સાથે ફિલ્મ 'એન્ટિમ' માં જોવા મળ્યો. આમાં આયુષે ખલનાયકની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મ પણ સલમાન ખાનના પ્રોડક્શન દ્વારા બનાવવામાં આવી હતી.

## સુનિલ શેટ્ટીએ દેશના લોકોને અપીલ કરી કહ્યું-'આતંક વિરુદ્ધ એક થાવ આગામી રજાઓ ખીણમાં વિતાવો'



અક્ષય કુમારની ફિલ્મ 'કેસરી ચેપ્ટર 2' બોક્સઓફિસ પર સારી કમાણી કરી રહી છે. શનિવારે એક્ટર પોતાની ફિલ્મના સ્ક્રિનિંગમાં હાજરી આપી દર્શકોને સરપ્રાઈઝ કર્યા હતા. આ દરમિયાન તેણે પહેલગામ આતંકવાદી હુમલા પર પ્રતિક્રિયા આપી હતી. તેણે તેની ફિલ્મ કેસરીનો એક ડાયલોગ બોલીને પોતાની ભાવનાઓને રજૂ કરી હતી.'કેસરી 2'ના સ્ક્રિનિંગનો અક્ષય કુમારનો એક વીડિયો સામે આવ્યો છે. આ દરમિયાન તેનો કો-એક્ટર આર. માધવન પણ થિયેટરમાં હાજર હતો. અક્ષયે લોકોને સંબોધતા કહ્યું- ₹કમનસીબે, આજે ફરી એકવાર તે જ ગુસ્સો આપણા બધાના દિલમાં જાગી ઊઠ્યો છે.₹ તમે બધા સારી રીતે જાણો છો કે હું કોની વાત કરી રહ્યો છું.'કેસરી ચેપ્ટર 2'ના સ્ક્રિનિંગ દરમિયાન અક્ષય કુમાર'કેસરી ચેપ્ટર 2'ના સ્ક્રિનિંગ દરમિયાન અક્ષય કુમારઆટલું કહ્યા પછી, અક્ષય કુમાર પોતાનો માઈક દર્શકો તરફ કરે છે અને ત્યાં હાજર લોકો તરત જ ગાળો બોલવા લાગે છે જે અક્ષયે ફિલ્મ 'કેસરી 2'માં અંગ્રેજો માટે બોલી હતી.'નિર્દોષોને મારવા એ દુષ્ટતા છે' 22 એપ્રિલના રોજ કાશ્મીરના પહેલગામમાં આતંકવાદીઓએ 27 પ્રવાસીઓની ગોળી મારીને હત્યા કરી હતી.

## 'ગજિની' ફેમ એક્ટ્રેસ અસિન અને રાહુલ શર્માની જોડી અક્ષય કુમારે બનાવી



'ગજિની' ફેમ એક્ટ્રેસ અસિને 2008માં બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું હતું. પોતાની બોલિવૂડ ડેબ્યૂ ફિલ્મ (ગજિની)થી જ અસિન રાતોરાત ફેમસ થઈ ગઈ. બોલિવૂડમાં પોતાની કારકિર્દી શરૂ કર્યાના સાત વર્ષ પછી, એક્ટ્રેસે માઈક્રોમેક્સના કો-ફાઉન્ડર રાહુલ શર્મા સાથે લગ્ન કર્યા અને ઈન્ડસ્ટ્રીને અલવિદા કહી દીધું.લગ્ન પછી અસિન લાઈમલાઈટથી દૂર રહે છે. હવે એક્ટ્રેસના પતિ રાહુલે એક પોડકાસ્ટમાં અસીન સાથેની પોતાની લવસ્ટોરી વિશે વાત કરી છે, તેણે કહ્યુ કે- અમારી લવસ્ટોરીની શરૂઆત અક્ષય કુમારે કરાવી હતી.અસિને 2016માં રાહુલ શર્મા સાથે લગ્ન કર્યા.અસિને 2016માં રાહુલ શર્મા સાથે લગ્ન કર્યા.પોડકાસ્ટમાં અસિન સાથેની પોતાની પહેલી મુલાકાતને યાદ કરતાં રાહુલ કહે છે, 'અમારી લવસ્ટોરીને શરૂ કરાવનાર અમારો ખૂબ જ સારો મિત્ર અક્ષય કુમાર હતો.' અમે એશિયા કપમાં ભારત અને પાકિસ્તાનની મેચ જોવા ગયા હતા. આ મેચ બાંગ્લાદેશના ઢાકામાં રમાઈ હતી. માઈક્રોમેક્સે એશિયા કપને સ્પોન્સર કરી રહ્યું હતું. તે જ સમયે, અક્ષય અને અસિનની ફિલ્મ 'હાઉસફુલ-2' રિલીઝ થઈ રહી હતી. અક્ષયે કહ્યું કે- તે ફિલ્મનું પ્રમોશન કરવા માગે છે.'હાઉસફુલ'ના કલાકારો રાહુલ સાથે પ્રમોશન માટે ઢાકા ગયા. રાહુલ અને અસિન વચ્ચે મુસાફરી દરમિયાન સામાન્ય વાતચીત થઈ. પણ પછી અક્ષયે રાહુલને કહ્યું- તે ખૂબ સીધી અને સરળ છે. એકદમ તમારી જેમ.અસિને અક્ષય સાથે 'હાઉસફુલ-2' અને 'ખિલાડી 786'માં કામ કર્યું છે.અસિને અક્ષય સાથે 'હાઉસફુલ-2' અને 'ખિલાડી 786'માં કામ કર્યું છે.આગળ રાહુલે કહ્યુ કે- અક્ષયે પછી મારો નંબર અસિનને આપ્યો અને અસિનનો નંબર મને આપ્યો.

## 'TMKOC' અને 'ઇશ્કબાઝ' ફેમ એક્ટ્રેસ નવીના બોલેએ સાજિદ ખાન પર કાસ્ટિંગ કાઉચનો આરોપ લગાવ્યો

'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા', 'ઈશ્કબાઝ' અને 'મિલે જબ હમ તુમ' જેવા ટીવી શોમાં જોવા મળેલી એક્ટ્રેસ નવીના બોલેએ ડિરેક્ટર સાજીદ ખાન પર ગંભીર આરોપ લગાવ્યા છે. નવીના બોલેએ સાજીદ ખાનને ખૂબ જ ખરાબ માણસ ગણાવ્યો અને કહ્યું કે- મને ઘરે બોલાવી અને કપડાં ઉતારવા કહ્યું હતું.'સાજીદ ખાન ખૂબ જ ગંદો માણસ છે' હાલમાં જ એક્ટ્રેસે સુભોજીત ઘોષની યૂટ્યુબ ચેનલ પર ઈન્ટરવ્યૂ આપ્યો હતો. જેમાં નવીના બોલેએ કાસ્ટિંગ કાઉચ વિશે ખુલાસો કર્યો હતો. તેણે એ પણ જણાવ્યું કે કેવી રીતે સાજીદ ખાન અન્ય લોકો સાથે મળીને ઈન્ડસ્ટ્રીમાં અન્ય મહિલાઓનું અપમાન કરે છે. નવીના બોલેએ કહ્યું, 'એક ખૂબ જ ખરાબ માણસ હતો જેને હું મારા જીવનમાં ક્યારેય મળવા માંગતી નથી, તેનું નામ છે સાજીદ ખાન.' વધુમાં તેણે કહ્યું- ડિરેક્ટરે અમારામાંથી ઘણા લોકોને હેરાન કર્યા છે અને સ્ત્રીઓનું અપમાન કરવામાં તો જાણે PhD કર્યું છે.'તું તારા કપડાં કેમ નથી ઉતારતી' નવીનાએ વધુમાં જણાવ્યું કે- જ્યારે સાજીદ ખાન ફિલ્મ 'હે બેબી' પર કામ કરી રહ્યા હતા, ત્યારે મને તેના ઘરે બોલાવી હતી. જ્યારે તેઓએ મને ફોન કર્યો ત્યારે હું ખૂબ જ ઉત્સાહિત હતી. પછી તેણે કહ્યું કે- તું તારા કપડાં ઉતારીને તારી



લૈંઝરી પહેરીને કેમ નથી બેસતી? હું જોવા માંગુ છું કે તું કેટલી કમ્ફર્ટેબલ છો. હું 2004 અને 2006ની વાત કરી રહ્યો છું, જ્યારે મેં ગ્લૈડ્રેગ્સમાં (મનોરંજન, મુસાફરી અને ફેશન દ્વિમાસિક મેગેઝિન) કામ કર્યું હતું.એક્ટ્રેસ નવીના બોલેએક્ટ્રેસ નવીના બોલે'હું જેમ તેમ કરીને ત્યાંથી બહાર નીકળી ગઈ' એક્ટ્રેસે આગળ કહ્યું- સાજીદ ખાને મારી સાથે ખોટી ખોટી વાતો કરવા લાગ્યા, તેમણે મને પૂછ્યું- તમે તો સ્ટેજ પર બિકીની પહેરી છે તો પછી અહીં શું વાંધો છે? તું અહીં આરામથી ફ્રી થઈને બેસી શકે છો. એ સમયે મને ગભરાટ થવા લાગી, એટલે મેં કહ્યું સાંભળો મારે ખરેખર ઘરે જવું પડશે. જો તમે ખરેખર મને બિકીનીમાં જોવા માંગતા હો, તો ઠીક છે (હું ફિલ્મમાં તે પહેરીશ), પણ હું અહીં બેસીને હમણાં મારા કપડાં ઊતારી શકીશ નહીં. આવું કહી હું જેમ-તેમ કરીને ત્યાંથી બહાર નીકળીમાં સફળ થઈ.નવીનાએ એમ પણ કહ્યું કે- સાજીદ ખાને એક વર્ષ બાદ ફરીથી ફોન કર્યો હતો. તે દરમિયાન સજીદે તેને કહ્યું હતું કે તે કોઈ પાત્રના મામલામાં મળવા ઈચ્છે છે. આ વ્યક્તિ એટલી મહિલાઓ પર ટ્રાય મારી ચૂક્યો હશે કે તેને પણ યાદ નહીં હોય.સાજીદ ખાન પર »MeTooનો આરોપ લાગ્યો હતો આ પહેલાં પણ છ મહિલાઓએ સાજીદ પર હેરેસમેન્ટનો આક્ષેપ મૂક્યો હતો. 2018માં »MeToo હેઠળ સાજીદ પર તેની પૂર્વ આસિસ્ટન્ટ ડિરેક્ટર તથા એક્ટ્રેસ

# મુંબઈએ લખનઉને 216 રનનો ટાર્ગેટ આપ્યો:બુમરાહે એક જ ઓવરમાં 3 વિકેટ ઝડપી; મિલર, સમાદ પછી આવેશને પેવેલિયન ભેગો કર્યો

IPL-18 ની 45મી મેચમાં, મુંબઈ ઈન્ડિયન્સ (MI)એ લખનઉ સુપર જાયન્ટ્સ (LSG)ને 216 રનનો ટાર્ગેટ આપ્યો. વાનખેડે સ્ટેડિયમમાં લખનઉના કેપ્ટન રિષભ પંતે ટૉસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. મુંબઈએ 20 ઓવર પછી 7 વિકેટ ગુમાવીને 215 રન બનાવ્યા. ટીમ તરફથી રાયન રિકેલ્ટન અને સૂર્યકુમાર યાદવે અડધી સદી ફટકારી હતી. રિકેલ્ટને 58 અને સૂર્યાએ 54 રન બનાવ્યા. લખનઉ તરફથી મયંક યાદવે 2 વિકેટ લીધી. રવિ બિશ્નોઈ, દિગ્વેશ રાઠી અને પ્રિન્સ યાદવને 1-1 વિકેટ મળી હતી.રનચેઝમાં લખનઉ તરફથી રવિ બિશ્નોઈ ક્રિઝ પર છે. બુમરાહે એક જ ઓવરમાં મિલર, સમાદ અને આવેશને આઉટ કર્યા.ટ્રેન્ટ બોલ્ટે મિચેલ માર્શ અને આયુષ બદોનીને કેચ કરાવ્યો. વિલ જેક્સે નિકોલસ પૂરન અને રિષભ પંતને કેચ કરાવ્યો. એડન માર્કરમ 9 રન બનાવીને આઉટ થયો. તેને જસપ્રીત બુમરાહે નમન ધીરના હાથે કેચ કરાવ્યો.લાઈવ અપડેટ્સ11 મિનિટ પેહલાબુમરાહને 1 ઓવરમાં 3 વિકેટ ઝડપીલખનઉએ 16મી ઓવરમાં 3 વિકેટ ગુમાવી. ઓવરના બીજા બોલે જસપ્રીત બુમરાહે લેગ સ્ટમ્પ પર ફુલ ટોસ ફેંક્યો. ડેવિડ મિલરે શોટ રમ્યો, પરંતુ ડીપ મિડ વિકેટ પર કોર્બિન બોશના હાથે કેચ થઈ ગયો. મિલરે 24 રન બનાવ્યા. બુમરાહે પાંચમા બોલે અબ્દુલ સમદ અને છઠ્ઠા બોલે આવેશ ખાનને બોલ્ડ કર્યા.16 મિનિટ પેહલાબોલ્ટને બીજી વિકેટ મળી15મી ઓવરમાં લખનઉએ પાંચમી વિકેટ ગુમાવી. ઓવરના બીજી બોલે ટ્રેન્ટ બોલ્ટે સ્લોઅર બાઉન્સર ફેંક્યો. આયુષ બદોની થર્ડ મેન ઉપરથી રમવા ગયો, પરંતુ પોઈન્ટ પોઝિશન પર કેચ થયો. બદોનીએ 22 બોલમાં 35 રન બનાવ્યા.31 મિનિટ પેહલામાર્શ 34 રન બનાવીને આઉટ12મી ઓવરમાં લખનઉએ ચોથી વિકેટ ગુમાવી. ઓવરના બીજા બોલે ટ્રેન્ટ બોલ્ટે સ્લોઅર બાઉન્સર ફેંક્યો. મિચેલ માર્શ મોટો શોટ રમવા ગયો, પરંતુ ડીપ સ્ક્વેર લેગ પર તિલક વર્માના હાથે કેચ થઈ ગયો. માર્શે 24 બોલમાં 34 રન બનાવ્યા.32 મિનિટ પેહલાકર્ણ શર્માની ઓવરમાં 20 રન બન્યાલેગ સ્પિનર કર્ણ શર્માએ મુંબઈ તરફથી ઈનિંગની 10મી ઓવર ફેંકી. તેની ઓવરમાં આયુષે 2 છગ્ગા અને 1 ચોગ્ગો ફટકારીને 20 રન બનાવ મિનિટ પેહલાપંત 4 જ રન બનાવી શક્યોવિલ જેક્સે સાતમી ઓવરમાં 3 બોલની અંદર 2 વિકેટ લીધી. તેણે ઓવરની પહેલી બોલે નિકોલસ પૂરનને પેવેલિયન મોકલ્યો. પછી ત્રીજા બોલે રિષભ પંતને પણ કેચ કરાવ્યો. પંત 4 જ રન બનાવી શક્યો.59 મિનિટ પેહલાનિકોલસ પૂરન કેચ



આઉટસાતમી ઓવરના પહેલા બોલે મુંબઈ ઈન્ડિયન્સને મોટી વિકેટ મળી. વિલ જેક્સે ગુડ લેન્થ પર બોલ ફેંક્યો. નિકોલસ પૂરન મોટો શોટ રમવા ગયો, પરંતુ લોંગ ઓફ પર સૂર્યકુમાર યાદવના હાથે કેચ થઈ ગયો. તેણે 15 બોલમાં 27 રન બનાવ્યા.06:15 PM27 એપ્રિલ 2025LSGએ પાવરપ્લેમાં 60 રન બનાવ્યાલખનઉ સુપરજાયન્ટ્સે પાવરપ્લેની છઠ્ઠી અને છેલ્લી ઓવરમાં 20 રન બનાવ્યા. ઓવરમાં નિકોલસ પૂરને દીપક ચહર સામે સતત 3 છગ્ગા ફટકાર્યા. ઓવરમાં એક સિંગલ અને એક વાઈડ બોલ પણ આવ્યો. 6 ઓવર પછી લખનઉનો સ્કોર 1 વિકેટના નુકસાન પર 60 રન રહ્યો.05:49 PM27 એપ્રિલ 2025લખનઉએ પહેલી ઓવરમાં 9 રન બનાવ્યાલખનઉએ પહેલી ઓવરમાં 9 રન બનાવ્યા. ટીમ તરફથી મિચેલ માર્શ અને એડન માર્કરમે ઓપનિંગ કરી. મુંબઈ માટે પહેલી ઓવર ટ્રેન્ટ બોલ્ટે કરી.05:32 PM27 એપ્રિલ 2025મુંબઈએ 215 રન બનાવ્યાલખનઉ સુપર જાયન્ટ્સ (LSG) સામે પ્રથમ બેટિંગ કરતા, મુંબઈ ઈન્ડિયન્સે 20 ઓવરમાં 7 વિકેટે 215 રન બનાવ્યા.05:18 PM27 એપ્રિલ 2025સૂર્યકુમાર યાદવ અડધી સદી ફટકાર્યા બાદ આઉટ થયોસૂર્યકુમાર યાદવ 54 રન બનાવીને આઉટ થયો છે. તે આવેશ ખાનના બોલ પર મિચેલ માર્શના હાથે કેચ આઉટ થયો હતો. આ મુંબઈની છઠ્ઠી વિકેટ હતી. આ સૂર્યાની IPLમાં 27મી ફિફ્ટી છે અને સીઝનની તેની ત્રીજી ફિફ્ટી છે.04:59 PM27 એપ્રિલ 2025મયંકે હાર્દિકને બોલ્ડ કર્યો16મી ઓવરના પહેલા બોલ પર મુંબઈની પાંચમી વિકેટ પડી ગઈ. ટીમના કેપ્ટન હાર્દિક પંડ્યાને મયંક યાદવે બોલ્ડ કર્યો હતો. હાર્દિકે 7 બોલમાં 5 રન બનાવ્યા. આ મેચમાં મયંકની બીજી વિકેટ હતી.04:50 PM27 એપ્રિલ 2025તિલક 6 રન બનાવીને આઉટ થયોતિલક વર્મા 6 રન બનાવીને આઉટ થયો. તિલકને રવિ બિશ્નોઈના બોલ પર પ્રિન્સ યાદવે કેચ કરાવ્યો હતો. આ મુંબઈની પાંચમી વિકેટ હતી.04:42 PM27 એપ્રિલ 2025વિલ જેક્સ 29 રન બનાવીને આઉટ થયો12મી ઓવરના ત્રીજા બોલ પર મુંબઈની ત્રીજી વિકેટ પડી ગઈ. પ્રિન્સ યાદવે વિલ જેક્સને બોલ્ડ કર્યો. જેક્સે 21 બોલમાં 29 રન બનાવ્યા.04:41 PM27 એપ્રિલ 2025સૂર્યાના સિક્સર સાથે મુંબઈએ 100નો સ્કોર પાર કર્યોમુંબઈ ઈન્ડિયન્સનો સ્કોર 10મી ઓવરમાં 100 રનને પાર કરી ગયો. આ ઓવરમાં મયંક યાદવે 16 રન આપ્યા. સૂર્યકુમાર યાદવે ઓવરમાં 2 ચોગ્ગા અને 1 છગ્ગો ફટકાર્યો.મયંકની ઓવરના ચોથા બોલ પર, સૂર્યકુમાર યાદવે ફાઈન લેગ પર સિક્સર ફટકારીને મુંબઈનો સ્કોર 100 ને પાર પહોંચાડ્યો.04:41 PM27 એપ્રિલ 2025દિગ્વેશે પોતાની પહેલી વિકેટ લીધી, રિકેલ્ટન આઉટ થયોમુંબઈની ઈનિંગની 9મી ઓવરમાં રાયન રિકેલ્ટન પેવેલિયન પાછો ફર્યો. ઓવરના ચોથા બોલ પર દિગ્વેશ રાઠીના હાથે આયુષ બદોનીના હાથે તેનો કેચ થયો. રિકેલ્ટને 58 રન બનાવ્યા04:40 PM27 એપ્રિલ 2025રિકેલ્ટને આ સિઝનમાં પોતાની બીજી ફિફ્ટી ફટકારીમુંબઈના ઓપનર રાયન રિકેલ્ટને તેની પ્રથમ આઈપીએલ સિઝનમાં બીજી ફિફ્ટી ફટકારી.

# RCBએ ટૉસ જીતીને બોલિંગ લીધી; જીતનાર ટીમ પોઈન્ટ્સ ટેબલમાં ટૉપ પર આવી જશે




IPL 2025માં આજે ડબલ હેડર (એક દિવસમાં 2 મેચ) રમાશે. દિવસની બીજી મેચ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાઈ રહી છે. જેમાં RCBના કેપ્ટન રજત પાટીદારે ટૉસ જીતીને પહેલા બોલિંગ લીધી છે. ટીમે પોતાની પ્લેઈંગ-11માં એક ફેરફાર કર્યો છે. ફિલ સોલ્ટના સ્થાને જેકબ બેથેલનો સમાવેશ કર્યો છે.બંને ટીમ સીઝનમાં બીજી વાર આમને-સામને થશે. પાછલી મેચમાં દિલ્હીએ બેંગલુરુને 6 વિકેટથી હરાવ્યું હતું. IPL 2025ની પોઈન્ટ્સ ટેબલમાં DC જ્યાં પોતાની 8માંથી 6 મેચ જીતીને 12 પોઈન્ટ્સ સાથે બીજા નંબર પર છે. જ્યારે, RCB 9માંથી 6 જીતીને 12 પોઈન્ટ્સ સાથે જ ત્રીજા સ્થાને છે. આ મેચમાં જે પણ ટીમ જીતશે, તે ગુજરાતને પછાડીને ટૉપ પર પહોંચી જશે.લાઈવ અપડેટ્સઅત્યારેબન્ને ટીમની પ્લેઈંગ-11દિલ્હી કેપિટલ્સ (DC): અક્ષર પટેલ (કેપ્ટન), ફાફ ડુ પ્લેસિસ, અભિષેક પોરેલ, કરુણ નાયર, કેએલ રાહુલ (વિકેટકીપર), ટ્રિસ્ટન સ્ટબ્સ, વિપરાજ નિગમ, મિચેલ સ્ટાર્ક, દુષ્મંથા ચમિરા, કુલદીપ યાદવ અને મુકેશ કુમાર.રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB): રજત પાટીદાર (કેપ્ટન), વિરાટ કોહલી, જેકબ બેથેલ, જીતેશ શર્મા (વિકેટકીપર), ટિમ ડેવિડ, કૃણાલ પંડ્યા, રોમારિયો શેફર્ડ, ભુવનેશ્વર કુમાર, સુયશ શર્મા, જોશ હેઝલવુડ અને યશ દયાલ.7 મિનિટ પેહલારજત પાટીદારે બોલિંગ પસંદ કરીબેંગલુરુના કેપ્ટન રજત પાટીદારે ટૉસ જીતીને ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો. તેમણે ટીમમાં એક ફેરફાર પણ કર્યો. ઓપનર ફિલ સોલ્ટની જગ્યાએ જેકબ બેથેલ તેમનો IPL ડેબ્યૂ કરી રહ્યા છે.દિલ્હીના કેપ્ટન અક્ષર પટેલે પણ ટીમમાં એક ફેરફાર કર્યો છે. છેલ્લા કેટલાક મેચમાં ઈજાગ્રસ્ત રહેલા ફાફ ડુ પ્લેસિસની ટીમમાં વાપસી થઈ છે.19 મિનિટ પેહલાહેડ ટુ હેડમાં બેંગલુરુ ભારેહેડ ટુ હેડમાં દિલ્હી પર બેંગલુરુ ભારે છે. બંને ટીમ વચ્ચે IPLમાં કુલ 33 મુકાબલા રમાયા છે. 20 RCBએ જીત્યા જ્યારે 12માં DCને જીત મળી. જ્યારે, 1 મેચનું પરિણામ ન નીકળી શક્યું. જ્યારે, અરુણ જેટલી સ્ટેડિયમમાં બંને ટીમ વચ્ચે 10 મુકાબલા રમાયા, 6માં RCB અને 4માં DCને જીત મળી.20 મિનિટ પેહલારાહુલે દિલ્હી માટે સૌથી વધુ રન બનાવ્યાકેએલ રાહુલ દિલ્હીનો ટૉપ સ્કોરર છે. રાહુલે છેલ્લા 7 મુકાબલામાં 153.99ની સ્ટ્રાઈક રેટથી 323 રન બનાવ્યા છે. બીજા નંબર પર અભિષેક છે. પોરેલના બેટમાંથી છેલ્લી 10 મેચમાં 150ની સ્ટ્રાઈક રેટથી 225 રન નીકળ્યા છે. કુલદીપે છેલ્લી 8 મેચમાં 12 વિકેટ ઝડપી છે.20 મિનિટ પેહલાહેઝલવુડ RCBનો ટૉપ બોલરવિરાટ કોહલી ટીમનો ટૉપ સ્કોરર છે. તેણે 9 મેચમાં 392 રન બનાવ્યા છે. જોશ હેઝલવુડ RCBનો ટૉપ બોલર છે. હેઝલવુડે છેલ્લી 9 મેચમાં 16 વિકેટ પોતાના નામે કરી છે.20 મિનિટ પેહલાપિચ રિપોર્ટઅરુણ જેટલી સ્ટેડિયમની પિચ બેટર્સ માટે શ્રેષ્ઠ રહેશે. અહીં IPLમાં અત્યાર સુધી કુલ 91 મુકાબલા રમાયા છે. આમાંથી પહેલા બેટિંગ કરનાર ટીમે 44 મેચ તો ચેઝ કરનાર ટીમે 46 મુકાબલા જીત્યા. એક મુકાબલો અનિર્ણીત પણ રહ્યો. આ સ્ટેડિયમનો હાઈએસ્ટ ટીમ સ્કોર 266/7 છે, જે ગયા સીઝનમાં સનરાઈઝર્સ હૈદરાબાદે દિલ્હી કેપિટલ્સ સામે બનાવ્યો હતો.21 મિનિટ પેહલાવેધર કંડિશનમેચના દિવસે દિલ્હીમાં ખૂબ ગરમી રહેશે. વરસાદની બિલકુલ શક્યતા નથી.



# અંતિમ સંસ્કારમાં અઢી લાખ લોકો જોડાયા, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સહિત 170 દેશોના પ્રતિનિધિ અંતિમ દર્શનમાં પહોંચ્યા



ખ્રિસ્તી કેથોલિક ધર્મગુરુ પોપ ફ્રાન્સિસના પાર્થિવ દેહને રોમના સાંતા મારિયા મેગિયોરે બેસિલિકામાં દફનાવવામાં આવ્યો છે. પાર્થિવદેહને દફનાવતા પહેલા અહીં એક નાની પ્રાર્થના રાખવામાં આવી હતી. પોપને દફનાવવાની પ્રક્રિયાનું લાઈવ ટેલીકાસ્ટ કરવામાં આવ્યું નહોતું.

આ જગ્યા સેન્ટ પીટર્સ સ્ક્વેરથી લગભગ 4 કિલોમીટર દૂર છે. પોપ ફ્રાન્સિસે તેમની અંતિમ ઈચ્છામાં કહ્યું હતું કે તેમને એક સાધારણ કબરમાં દફનાવવામાં આવે, જેના પર માત્ર Franciscus (તેમના નામ ફ્રાન્સિસનું લેટિન સ્વરૂપ) લખેલું હોય.

સેન્ટ પીટર્સ સ્ક્વેર પર પોપની અંતિમવિધિની રસમો 1:30 વાગ્યેથી શરૂ થઈને લગભગ ત્રણ કલાક ચાલી. તેમના પાર્થિવ દેહને સેન્ટ પીટર્સ બેસિલિકામાંથી બહાર લાવીને સેન્ટ પીટર્સ સ્ક્વેરમાં રાખવામાં આવ્યો, જ્યાં પ્રાર્થના સભાનું આયોજન થયું. પોપની અંતિમવિધિમાં અઢી લાખ લોકો એકત્રિત થયા.



170 દેશોના પ્રતિનિધિઓ પોપના અંતિમ દર્શન કરવા પહોંચ્યા. આમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર મિલેઈ, બ્રિટનના વડાપ્રધાન કીર સ્ટારમર અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોં સામેલ હતા.

પોપનું 21 એપ્રિલે 88 વર્ષની ઉંમરે સ્ટ્રોક અને હાર્ટ ફેલ્યોરથી નિધન થયું હતું. છેલ્લા ત્રણ દિવસથી તેમના પાર્થિવ દેહને તાબૂતમાં અંતિમ દર્શન માટે સેન્ટ પીટર્સ બેસિલિકામાં રાખવામાં આવ્યો હતો.

# અબ્બાસીએ કહ્યું- 130 મિસાઈલો ભારત માટે જ છે, ખાલી બતાવવા માટે નથી રાખી; સિંધુનું પાણી રોક્યું તો યુદ્ધ માટે તૈયાર રહો

પાકિસ્તાનના રેલવે મંત્રી હનીફ અબ્બાસીએ ભારત પર પરમાણુ બોમ્બ હુમલો કરવાની ધમકી આપી હતી. તેમણે કહ્યું કે, અમે શાહીન, ઘોરી અને ગઝનવી જેવી 130 મિસાઈલો ભારત માટે જ રાખી છે.જો ભારત સિંધુ જળ સંધિ રોકશે, તો અમે તેના શ્વાસ રોકી દઈશું. ભારતે યુદ્ધ માટે તૈયાર રહે. પાકિસ્તાને પરમાણુ શસ્ત્રો ખાલી બતાવવા માટે રાખ્યા નથી.અબ્બાસીએ કહ્યું કે અમે આ મિસાઈલોને મોડેલ તરીકે રાખી નથી, તેનું નિશાન ભારત તરફ છે. ભારત પણ જાણે છે કે અમારી પાસે પણ શસ્ત્રો છે, તેથી જ તેઓ અમારા પર હુમલો કરી રહ્યા નથી.હનીફ અબ્બાસીએ કહ્યું- પાકિસ્તાને પરમાણુ શસ્ત્રો ખાલી બતાવવા માટે રાખ્યા નથી.હનીફ અબ્બાસીએ કહ્યું- પાકિસ્તાને પરમાણુ શસ્ત્રો ખાલી બતાવવા માટે રાખ્યા નથી.અબ્બાસીએ કહ્યું- ભારત પોતાની ખામીઓ માટે અમને દોષી ઠેરવી રહ્યું છેઅબ્બાસીએ કહ્યું કે ભારત પોતાની સુરક્ષામાં રહેલી ખામીઓને સ્વીકારવાને



બદલે પહેલગામ હુમલા માટે પાકિસ્તાનને દોષી ઠેરવી રહ્યું છે. ઈસ્લામાબાદ તેની સામે લેવામાં આવતી કોઈપણ આર્થિક કાર્યવાહીનો સામનો કરવા તૈયાર છે.હનીફ અબ્બાસીએ પાકિસ્તાનને પાણી પુરવઠો બંધ કરવા અને વેપાર સંબંધો સમાપ્ત કરવાના ભારતના પગલાની મજાક ઉડાવી હતી.તેમણે કહ્યું કે પાકિસ્તાને ભારત માટે પોતાની એર સ્પેસ બંધ કરી દીધી છે. આના કારણે, ભારતનો ઉડ્ડયન ઉદ્યોગ માત્ર બે દિવસમાં જ મુશ્કેલીમાં મુકાઈ ગયો. ભારતને પોતાની ભૂલનો અહેસાસ થયો છે. જો અમે 10 દિવસ માટે એરસ્પેસ બંધ રાખીશું, તો ભારતીય એરલાઈન્સ નાદાર થઈ જશે.પહેલગામ હુમલા બાદ ભારતે જળ સંધિ સ્થગિત કરી22 એપ્રિલના રોજ, પહેલગામ નજીક બૈસરન ઘાટીમાં આતંકવાદીઓએ 26 પ્રવાસીઓની હત્યા કરી હતી. તેમાં એક નેપાળી નાગરિક પણ હતો. 10થી વધુ લોકો ઘાયલ થયા હતા. આ પછી, 23 એપ્રિલે, કેન્દ્ર સરકારે જળ સંધિ મુલતવી રાખવા સહિત 5 મોટા નિર્ણયો લીધા.શુક્રવારે જળ શક્તિ મંત્રાલયની પાકિસ્તાન સાથે 'સિંધુ જળ સંધિ મુલતવી રાખવા' અંગે એક બેઠક યોજાઈ હતી. તેને 3 તબક્કામાં પૂર્ણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બેઠક બાદ કેન્દ્રીય જળશક્તિ મંત્રી સીઆર પાટીલે જણાવ્યું હતું કે આ અંગે ત્રણ પ્રકારની વ્યૂહરચના બનાવવામાં આવી રહી છે. પાકિસ્તાનને એક ટીપું પણ પાણી નહીં મળે.આ બેઠક કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નિવાસસ્થાને થઈ હતી. વિદેશ મંત્રી એસ જયશંકર અને જળ ઉર્જા મંત્રી સીઆર પાટીલે તેમાં સામેલ હતા. જો કે 3 તબક્કાઓ અને 3 પ્રકારની વ્યૂહરચના વિશે કોઈ માહિતી આપવામાં આવી નથી.આ તરફ પાકિસ્તાને સિંધુ જળ સંધિના રદને યુદ્ધનું કૃત્ય ગણાવ્યું છે. પાકિસ્તાન સરકારે કહ્યું કે જો ભારત સિંધુ જળ સંધિ રોકે છે, તો તેને યુદ્ધની કાર્યવાહી માનવામાં આવશે.1960માં સિંધુ જળ સંધિ પર હસ્તાક્ષર થયા હતા, 65 વર્ષ પછી સ્થગિતઆ કરાર 1960માં ભારતના વડાપ્રધાન જવાહરલાલ નહેરુ અને પાકિસ્તાનના રાષ્ટ્રપતિ ઐયુબ ખાન વચ્ચે થયો હતો. કરારમાં સિંધુ બેસિનમાંથી વહેતી છ નદીને પૂર્વ અને પશ્ચિમ ભાગોમાં વહેંચવામાં આવી હતી.પૂર્વીય નદીઓ રાવી, બિયાસ અને સતલજના પાણી પર ભારતનો સંપૂર્ણ અધિકાર છે. ભારત પશ્ચિમી નદીઓ સિંધુ, ચિનાબ અને ઝેલમનું 20% પાણી રોકી શકે છે.પાકિસ્તાની મંત્રીઓ અને અધિકારીઓ સતત વિવાદાસ્પદ નિવેદનો આપી રહ્યા છેપહેલગામ હુમલા અંગે ભારતે પાકિસ્તાન સાથે સિંધુ જળ સંધિ સમાપ્ત કર્યા પછી, પાકિસ્તાની મંત્રીઓ અને અધિકારીઓ સતત વિવાદાસ્પદ નિવેદનો આપી રહ્યા છે. છેલ્લા એક અઠવાડિયામાં પાકિસ્તાન દ્વારા આપવામાં આવેલા કેટલાક વિવાદાસ્પદ નિવેદનો વાંચો...26 એપ્રિલઃ પાકિસ્તાનના આર્મી ચીફ જનરલ અસીમ મુનીરમુનીરે શનિવારે દ્વિ-રાષ્ટ્ર સિદ્ધાંત પર નિવેદન આપ્યું. તેમણે કહ્યું કે મુસ્લિમો અને હિન્દુઓ બે અલગ અલગ રાષ્ટ્રો છે. મુનીર ખૈબર-પખ્તુનખ્વા પ્રાંતના કાકુલ વિસ્તારમાં પાકિસ્તાન મિલિટરી એકેડેમી (PMA) ખાતે કેડેટ્સની પાસિંગ આઉટ પરેડને સંબોધિત કરી રહ્યા હતા.

# અધિકારીઓએ 3 બેઠકો યોજી, હજુ સુધી કોઇ જાહેરાત નથી; ભૂલથી સરહદ પાર કરી હતી

23 એપ્રિલના રોજ પાકિસ્તાની સેનાએ પંજાબના ફિરોઝપુરમાં ભૂલથી સરહદ પાર કરવા બદલ BSFના એક જવાનની ધરપકડ કરી હતી. ધરપકડને 80 કલાકથી વધુ સમય વીતી ગયો છે, પરંતુ BSF જવાનને મુક્ત કરવામાં આવ્યો નથી.23 એપ્રિલના રોજ બપોરે, BSF ની 182મી બટાલિયનના કોન્સ્ટેબલ પીકે સિંહ ખેડૂતો સાથે ફરજ પર હતા. કહેવામાં આવ્યું હતું કે ફરજ દરમિયાન તે છાયામાં આરામ કરવા માટે આગળ ગયો, જેના કારણે તે ભૂલથી પાકિસ્તાની સરહદમાં ઘૂસી ગયો હતો. આ દરમિયાન પાકિસ્તાન રેન્જર્સે તેને પકડી લીધો.પાકિસ્તાની સેનાએ કહ્યું- BSF જવાન વિશે કોઈ માહિતી નથી બીએસએફએ તાત્કાલિક સૈનિકને પરત લાવવાના પ્રયાસો શરૂ કર્યા. અત્યાર સુધીમાં બંને દેશોના



અધિકારીઓ વચ્ચે ત્રણ ફ્લેગ મીટિંગ થઈ ચૂકી છે. પરંતુ સૈનિકને હજુ સુધી મુક્ત કરવામાં આવ્યો નથી.પાકિસ્તાને હાલમાં સૈનિકને પરત કરવાનો ઈનકાર કરી દીધો છે અને કહ્યું છે કે તેમને ધરપકડ કરાયેલ સૈનિકના સ્થાન વિશે કોઈ માહિતી નથી. આ ઘટના બાદ, BSF એ ભારત-પાકિસ્તાન સરહદ પર તૈનાત તમામ યુનિટને હાઈ એલર્ટ પર રાખ્યા છે.ધરપકડ સમયે, BSF જવાન પીકે સિંહ સર્વિસ રાઈફલ સાથે સેનાના ગણવેશમાં હતા.ધરપકડ સમયે, BSF જવાન પીકે સિંહ સર્વિસ રાઈફલ સાથે સેનાના ગણવેશમાં હતા.BSF એ ફિલ્ડ કમાન્ડર સ્તરની ફ્લેગ મીટિંગની માગ કરી બીએસએફે પાકિસ્તાની સૈનિકો સાથે ફરી એક ફિલ્ડ કમાન્ડર સ્તરની ફ્લેગ મીટિંગની માગ કરી છે. ભારતીય અધિકારીઓએ જણાવ્યું હતું કે આ બેઠક ટૂંક સમયમાં થવાની અપેક્ષા છે. બીએસએફના મહાનિર્દેશકે કેન્દ્રીય ગૃહ સચિવને સમગ્ર ઘટના અને સૈનિકની સુરક્ષિત વાપસી માટે લેવામાં આવી રહેલા પગલાં વિશે માહિતી આપી છે.

# રાજકોટમાં પહલગામ હુમલાના મૃતકોનો મલાજો ન જળવાયો, ભાજપ મહિલા મોરચાનો કાર્યક્રમ વિવાદમાં




ગોંડલમાં ગણેશ જાડેજા અને અલ્પેશ કથિરિયા વચ્ચેના શાબ્દિક યુદ્ધ બાદ સામાજીક અને રાજકીય ઘમાસાણ શરૂ થઈ ગયું છે. સુલતાનપુરની જનાક્રોશ સભામાં ગણેશ જાડેજાના પડકાર બાદ પાટીદાર આગેવાન અલ્પેશ કથિરિયા અને જીગીશા પટેલની મુલાકાતને લઈને કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યું હતું. આ મુલાકાતમાં અનેક લોકો અલ્પેશના સમર્થનમાં આવ્યા હતાં, ત્યારે ઘણાં લોકો તેની વિરોધમાં દેખાવ કરતા જોવા મળ્યા હતાં. જોકે, આ દરમિયાન તેમણે આશાપુરા મંદિરથી દર્શન કરીને નીકળ્યા બાદ અલ્પેશ કથિરિયાની ગાડી પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં તેની ગાડીના કાચ તોડી નાંખવામાં આવ્યા છે. આ જ તો મિર્ઝાપુર છેઃ અલ્પેશ કથિરિયા અલ્પેશ કથિરિયાએ આ વિરોધ અને હુમલા વિશે વાત કરતાં કહ્યું કે, 'જ્યાં સુધી અમે ગોંડલમાં રહેશું ત્યાં સુધી વિરોધ થશે. આ જ તો મિર્ઝાપુર છે. ગોંડલમાં કોઈ વ્યક્તિ આવવા ન જોઈએ. આવે તો હુમલા કરવાના. તેના માણસો, ગાડી અને પરિવારને નુકસાન કરવાનું. ગોંડલમાં કાયદા-વ્યવસ્થાની પરિસ્થિતિને અમુક વ્યક્તિઓના ઈશારે નચાવવામાં આવી રહી છે.' ચેલેન્જ સ્વીકારી પહોંચ્યા ગોંડલ રાજકોટના ગોંડલમાં છેલ્લા કેટલાક સમયથી ગણેશ જાડેજા (ગોંડલ) અને અલ્પેશ કથિરિયા વચ્ચે વાકયુદ્ધ ચાલી રહ્યું છે. જેના લીધે ગોંડલના રાજકારણમાં ગરમાયો આવ્યો છે. ત્યારે MLA પુત્ર ગણેશ જાડેજા બે દિવસ પહેલાં આડકતરી રીતે અલ્પેશ કથિરિયા અને વરૂણ પટેલને ગોંડલ આવવાની વાત કરી હતી. જેને લઈને હવે અલ્પેશ કથિરિયાએ ચેલેન્જ સ્વીકારી સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું હતું કે "ગોંડલ, સ્વાગતની કરો તૈયારી..." આખા ગોંડલમાં ફરવા આવીએ છીએ.' આજે અલ્પેશ કથિરિયા અને જીગીશા પટેલ ગોંડલની મુલાકાતે પહોંચ્યા છે. માનું ધાવણ ધાવ્યાં હો તો આવી જાઓ મેદાનમાંઃ ગણેશ જાડેજાબે દિવસ પહેલાં સુલતાનપુરમાં યોજાયેલી એક જાહેરસભામાં ગણેશ જાડેજાએ ચીમકી ઉચ્ચારતો ખુલ્લો પડકાર ફેંક્યો હતો. આ પડકાર આડકતરી રીતે અલ્પેશ કથિરિયા અને વરૂણ પટેલ માટે હતો. ગણેશ ગોંડલે કહ્યું હતું કે હું અને અલ્પેશ ઢોલરિયા ગોંડલમાં જ રહીએ છીએ. માનું ધાવણ ધાવ્યાં હો તો આવી જાઓ મેદાનમાં. મારી ગાડી 2 વાગે ગોંડલમાં જોવા મળશે. જો હિંમત હોય તો કાર્યકર્તાઓનો કોલર પણ પકડીને બતાવો, હું વાવાઝોડાની જેમ ન આવું તો કહેજો... 200 કિલોમીટર દૂરથી વીડિયો બનાવીને રમત ન રમશો. આ કાર્યક્રમમાં ગણેશ જાડેજાએ અલ્પેશ કથિરિયા, વરૂણ પટેલ, મેહુલ બોઘરા અને જિગીશા પટેલ વિરૂદ્ધ નારા લગાવ્યા હતા.

# મોરબીમાં ખુલ્લી કુંડીમાં અને લુવારા ગામે કૂવામાં ડૂબી જતા 2 બાળકોના મોત



સૌરાષ્ટ્રમાં ગફલતના કારણે નાના ભલકાઓ ડૂબી જવાની ઘટનાઓવધ ીરહી છે. ત્યારે મોરબી, અને સાવરકુંડલા પંથકમાં બે બાળકો ડૂબી જવાની કમનસીબ ઘટનાઓ બની છે. મોરબીન ાનવલખી ફાટક પાસે ગંદા પાણીની કુંડીમાં એક બાળક પડી જતા મૃત્યુ થયું છે. બીજા બનાવમાં સાવરકુંડલા તલુકાના લુવારા ગામની સીમના કૂવામાં બે વર્ષનું બાળક ડૂબી જતા મોત નીપજ્યું છે. મોરબી શહેરમાં અનેક ખુલ્લી કુંડીઓ છે જેમાં છાશવારે અબોલ પશુ અને બાળકો પડી જવાની ઘટના બનતી રહે છે આવી જ ઘટના આજે નવલખી રોડ પર બની હતી જ્યાં છ વર્ષનું માસૂમ બાળક ખુલ્લા નાલાની કુંડીમાં પડી જતા મોત થયું હતું. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મોરબીના નવલખી રોડ પર લક્ષ્મીનારાયણ સોસાયટીમાં રહેતા રવિ સનાભાઇ નાયક (ઉ.વ.૦૬) નામનું બાળક નવલખી ફાટક પાસે સેન્ટ મેરી સ્કૂલના દરવાજા પાસે આવેલ ૮ / ૮ ફૂટની ખુલ્લી નાલાની કુંડીમાં પડી જતા બાળકનું કરુણ મોત થયું હતું બાળક ગટરમાં પડી જતા ગટરનું પાણી પી ગયો હતો અને બાળકનું મોત થયાની માહિતી સુત્રોમાંથી પ્રાપ્ત થઇ છે. બનાવને પગલે સ્થળ પર લોકોના ટોળા એકત્ર થયા હતા અને માસૂમ બાળકના મોતને પગલે પરિવારમાં હૈયાફાટ રૂદનના દ્રશ્યો જોવા મળ્યા હતા ખુલ્લા નાલાની કુંડીમાં પાણી અને કચરો હતો અને તેમાં બાળક પડી જતા મોત થયું હતું સ્થાનિકોના જણાવ્યા અનુસાર અગાઉ પણ તંત્રને રજૂઆત કરી છે છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી અને તંત્રની બેદરકારીએ માસૂમ બાળકનો ભોગ લીધો છે બનાવને પગલે પોલીસ ટીમ દોડી ગઈ છે અને બનાવની વધુ તપાસ ચલાવી છે. ેબીજા કમનસીબ બનાવમાં સાવરકુંડલાના લુવારા ગામની સિમમાં આવેલછગનભાઈ છીંછરાના કુવામાં કોઈ ડૂબી ગયાની ઘટના અંગે અમરેલી ફાયર કંટ્રોલને જાણ થતા અમરેલી તેમજ સાવર કુંડલા ફાયર ટીમ ઘટના સ્થળે દોડી ગયેલ હતી. અને ફકત પંદર મિનિટમાંજ લાશને બહાર કાઢવામાં આવેલ હતી. લાશની ઓળખ કરવામાં આવતા વિશાલ ચંદુભાઈ નાયકા ઉ.વ.2ની હોવાનું જાણવા મળેલ હતું. ઘટના અંગે પોલીસે તપાસ હાથ ધરેલ હતી.

# કલ્યાણપુર તાલુકાના બે સોશિયલ મીડિયા પ્રમોટર્સની સાયબર ક્રાઈમ મામલે ધરપકડ

મેટોડા જીઆઈડીસી ગેટ નંબર-2 સામે શ્રીનાથજી સોસાયટીમાં રહેતા નિવૃત્ત આર્મીમેન રાજાભાઈ બાવનજીભાઈ રાઠોડ (ઉ.વ. 59) તેમના પત્નિ જયશ્રીબેન અને પુત્ર અમિત ઉપર તે જ વિસ્તારમાં રહેતા અવિનાશ દાસ, ધવલ, કેવલ, ભરત રાઠોડ અને યાજ્ઞીક જરવરીયા નામના શખ્સોએ ડી.જે. વગાડવાની ના પાડવાના મુદ્દે મકાન ઉપર પથ્થરમારો કરી ધોકા અને તલવાર વડે હુમલો કરી ઈજા કરી શેરીમાં પાર્ક ત્રણ વાહનોમાં તોડફોડ કર્યાની મેટોડા જીઆઈડીસી પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ છે. રાજાભાઈએ પોલીસને જણાવ્યું કે, ગઈકાલે રાત્રે તે પરિવારજનો સાથે ઘરે હતા ત્યારે સોસાયટીમાં રાત્રે સવા બારેક વાગ્યે ડી.જે. વાગતું હોવાથી બહાર નિકળીને જોતા આરોપી અવિનાશ,યાજ્ઞીક અને ભરત સહિતનાં ડી.જે. વગાડવા સાથે ડાન્સ કરતા હતાં. જેથી તેણે આરોપીને ડી.જે. બંધ કરી દેવાનું કહેતા ઉશ્કેરાયેલા અવિનાશે તેને ડી.જે. બંધ નહી થાય, થાય તે કરી લો, કહી ગાળો આપી હતી. જેને લઈ તે પરત ઘરમાં જતા રહ્યાં હતાં. થોડીવાર બાદ આરોપીઓએ તેના ઘરની સામે ધસી જઈ ઘર ઉપર પથ્થરમારો ચાલુ કર્યો હતો. આથી તેણે બહાર નીકળી આરોપીને સમજાવતા હાથમાં ધોકા સાથે ઉભેલા કેવલે એક.

# ગૃહમંત્રી-પોલીસને ખુલ્લી ચેલેન્જ આપી હોય તેમ ગણેશ જાડેજા અને અલ્પેશ કથિરિયાનું ગોંડલમાં ઘમસાણ




રાજકોટના ગોંડલમાં ગણેશ જાડેજા અને અલ્પેશ કથરિયાના શાબ્દિક યુદ્ધે હિંસાનું સ્વરૂપ લઈ લીધું હતું. એકબાજુ ગણેશ જાડેજાના સમર્થકોએ અલ્પેશ કથિરિયાની ગાડી પર હુમલો કર્યો હતો અને જીગીશા પટેલ સામે પણ ઉગ્રતાથી વિરોધ કર્યો. ત્યાં બીજી બાજું જીગીશા પટેલ અને અલ્પેશ કથિરિયાના સમર્થકો પણ 'જય સરદાર'ના નારા સાથે ઉગ્ર વિરોધ નોંધાવ્યો. વહેલી સવારથી ગોંડલની સ્થિતિ એવી જોવા મળી છે, જાણે અહીં કાયદો અને વ્યવસ્થા નામની કોઈ વસ્તુ જ નથી. બંને પક્ષના સમર્થકો જાણે ગૃહમંત્રી અને પોલીસને ખુલ્લી ચેલેન્જ આપતા હોય તે રીતે રાજકીય ઘમાસાણ અને હિંસક વિરોધ પ્રદર્શનો જોવા મળ્યા. આ સિવાય ગોંડલના ધારાસભ્ય ગીતાબાએ સંપૂર્ણ ઘટના પર મૌન સેવી મૂકપ્રેક્ષક બનીને જોઈ રહ્યા હતાં અને તેમના પતિ અને દીકરો જાણે ગોંડલના જન પ્રતિનિધિ હોય તે પ્રકારે નિવેદનો આપતા જોવા મળ્યા હતાં. અલ્પેશ કથિરિયાની ગાડી પર હુમલો સુલતાનપુરની જનાક્રોશ સભામાં ગણેશ જાડેજાના પડકાર બાદ પાટીદાર આગેવાન અલ્પેશ કથિરિયા અને જીગીશા પટેલની મુલાકાતને લઈને કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હોવાનો દાવો કરાયો હતો. આ મુલાકાતમાં અનેક લોકો અલ્પેશના સમર્થનમાં આવ્યા હતાં, ત્યારે ઘણાં લોકો તેની વિરોધમાં દેખાવ કરતા જોવા મળ્યા હતાં. જોકે, આ દરમિયાન આશાપુરા મંદિરથી દર્શન કરીને નીકળ્યા બાદ અલ્પેશ કથિરિયાની ગાડી પર હુમલો કરવામાં આવ્યો હતો. કડક પોલીસ બંદોબસ્ત હોવા છતાં આ હુમલામાં તેની ગાડીના કાચ તોડી નાંખવામાં આવ્યા હતા. હુમલા બાદ અલ્પેશ કથિરિયાએ કહ્યું કે, 'જ્યાં સુધી અમે ગોંડલમાં રહેશું ત્યાં સુધી વિરોધ થશે. આ જ તો મિર્ઝાપુર છે, ગોંડલમાં કોઈ વ્યક્તિ આવવા ન જોઈએ. આવે તો હુમલા કરવાના, તેના માણસો, ગાડી અને પરિવારને નુકસાન કરવાનું, ગોંડલમાં કાયદા-વ્યવસ્થાની પરિસ્થિતિને અમુક વ્યક્તિઓના ઈશારે નચાવવામાં આવી રહી છે.' જીગીશા પટેલે વિરોધીઓનું કર્યું સન્માન આ સિવાય જીગીશા પટેલનો પણ ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. લોકો કાળા કપડાં પહેરી જીગીશા પટેલને જાતિવાદિ કહીને તેનો વિરોધ કરી રહ્યા હતા. મહિલાઓ છાજીયા લઈને તેનો વિરોધ કરી રહી હતી. એવામાં જીગીશા પટેલે આ તમામનો ગાંધીગીરીથી સામનો કર્યો હતો. જીગીશા પટેલે તમામ વિરોધ કરનારાઓને ફૂલની માળા પહેરાવી હતી. જોકે, આ દરમિયાન દેખાવકારો ઉગ્ર જોવા મળી રહ્યા હતાં. બીજી બાજું જીગીશા પટેલના સમર્થકો પણ જોરશોરથી 'જય સરદાર'ના નારા લગાવી રહ્યા હતાં. કોઈના બાપનું ગોંડલ નથીઃ જીગીશા પટેલ પોતાનો સામેના વિરોધના જવાબ રૂપે જીગીશા પટેલ પણ મેદાને ઉતર્યા અને કહ્યું કે, 'જીગીશા પટેલ ગોંડલ આવે તો કોઈને શું કામ તકલીફ હોય? ગોંડલ કોઈના બાપનું છે? અહીં રાજાશાહી નથી. આ લોકશાહીથી ચાલતો દેશ છે અને ગોંડલ ભારતનું અભિન્ન અંગ છે, ત્યાં જવાનો અધિકાર દરેકનો છે. મારા પર જાતિવાદના આરોપ લગાવે છે પરંતુ, જાતિવાદની વાત જ નથી. કારણ કે, જ્યારે ક્ષત્રિય આંદોલન થયું ત્યારે આ લોકો રાજકીય રોટલા શેકતા હતાં અને ત્યારે હું ક્ષત્રિય બહેનો સાથે હતી.' ગણેશ જાડેજાનો નવો પડકાર સમગ્ર વિરોધ પર ગણેશ જાડેજાએ પણ જનસભા કરી મીડિયા વચ્ચે અલ્પેશ કથિરિયા અને જીગીશા પટેલને ફરી એકવાર પડકાર ફેંક્યો હતો અને કહ્યું કે, 'ગોંડલની જનતા અને ગોંડલની અઢારેય વર્ણની તાકાત અને ગબ્બર નહીં પણ ગદ્દાર માનસિકતા ધરાવતા અલ્પેશ કથિરિયા અને જાતિવાદિ માનસિકતા ધરાવતા જીગીશા પટેલે ગોંડલ મૂકીનું મેદાન છોડવું પડ્યું છે. મારા પરિવાર અને ગોંડલની જનતાએ તેમને જવાબ આપ્યો છે. મારે આ લોકોને જવાબ નથી આપવો કારણ કે, ગોંડલની જનતાએ તેમને જવાબ આપી દીધો છે.

# કલ્યાણપુરના સણોસરી ગામે ખેતીકામના મજુરો મોકલવાનું કહી 26 હજારની ઠગાઈ

## 1930માં શોધ, 1934માં નામકરણ, 2011ના GI ટેગ મળ્યો : પ્રથમ દિવસે 14,500 બોક્સની આવક, રૂા. 650-1500ના ભાવે સોદા : ક્લાઈમેટ ચેન્જથી ઉત્પાદન ગત વર્ષ કરતા ઓછુ થવા અંદાજ



કુદરતી પાકવાથી કેસરિયો રંગ અને મધુર સ્વાદથી દેશ-વિદેશમાં સૌરાષ્ટ્રની ઓળખ બની ગયેલી ગીર પંથકની કેસર કેરીની સીઝનનો આજ તા.૨૬ એપ્રિલથી આરંભ થયો છે.

તાલાલા માર્કેટ યાર્ડમાં આજે પરંપરાગત રીતે કેસર કેરીની હરાજીનો આરંભ થયો હતો અને પ્રથમ દિવસે 14,500 બોક્સ (પ્રત્યેક 10 કિલોના) આવક નોંધાઈ છે અને ગત વર્ષ કરતા પ્રતિ બોક્સ રૂા. 150થી 200 વધુ ભાવ એટલે કે પ્રતિ બોક્સના રૂા.૬૫૦થી ૧૫૦૦ના ભાવ ખેડૂતોને મળ્યા હતા. આઝાદીપૂર્વે ઈ.સ. 1930માં આ કેસર કેરી જુનાગઢ ગીર પંથકમાં પ્રકાશમાં આવી હતી,પ્રાપ્ત માહિતી અનુસાર આ પાકેલી કેરી નવાબના હાથમાં તેનો રંગ જોઈને 'આ તો કેસર છે ' તેમ કહેતા લોકોએ આ કેરીનું કેસરકેરી એવું નામકરણ કરી દીધુ ંહતું. આજે વિદેશોમાં પણ એક્સપોર્ટ થતી આ કેરીને ઈ.સ. 2011માં જી.આઈ. (જીઓગ્રાફીકલ ઈન્ડીકેશન) ટેગ મળ્યો છે અને ગીર કેસર તરીકે આજે આ કેરી વિશ્વવિખ્યાત છે.

ગત વર્ષ કરતા આ કેરીની સીઝનના પ્રથમ દિવસે 5750 બોક્સ સામે આ વર્ષે 14,500 બોક્સની આવક થઈ છે અને સારી ગુણવત્તાની કેરીનું રૂા. 1350ના ભાવે વેચાણ થયું હતું. પ્રથમ દિવસે તાલાલા પંથક સહિત સૌરાષ્ટ્રના વેપારીઓ ખરીદવા ઉમટયા હતા. યાર્ડના પ્રમુખ સંજય શીંગાળાએ જણાવ્યું કે ગત વર્ષે સીઝનમાં કૂલ 5,96,700 બોક્સ વેચાયા હતા પરંતુ, આ વર્ષે કેરીનો પાક ક્લાઈમેટ ચેન્જની અસરથી ઓછો છે.

હજુ સીઝન જામતી જશે તેમ આવક વધતી જશે અને ભાવ આંશિક ઘટશે પરંતુ, ગત વર્ષે સરેરાશ રૂા.૭૦ની કિલો સામે આ વર્ષે રૂા.80થી 85ની કિલો લેખે કેસર કેરી વેચાય તેવો અંદાજ છે. તેમણે ઉમેર્યું કે પાકમાં નુક્શાનીના કારણે ઘણા ખેડૂતો આંબા કાપવા લાગ્યા છે અને તે અટકાવવા સરકાર પગલા લે તેવી માંગ છે. ઉલ્લેખનીય છે કે બજારમાં પકવેલી કેરી વેચાય છે પરંતુ, સ્વાદ અને સ્વાસ્થ્ય પ્રતિ જાગૃત લોકો કેમીકલ વગરની કાચી કેસર કેરી ઘરે કાગળ,ઘાસ વગેરેમાં રાખીને પકવીને ખાતા હોય છે.

તાલાલાની 6 પેઢીએ કેરીના પ્રથમ વેચાણની રકમ ગાયો માટે આપી તાલાલા : તાલાલા (ગીર)માં કેસર કેરીની સીઝન આજથી શરૂ થતા પ્રથમ દિવસે ભોલેબાબા, ભાગ્યોદય, કિસાન, રામદુત, ભાગ્યલક્ષ્મી, અર્જૂન વગેરે નામની 6 પેઢીઓએ પરંપરાગત રીતે પ્રથમ બોક્સના વેચાણથી રૂા. 44,311 ની આવક થઈ તે ગૌમાતાને અર્પણ કરવામાં આવી હતી. તાલાલામાં આ સેવાભાવી પરંપરા વર્ષોથી ચાલે છે.

# ગોંડલમાં જીગીશા પટેલની ગાંધીગીરીઃ વિરોધીઓને હાર પહેરાવી કર્યું સન્માન



ગણેશ જાડેજા અને અલ્પેશ કથિરિયા વચ્ચેનું શાબ્દિક યુદ્ધ હવે રાજકીય અને સામાજિક ઘમાસાણ બની ગયું છે. સુલતાનપુરની જનાક્રોશ સભામાં ગણેશ જાડેજાના પડકાર બાદ અલ્પેશ કથિરિયા અને જીગીશા પટેલ ગોંડલમાં પહોંચ્યા છે. જ્યાં ગણેશ જાડેજાના સમર્થકો બંનેનો પૂરજોશથી વિરોધ કરી રહ્યા છે. વિરોધીઓએ અલ્પેશ કથિરિયાની ગાડી પર હુમલો પણ કર્યો હતો. આ દરમિયાન હવે જીગીશા પટેલની પ્રતિક્રિયા સામે આવી છે. જીગીશા પટેલે વિરોધ કરી રહેલા લોકોને હાર પહેરાવ્યા હતાં. ગોંડલમાં જીગીશા પટેલની ગાંધીગીરીઃ વિરોધીઓને હાર પહેરાવી કર્યું સન્માન 2 - imageશું હતી ઘટના? ગોંડલ પહોંચ્યા ત્યારથી અલ્પેશ કથિરિયા અને જીગીશા પટેલનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે જીગીશા પટેલ દ્વારા વિરોધીઓનો વળતો વિરોધ કરવાની બદલે તેમને હાર પહેરાવી ગાંધીગીરી કરવામાં આવી છે. બીજી બાજું જીગીશા પટેલના સમર્થકો તે હાર પહેરાવતા હતાં ત્યારે 'જય સરદાર'ના નારા લગાવી રહ્યા હતાં. 00:00/02:44આ પણ વાંચોઃ ગોંડલમાં ઘમસાણ : અલ્પેશ કથિરિયાની કાર પર હુમલો, ગણેશ જાડેજાના પડકાર બાદ પહોંચ્યા હતાઅલ્પેશ કથિરિયાની ગાડી પર હુમલોસુલતાનપુરની જનાક્રોશ સભામાં ગણેશ જાડેજાના પડકાર બાદ પાટીદાર આગેવાન અલ્પેશ કથિરિયા અને જીગીશા પટેલની મુલાકાતને લઈને કડક બંદોબસ્ત ગોઠવવામાં આવ્યું હતું. આ મુલાકાતમાં અનેક લોકો અલ્પેશના સમર્થનમાં આવ્યા હતાં, ત્યારે ઘણાં લોકો તેની વિરોધમાં દેખાવ કરતા જોવા મળ્યા હતાં. જોકે, આ દરમિયાન તેમણે આશાપુરા મંદિરથી દર્શન કરીને નીકળ્યા બાદ અલ્પેશ કથિરિયાની ગાડી પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં તેની ગાડીના કાચ તોડી નાંખવામાં આવ્યા છે. હુમલા બાદ અલ્પેશ કથિરિયાએ કહ્યું કે, 'જ્યાં સુધી અમે ગોંડલમાં રહેશું ત્યાં સુધી વિરોધ થશે. આ જ તો મિર્ઝાપુર છે. ગોંડલમાં કોઈ વ્યક્તિ આવવા ન જોઈએ. આવે તો હુમલા કરવાના. તેના માણસો, ગાડી અને પરિવારને નુકસાન કરવાનું. ગોંડલમાં કાયદા-વ્યવસ્થાની પરિસ્થિતિને અમુક વ્યક્તિઓના ઈશારે નચાવવામાં આવી રહી છે.' ચેલેન્જ સ્વીકારી પહોંચ્યા ગોંડલરાજકોટના ગોંડલમાં છેલ્લા કેટલાક સમયથી ગણેશ જાડેજા (ગોંડલ) અને અલ્પેશ કથિરિયા વચ્ચે વાકયુદ્ધ ચાલી રહ્યું છે. જેના લીધે ગોંડલના રાજકારણમાં ગરમાયો આવ્યો છે. ત્યારે MLA પુત્ર ગણેશ જાડેજા બે દિવસ પહેલાં આડકતરી રીતે અલ્પેશ કથિરિયા અને વરૂણ પટેલને ગોંડલ આવવાની વાત કરી હતી. જેને લઈને હવે અલ્પેશ કથિરિયાએ ચેલેન્જ સ્વીકારી સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું હતું કે "ગોંડલ, સ્વાગતની કરો તૈયારી..." આખા ગોંડલમાં ફરવા આવીએ છીએ.' આજે અલ્પેશ કથિરિયા અને જીગીશા પટેલ ગોંડલની મુલાકાતે પહોંચ્યા છે. આ પણ વાંચોઃ 'ગોંડલ, સ્વાગતની તૈયારી કરો'.. ગણેશ જાડેજાની ચેલેન્જ સ્વીકારી પાટીદાર યુવાનો પહોંચશેમાનું ધાવણ ધાવ્યાં હોય તો આવી જાઓ મેદાનમાંઃ ગણેશ જાડેજાબે દિવસ પહેલાં સુલતાનપુરમાં યોજાયેલી એક જાહેરસભામાં ગણેશ જાડેજાએ ચીમકી ઉચ્ચારતો ખુલ્લો પડકાર ફેંક્યો હતો. આ પડકાર આડકતરી રીતે અલ્પેશ કથિરિયા અને વરૂણ પટેલ માટે હતો. ગણેશ ગોંડલે કહ્યું હતું કે હું અને અલ્પેશ ઢોલરિયા ગોંડલમાં જ રહીએ છીએ.

Editor : **KANTILAL AMBARAMBHAI PATEL** Publisher, Printer & Owner : **DILIP NANJIBHAI PATEL**
Place of Publication : **C-255, WEST GATE COMPLEX, 150 FEET RING ROAD, NEAR RAIYA CHOWK, RAJKOT-360007 GUJARAT**
Printed At : **RP PUBLICATION, 31 A, JALARAM INDUSTRIAL ESTATE, NH 8/B, RUDA TRANSPORT NAGAR, POST: SOKHADA, RAJKOT-360003 GUJARAT**
**Editor : Responsible for selection of news under PRB Act. Mumbai Tarang (Estd 2023)**